# એકમ ૧. રાષ્ટ્રીય આવક માપન

- પ્રસ્તાવના **(Introduction)**

રાષ્ટ્રીય આવક એ સમગ્રલક્ષી (બૃહદ) અર્થશાસ્ત્રનો એક પાયાનો ખ્યાલ છે. રાષ્ટ્રીય આવકના ખ્યાલમાં સમગ્ર અર્થતંત્રની આર્થિક પ્રવૃત્તિને માપવાનો પ્રયાસ થાય છે. કોઈ પણ દેશની રાષ્ટ્રીય આવક તેના અર્થતંત્રની કામગીરીનું સરવૈયું છે. રાષ્ટ્રીય આવકથી આપણને જે-તે અર્થતંત્રની આર્થિક તબિયતનો પરિચય મળે છે.

સામાન્ય રીતે કોઈ પણ દેશમાં વર્ષ દરમિયાન પોતાની મૂડી અને શ્રમથી કુદરતી સંપત્તિનો ઉપયોગ કરીને અંતિમ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય તેના બજારમૂલ્યને રાષ્ટ્રીય આવક કહે છે.

રાષ્ટ્રીય આવકના GNP, NNP, GDP, NDP જેવા મહત્ત્વના ખ્યાલો છે. બે દેશોની સરખામણી માટે પણ તેનો ઉપયોગ થાય છે.

- રાષ્ટ્રીય આવકનો અર્થ **(Meaning of National Income)**

સામાન્ય અર્થ **:**

વર્ષ દરમિયાન દેશમાં ખેતી, ઉદ્યોગ અને સેવાના ક્ષેત્રમાં કુલ જે ઉત્પાદન થાય છે તેનું નાણાકીય મૂલ્ય તે દેશની રાષ્ટ્રીય આવક છે. આપણે જ્યારે કહીએ કે ભારતની રાષ્ટ્રીય આવક 128 લાખ કરોડ રૂપિયા છે તેનો અર્થ એ થાય કે ખેતી, ઉદ્યોગ અને સેવાના ક્ષેત્રમાં એક વર્ષ દરમિયાન 128 લાખ કરોડ રૂપિયાના ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થયું છે.

આલ્ફ્રેડ માર્શલ (ઉત્પાદન ઉપર આધારિત વ્યાખ્યા) : વર્ષ દરમિયાન દેશના શ્રમ અને મૂડીનો કુદરતી સંપત્તિ (જમીન) સાથે સહયોગ થવાથી જે ભૌતિક (દૃશ્ય) અને અભૌતિક (અદશ્ય-સેવાઓ) વસ્તુઓનું ચોખ્ખું ઉત્પાદન થાય છે તે દેશની રાષ્ટ્રીય આવક છે. પ્રો**.** માર્શલે આ વ્યાખ્યામાં ચીજવસ્તુઓ અને સેવાઓના ચોખ્ખા ઉત્પાદન ઉપર ભાર મૂક્યો છે. તેથી આ વ્યાખ્યા ઉત્પાદનલક્ષી ગણાય છે.

ઇરવિંગ ફિશર (વપરાશ ઉપર આધારિત વ્યાખ્યા) : વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ જેટલા પ્રમાણમાં વસ્તુઓ અને સેવાઓની પ્રત્યક્ષ વપરાશ કરી હોય તેના પ્રમાણને રાષ્ટ્રીય આવક કહેવાય છે. વ્યાખ્યામાં ફિશરે ભૌતિક અને અભૌતિક વસ્તુઓ-સેવાઓની વપરાશ ઉપર ભાર મૂક્યો છે તેથી આ વ્યાખ્યા વપરાશલક્ષી ગણાય છે.

એ**.** સી**.** પીગુ (નાણાં ઉપર આધારિત વ્યાખ્યા) : રાષ્ટ્રીય આવક વસ્તુઓ અને સેવાઓનો એવો પ્રવાહ છે કે જેની ચૂકવણી નાણાં દ્વારા કરવામાં આવી હોય છે અથવા જેને નાણાંમાં સહેલાઈથી રજૂ કરી શકાય છે. બીજા શબ્દોમાં કહીએ તો વિદેશી આવક સહિતની સમાજની કુલ આવક જે નાણાંની મદદ વડે સરળતાથી માપી શકાય છે તે રાષ્ટ્રીય આવક છે. આ વ્યાખ્યામાં પીંગુએ નાણાં ઉપર ભાર મુક્યો છે તેથી આ વ્યાખ્યા નાણાંલક્ષી ગણાય છે.

વિવિધ વ્યાખ્યા ઉપરથી તારણો :

(1) રાષ્ટ્રીય આવક એક વર્ષના ચોક્કસ સમયગાળામાં થયેલી આવકનું માપ છે.

(2) રાષ્ટ્રીય આવકમાં અંતિમ વસ્તુ અને સેવા ધ્યાનમાં લેવાય છે?

(3) અંતિમ વસ્તુ અને સેવાઓનું નાણાકીય મૂલ્ય રાષ્ટ્રીય આવક છે.

(4) ઘસારો બાદ કરીને રાષ્ટ્રીય આવક ગણવામાં આવે છે.

(5) વસ્તુ અને સેવાનું ઉત્પાદન અથવા વપરાશ થવી જોઈએ.

રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશ (National Income and National Product)

સામાન્ય રીતે રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશને એક જ ગણવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં બંને જુદા છે.

રાષ્ટ્રીય આવક : વર્ષ દરમિયાન ઉત્પાદનનાં ચાર સાધનોએ રાષ્ટ્રના ઉત્પાદનમાં આપેલ ફાળા બદલ તેમને મળતી કુલ આવકનો સરવાળો એ રાષ્ટ્રીય આવક છે. રાષ્ટ્રીય આવક = ભાડું + વેતન + વ્યાજ + નહો

રાષ્ટ્રીય પેદાશ : વર્ષ દરમિયાન ઉત્પાદનનાં સાધનોથી દેશનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં (ખેતી-ઉદ્યોગ-સેવા) અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદન-મૂલ્યનો સરવાળો રાષ્ટ્રીય પેદાશ છે.
વર્ષ દરમિયાન દેશમાં વિવિધ પેઢીઓ દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલી વસ્તુઓ અને સેવાઓ રાષ્ટ્રીય પેદાશ છે.

ટૂંકમાં રાષ્ટ્રીય પેદાશ = ખેતી + ઉદ્યોગ + સેવાક્ષેત્રનું કુલ ઉત્પાદન,

જો રાજ્યનો હસ્તક્ષેપ ન હોય (કરવેરા વગેરે ન હોય) અને વિદેશ વેપાર ન હોય (આયાત-નિકાસ ન હોય) તો રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશ એકસરખા હોય છે. વસ્તુઓ ઉપરના વેરાને લીધે રાષ્ટ્રીય પેદાશ રાષ્ટ્રીય આવકથી વધુ હોય છે. કારણ કે કરવેરાને કારણે કિંમત ઉત્પાદન-ખર્ચથી વધારે હોય છે. ઉપરાંત ઉત્પાદકોને સરકાર તરફથી મળતી સબસિડીઓને કારણે રાષ્ટ્રીય પેદાશ રાષ્ટ્રીય આવકથી ઓછી હોય છે.


- રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ **(Circular Flow of National Income)**

સૈદ્ધાંતિક સમજૂતીની રીતે અર્થતંત્રના બે પ્રકાર પાડવામાં આવે છે : (1) અલિપ્ત અર્થતંત્ર (Closed Economy) અને (2) ખુલ્લું અર્થતંત્ર (Open Economy), અલિપ્ત અર્થતંત્ર એવું અર્થતંત્ર છે જેમાં વિદેશ વેપારની કોઈ ભૂમિકા હોતી નથી. આવા અર્થતંત્રને અન્ય દેશો સાથે આર્થિક વ્યવહારો હોતા નથી. દેશમાંથી વસ્તુ, સેવા, સાધનોની નિકાસ થતી નથી અને અન્ય દેશમાંથી વસ્તુ, સેવા, સાધનોની આયાત પણ થતી નથી. એલિપ્ત અર્થતંત્ર સ્વાવલંબી એટલે કે સ્વનિર્ભર હોય છે
જ્યારે ખુલ્લા અર્થતંત્રમાં વિદેશ વેપારની ભૂમિકા હોય છે. અમુક કાર્યો સરકાર કરે છે, બીજા દેશો સાથે અર્થતંત્રને આયાત અને નિકાસના સંબંધો પણ હોય છે.

- રાષ્ટ્રીય આવકના ચક્રાકાર પ્રવાહની સમજૂતી **(અલિપ્ત અર્થતંત્રના સંદર્ભમાં).**

ઉત્પાદન-આવક-ખર્ચનો ચક્રાકાર પ્રવાહ સમજવા માટે આપણે અર્થતંત્રને બે વિશાળ ક્ષેત્રોમાં વહેંચીએ છીએ.

1. ધંધાદારી પેઢીઓ:
2. સાધનના માલિકો.



9.1 અલિપ્ત અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ

પેઢીઓ ઉત્પાદન-પ્રક્રિયા માટે જરૂરી સાધનો જમીન, મૂડી, શ્રમ, કુટુંબો પાસેથી ખરીદે છે અને ધંધામાં તેનો ઉપયોગ કરીને ઉત્પાદન કરે છે. આમ સાધનો કુટુંબથી પેઢીઓ તરફ આવે છે. સાધનોના ઉપયોગ બદલ પેઢી સાધન માલિકો એટલે કે કુટુંબોને ભાડું, વેતન, વ્યાજ, નહારૂપે વળતર (આવક) ચૂકવે છે. આમ, પ્રથમ નાણાંનો પ્રવાહ પેઢીઓ તરફથી કુટુંબો તરફ આવે છે.

પેઢી આ સાધનોની મદદથી જે ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે તેને વેચવા માટે બજારમાં મૂકે છે. બજારમાથી કુટુંબો ચીજવસ્તુઓ અને સેવાઓ ખરીદે છે. આમ, વસ્તુ અને સેવાઓનો પ્રવાહ પેઢીઓ તરફથી કુટુંબ તરફ આવે છે. કુટુંબો વસ્તુ અને સેવાની ખરીદી બદલ પેઢીને નાણાં ચૂકવે છે (ચુકવણી-ખર્ચ) તેથી નાણાંનો પ્રવાહ કુટુંબોમાંથી ફરી પાછો પેઢીઓ તરફ આવે છે. આ નાણાંથી પેઢી ફરીથી સાધનો ખરીદે છે અને ફરીથી ઉત્પાદન કરે છે. કુટુંબોને ચુકવણી કરે છે.

પેઢીઓમાંથી કુટુંબો તરફ અને કુટુંબોમાંથી પેઢીઓ તરફ સતત વહેતા આ નાણાંના પ્રવાહને ઉત્પાદન-આવક-ખર્ચનો એટલે કે રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ કહેવામાં આવે છે. આવકનો આ ચક્રાકાર પ્રવાહ અર્થતંત્રને સતત ધબકતું રાખે છે.

- રાષ્ટ્રીય આવકના મહત્ત્વના ખ્યાલો **(Important Concepts of National Income)**

a. કુલ આંતરિક **(**ઘરેલું**)** પેદાશ **(Gross Domestic Product - GDP) :** રાષ્ટ્રીય આવકના અનેક ખ્યાલો છે. તેમાં કુલ આંતરિક પેદાશનો ખ્યાલ મહત્ત્વનો છે. વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને

વિદેશના નાગરિકો દ્વારા જે અંતિમ સ્વરૂપની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે. તેના બજાર-મૂલ્યને કુલ આંતરિક પેદાશ અથવા કુલ ઘરેલું ઉત્પાદન કહેવામાં આવે છે.

મહત્ત્વની બાબતો **:**

1. કુલ આંતરિક પેદાશમાં દેશ અને વિદેશના નાગરિકો દ્વારા અથવા કુદરત દ્વારા (ક્રૂડ ઓઈલ) આપણા દેશની હદમાં થયેલ અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન ગણવામાં આવે છે.
2. કુલ આંતરિક પેદાશનો ખ્યાલ દેશની હદ સાથે સંકળાયેલો છે. આમાં દેશના નાગરિકોએ વિદેશમાં કરેલું ઉત્પાદન અથવા દેશના નાગરિકોએ વિદેશમાંથી મેળવેલી આવકોને ગણતરીમાં લેવામાં આવતી નથી.
3. દેશોની આર્થિક સરખામણી કરવા અર્થતંત્રની પ્રગતિ દર્શાવવા GDPના આંકડાઓનો વ્યવહારમાં ઉપયોગ કરવામાં આવે છે.

b. શુદ્ધ આંતરિક **(**ઘરેલું**)** પેદાશ **(Net Domestic Product - NDP) :** ઉત્પાદનની પ્રક્રિયા દરમિયાન વપરાશને કારણે યંત્રો, મકાનો, ઓજારો જેવા મૂડીસાધનોને ઘસારો લાગે છે. અમુક સમય પછી આ સાધનો ઉત્પાદન માટે બિનઉપયોગી બની જાય છે, ત્યારે આવાં સાધનો બદલવાની જરૂર પડે છે. કેટલીક વાર ટેક્નોલોજી બદલાતા મૂડીસાધનો બદલવામાં આવે છે. આમ ઉત્પાદન-પ્રક્રિયા દરમિયાન સાધનોને લાગતા ઘસારાને કુલ આંતરિક પેદાશમાંથી બાદ કરવાથી આપણને શુદ્ધ આંતરિક પેદાશ પ્રાપ્ત થાય છે જેને ટૂંકમાં NDP કહે છે.

વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના સાધનો દ્વારા જે અંતિમ સ્વરૂપની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે. તેના બજારમૂલ્યમાંથી મુડીસાધનોને લગતા ઘસારા-ખર્ચને બાદ કરતા જે શેષ વધે તેને શુદ્ધ આંતરિક પેદાશ કહેવાય છે. સૂત્ર,

**NDP = GDP -** ઘસારો

c. કુલ રાષ્ટ્રીય પેદાશ **(Gross National Product - GNP):** દેશના નાગરિકો અને વિદેશના નાગરિકો દેશની હદમાં જે ઉત્પાદન કરે છે તે કાચી આંતરિક પેદાશ છે. જ્યારે દેશના નાગરિકો વર્ષ દરમિયાન જે ઉત્પાદન કરે છે. તેના મૂલ્યનો સરવાળો એ કાચી રાષ્ટ્રીય પેદાશ છે. દેશના નાગરિકોએ દેશની હદમાં ઉત્પાદન કર્યું છે કે સરહદની બહાર વિદેશી ધરતી પર ઉત્પાદન કર્યું તે બાબત અહીં મહત્ત્વની નથી પરંતુ આપણા દેશના નાગરિકો દ્વારા થયેલું ઉત્પાદન હોવું જોઈએ. વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યને તે દેશની કુલ રાષ્ટ્રીય પેદાશ કહે છે.

મહત્ત્વની બાબતો :

1. GNPમાં ચાલુ વર્ષના ઉત્પાદનનું મૂલ્ય ગણાય છે. અગાઉના વર્ષનું ઉત્પાદન-મૂલ્ય ગણાતું નથી.
2. કુલ આંતરિક પેદાશ (GDP)માં વિદેશમાં રહેતા આપણા નાગરિકોની આવક ઉમેરવામાં આવે અને આપણા દેશમાં રહીને કમાતા વિદેશી નાગરિકોની આવક બાદ કરવામાં આવે ત્યારે GNP મળે છે. ટૂંકમાં કહીએ તો,

**GNP = GDP +** વિદેશમાંથી મળેલી ચોખ્ખી આવક (વિદેશમાંથી થતી કુલ આવક - વિદેશને થતી કુલ ચુકવણી)

3. સામાન્ય વ્યવહારમાં મોટા ભાગે GNPના આંકડાઓનો ઉપયોગ થાય છે.

d. શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ **(Net National Product - NNP) :** ઉત્પાદનની પ્રક્રિયા દરમિયાન ઉત્પાદનના સાધનો, યંત્રો, કારખાનાનું મકાન, ઓજારો વગેરેને ઘસારો લાગે છે. તેમનું મૂલ્ય ઘટે છે. તેને મૂડીઘસારો (Capital Depreciation) કહે છે. શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ જાણવા કુલ રાષ્ટ્રીય પેદાશમાંથી આ ઘસારાની રકમ બાદ કરવામાં આવે છે. અને ત્યાર પછી જે શેષ વધે તે શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ કહેવાય છે.

વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યમાંથી ઘસારો બાદ કરતા જે શેષ વધે તે શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ છે.

મહત્ત્વની બાબતો **:**

1. NNP - GNP માંથી ઘસારો બાદ થયા પછીનું ચાલુ વર્ષના ઉત્પાદનનું મૂલ્ય
2. NNP = GNP - ઘસારો

e. માથાદીઠ આવક **(Per Capita Income) :** જેમ રાષ્ટ્રીય આવક આર્થિક વૃદ્ધિનો એક માપદંડ છે તેમ માથાદીઠ આવક આર્થિક વિકાસનો એક માપદંડ છે.
સામાન્ય રીતે કોઈ એક દેશની રાષ્ટ્રીય આવકને એ વર્ષની કુલ વસ્તી વડે ભાગતા જે-તે વર્ષની માથાદીઠ આવક આપણને પ્રાપ્ત થાય છે. વ્યક્તિદીઠ સરેરાશ આવક એ માથાદીઠ આવક છે. માથાદીઠ આવકને સૂત્રમાં નીચે મુજબ રજૂ કરી શકાય :

$$\text{માથાદીઠ આવક} = \frac{\text{કુલ રાષ્ટ્રીય આવક}}{\text{કુલ વસ્તી}}$$

દા. ત. કોઈ એક દેશની કોઈ એક વર્ષની રાષ્ટ્રીય આવક ધારો કે ₹ 60,000 કરોડ છે અને તે વર્ષની તે દેશની વસ્તી 2 કરોડ વ્યક્તિઓની છે તો તે દેશની માથાદીઠ આવક,

$$\text{માથાદીઠ આવક} = \frac{\text{₹ 60,000 કરોડ}}{\text{2 કરોડ}} = \text{₹30,000.}$$

એટલે કે વર્ષ દરમિયાન દેશના નાગરિકો સરેરાશ 30,000 ₹ આવક મેળવે છે તેમ કહેવાય.

માથાદીઠ આવકને ચાલુ વર્ષના ભાવે રાષ્ટ્રીય આવકના માપથી ગણવામાં આવી હોય તો તેને ચાલુ ભાવે માથાદીઠ આવક કહેવાય અને જો પાયાના વર્ષના ભાવે (સ્થિર ભાવે) રાષ્ટ્રીય આવકથી ગણવામાં આવી હોય તો તે સ્થિર ભાવે માથાદીઠ આવક કહેવાય છે. માથાદીઠ આવક જેમ વધારે તેમ નાગરિકોને પ્રાપ્ત થતી વસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ વધારે છે તેમ કહેવાય. બીજા શબ્દોમાં નાગરિકોનું જીવનધોરણ ઊંચું ગણાય.

મહત્ત્વની બાબતો **:**

1. રાષ્ટ્રીય આવકના વૃદ્ધિદર કરતાં વસતિ વૃદ્ધિનો દર ઊંચો હોય. તો માથાદીઠ આવક ઘટે છે.
માથાદીઠ આવક એ સરેરામ માપ છે.

2. દેશમાં આવકની વહેંચણી બદલાવા છતાં માથાદીઠ આવકમાં કોઈ ફેર પડતો નથી.
3. જો દેશમાં આવકની અસમાનતા વધુ તો માથાદીઠ આવક વિકાસનો સાચો માપદંડ નથી.
4. દેશની પ્રગતિનો સાચો માપદંડ રાષ્ટ્રીય આવક નહિ પરંતુ માથાદીઠ આવક છે.
5. UNO પણ બે દેશોની પ્રગતિની સરખામણી કરવામાં રાષ્ટ્રીય આવકની સાથે માથાદીઠ આવકના આંકડાનો ઉપયોગ કરે છે.
6. માથાદીઠ આવકથી બે દેશોની તુલના કરી શકાય છે.
7. માથાદીઠ આવકથી દેશના નાગરિકોના જીવનધોરણનો અંદાજ મૂકી શકાય છે.

f. નિકાલજોગ વ્યક્તિગત આવક

નિકાલજોગ વ્યક્તિગત આવક અથવા DPI એ આવકની રકમ દર્શાવે છે કે જે વ્યક્તિ તમામ કર ચૂકવ્યા પછી બચાવવા અથવા ખર્ચ કરવા જઈ રહી છે. મેક્રો સ્તરે અર્થતંત્રની એકંદર સ્થિતિ અને સ્થિતિને માપવા માટે, DPI એક મહત્વપૂર્ણ સૂચક તરીકે કામ કરે છે જેનું નજીકથી નિરીક્ષણ કરવામાં આવે છે.

નિકાલજોગ આવક તે વ્યક્તિની આવક છે જે સ્થાનિક કર, રાજ્ય અને સંઘીય કર જેવા તમામ કર ચૂકવ્યા પછી બાકી રહે છે. તેને નેટ પે પણ કહેવાય છે.

જો આપણે ઘરની નિકાલજોગ આવક વિશે વાત કરીએ, તો તેમાં કોઈપણ પ્રકારની બેરોજગારી લાભો તેમજ મૂડી આવકની સાથે તમામ આવકનો સમાવેશ થાય છે.

- નિકાલજોગ વ્યક્તિગત આવક ની ગણતરી નું મહત્વ :

1. તે એક મહત્વપૂર્ણ પરિમાણ તરીકે ગણવામાં આવે છે જે ગ્રાહક ખર્ચ નક્કી કરવામાં મદદ કરે છે.
2. તે ગ્રાહકની માંગ નક્કી કરવા અને તેનું વિશ્લેષણ કરવા માટે એક મહત્વપૂર્ણ પરિમાણ તરીકે પણ કામ કરે છે.
3. નિકાલજોગ આવક માત્ર વ્યક્તિને મળેલી ચોખ્ખી આવક દર્શાવે છે પરંતુ તે ઉત્પાદનો અને સેવાઓ વિશે પણ જણાવે છે જે ગ્રાહકો દ્વારા ચોક્કસ સમયગાળા દરમિયાન અલગ-અલગ કિંમતે ખરીદી શકાય છે.
4. સામાન અને સેવાઓની ખરીદી વ્યક્તિની નિકાલજોગ આવક પર આધાર રાખે છે જે માલ અને સેવાઓની ખરીદી પર ખર્ચ કરી શકાય તેવી નિકાલજોગ આવકની રકમ નક્કી કરવામાં મદદ કરે છે.
5. નિકાલજોગ આવક એ પણ દર્શાવે છે કે વ્યક્તિ તેના તમામ ખર્ચ પછી કેટલી નિકાલજોગ આવક બચાવવા જઈ રહી છે.

ખર્ચના નિર્ણયો હંમેશા વર્તમાન આવકના આધારે લેવામાં આવે છે અને આ રીતે નિકાલજોગ આવકને કારણે થતી વધઘટના સ્વરૂપમાં રાષ્ટ્રીય જીડીપી પર તેની અસર જોવા મળે છે અને તેની અસર જીડીપીના વિકાસ પર પણ પડી શકે છે. કોઈપણ આર્થિક કટોકટીના સમયમાં, ખર્ચમાં ઘટાડો થશે અને તેની સીધી અસર અર્થતંત્રના વિકાસ પર પણ પડી શકે છે.

- વ્યક્તિગત આવક સુત્ર

વ્યક્તિગત નિકાલજોગ આવક ફોર્મ્યુલા = વ્યક્તિગત આવક - વ્યક્તિગત આવકવેરો

નિકાલ યોગ્ય વ્યક્તિગત આવક = વ્યક્તિગત આવક - વ્યક્તિગત કર જવાબદારી

- ઉદાહરણ

ચાલો સમજીએ કે ઉદાહરણ અને સૂત્રની મદદથી નિકાલજોગ આવક કેવી રીતે શોધી શકાય:

ધારો કે વ્યક્તિની કુલ આવક રૂ. 5,00,000 અને પ્રત્યક્ષ કર રૂ. 30,000 છે. નિકાલજોગ આવકની ગણતરી કરો.

કુલ આવક = રૂ. 5,00,000

ડાયરેક્ટ ટેક્સ = રૂ. 30,000 છે

નિકાલજોગ આવક = વ્યક્તિગત આવક - વ્યક્તિગત આવકવેરો

નિકાલ યોગ્ય આવક = 5,00,000 - 30,000

= રૂ. 4,70,000/-

- નિકાલજોગ આવક ફોર્મ્યુલાનું મહત્વ

અમે અર્થશાસ્ત્રમાં નિકાલજોગ આવક શું છે અને તેની ગણતરી કરવા માટે વ્યક્તિગત આવક સૂત્ર વાંચ્યું છે. ચાલો આ સૂત્રના મહત્વ પર જઈએ:

- આ એક મહત્વપૂર્ણ માપદંડ છે જે વિશ્લેષકો દ્વારા અર્થતંત્રની શરૂઆત નક્કી કરવામાં મદદ કરે છે જ્યારે પરિવારોની નાણાકીય સ્થિતિને પણ માપે છે.
- તે ખર્ચને માપવામાં તેમજ ઘરના બચત દરોમાં મદદ કરે છે.
- તે અન્ય આર્થિક સૂચકાંકો તેમજ વ્યક્તિગત બચત દરો, વિવેકાધીન આવક, MPC અને MPS જેવા આંકડાકીય પગલાં મેળવવામાં મદદ કરે છે જે ઉપભોગ કરવાની સીમાંત વૃત્તિ અને બચત કરવાની સીમાંત વૃત્તિનો સંદર્ભ આપે છે.
- જ્યારે આવકનો ભાગ જરૂરિયાતો પર વપરાય છે, તેને વિવેકાધીન આવક કહેવામાં આવે છે અને જ્યારે કોઈ આર્થિક કટોકટી આવે છે, ત્યારે આ વિવેકાધીન આવક ઘટે છે અને લોકોની બચત દર વધે છે. તેથી આવી પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવામાં DPI એ એક મહત્વપૂર્ણ સૂચક છે.
- નિષ્કર્ષ

આમ, આપણે કહી શકીએ કે નિકાલજોગ આવક તે છે જે વ્યક્તિ તમામ વ્યક્તિગત કર જવાબદારી અને અન્ય કપાતની ચુકવણી પછી કમાય છે અને મેળવે છે અને આવી આવકનો ઉપયોગ ખર્ચ અથવા બચત તરીકે થાય

છે. જરૂરિયાતો પર કરવામાં આવતા ખર્ચને વિવેકાધીન આવક તરીકે ઓળખવામાં આવશે જ્યારે વાસ્તવિક નિકાલજોગ આવક તે છે જ્યારે કર ચૂકવણી પછીની આવક આર્થિક વ્યવસ્થામાં વ્યક્તિ દ્વારા મેળવેલા લાભો સાથે ઉમેરવામાં આવે છે. આ લેખમાં, અમે નિકાલજોગ આવક અને વ્યક્તિગત આવકનું સૂત્ર શું છે, તેના ઉદાહરણ અને મહત્વને વાસ્તવિક નિકાલજોગ આવકના સૂત્ર સાથે આવરી લીધું છે જે તમને અર્થશાસ્ત્રમાં મદદ કરશે.

- રાષ્ટ્રીય આવકનું માપન (રાષ્ટ્રીય આવક માપવાની પદ્ધતિઓ - **Measurement of National Income)**

રાષ્ટ્રીય આવકનું માપન એટલે કે ગાતરી, રાષ્ટ્રીય આવકની જુદી જુદી વિભાવનાઓ-અર્થને આધારે રજૂ કરવામાં આવે છે. રાષ્ટ્રીય આવકની વિભાવનાના ત્રણ અર્થ થાય છે અને તે ત્રણ વિભાવનાને આધારે રાષ્ટ્રીય આવકને ગણવાની ત્રણ પદ્ધતિઓ પ્રચલિત છે :ઉત્પાદનની પદ્ધતિ**,** આવકની પદ્ધતિ અને ખર્ચની પદ્ધતિ**.**

A. ઉત્પાદનની પદ્ધતિ **:** રાષ્ટ્રીય આવક ગણવાની આ પદ્ધતિ પ્રો. માર્શલની વ્યાખ્યા ઉપરથી વિકસાવવામાં આવી છે.

વર્ષ દરમિયાન દેશમાં ખેતી, ઉદ્યોગ અને સેવાક્ષેત્રમાં અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓનું જે ઉત્પાદન થયું હોય તેના નાણાકીય મૂલ્યનો સરવાળો રાષ્ટ્રીય આવક ગણવામાં આવે છે. ખેતી, ઉદ્યોગ અને સેવાક્ષેત્રના ઉત્પાદનનો જથ્થો જાણી તેને બજારકિંમતોથી ગુણી નાણાકીય મૂલ્ય શોધવામાં આવે છે. વસ્તુ અને સેવાઓના આ નાણાકીય મૂલ્યનો સરવાળો દેશની રાષ્ટ્રીય આવકની ગણતરી છે.

જે ઉદાહરણ દ્વારા જોઈએ તો,

| ક્રમ | વિગતો | પેદાશનુ બજાર કિંમત મૂલ્ય (કરોડમાં) |
|---|---|---|
| ૧ | ખેતી અને તેની સાથે સંકળાયેલ વિભાગ | ૧૬000 |
| ૨ | ખાણ ઉદ્યોગ | 3000 |
| 3 | બાંધકામ | ૧000 |
| ૪ | તૈયાર માલ | ૬000 |
| ૫ | વેપારી સેવાઓ | 3000 |
| ૬ | બેન્કિંગ, વિમો, વાહનવ્યવહાર | 3૫00 |
| ૭ | સરકારી સાહસોની આવક | ૨000 |
| | કુલ ગૃહ પેદાશ | 3૪૫00 |
| ૮ | વિદેશ વેપારમાંથી પ્રાપ્ત થતી ચોખ્ખી આવક | -૧000 |
| | | 33૫00 |
| ૯ | ઘસારો ખર્ચ | -૫00 |
| | | 33000 |
| ૧૦ | પરોક્ષ વેરો | -3000 |
| | કુલ ચોખ્ખી આવક | 30000 |

આમ ઉત્પાદન પદ્ધતિમાં વર્ષ દરમિયાન પેદા થતી ચીજવસ્તુઓ અને સેવાઓને ધ્યાનમાં લેવામાં આવે છે.

મહત્ત્વની બાબતો **:** નીચેની બાબતોને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય આવકની ગણતરી કરવામાં આવે છે :

1. અર્થતંત્રનું જુદાં-જુદાં ક્ષેત્રોમાં વર્ગીકરણ : અર્થતંત્રનું ખેતી, ઉદ્યોગ, સેવા, ખાણ, ભાંધકામ, મેન્યુફેક્ચરિંગ, વેપાર- વાણિજ્ય, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, બેંકિંગ, શિક્ષણ જેવાં અનેક ક્ષેત્રોમાં વર્ગીકરણ કરવામાં આવે છે.
2. વસ્તુ કે સેવાની પસંદગી : અર્થતંત્રનાં જુદાં-જુદાં ક્ષેત્રોમાં ઉત્પન્ન થતી માત્ર અંતિમ વપરાશની વસ્તુઓ અને સેવાઓને ગણવામાં આવે છે. વચગાળાના ઉપયોગની વસ્તુઓ ગણવામાં આવતી નથી.
3. ગૃહિણીના ઘરકામની સેવા : ગૃહિણીના ઘરકામની સેવા બજારમાં વેચાતી નથી. તેનું નાણાકીય મૂલ્ય માપી શકાતું નથી. તે રાષ્ટ્રીય આવકમાં ગણાતી નથી.

4. સ્વ-વપરાશ : સ્વ-વપરાશ માટે ઉત્પન્ન થયેલ વસ્તુઓ બજારમાં વેચાતી નથી. તેનું નાણાકીય મૂલ્ય આંકી શકાતું નથી માટે તે પણ રાષ્ટ્રીય આવકની ગણતરીમાં લેવાતી નથી. ભારતમાં ખેડૂતે સ્વ-વપરાશ માટે રાખેલ અનાજ અપવાદ તરીકે રાષ્ટ્રીય આવકમાં ગણતરીમાં લેવામાં આવે છે.
5. સંરક્ષણ-પોલીસ : સંરક્ષણ-પોલીસની સેવાઓના બજાર હોતા નથી. તે બજારમાં વેચાતી મળતી નથી છતાં ભારતમાં રાષ્ટ્રીય આવકની ગણતરીમાં તેને ધ્યાનમાં લેવામાં આવે છે.
6. આરોપિત ભાડું : પોતાનું મકાન બીજાને ભાડે આપ્યું હોત તો જે ભાડું મળી શક્ત તેને આરોપિત ભાડું (Imputed Rent) કહે છે. તેનું મૂલ્ય રાષ્ટ્રીય આવકમાં ગણાય છે.
7. બેવડી ગણતરી : ભેવડી ગણતરી ટાળવી જોઈએ. રાષ્ટ્રીય આવક-પેદાશની ગણતરીમાં બેવડી ગણતરી દૂર કરીને રાષ્ટ્રીય પેદાશ ગણવામાં આવે છે.

જ્યારે રાષ્ટ્રીય પેદાશમાં કોઈ એક વસ્તુનું મૂલ્ય એક કરતા વધારે વખત ગણવામાં આવે તો તે ભેવડી ગણતરી છે. ભેવડી ગણતરીથી રાષ્ટ્રીય આવક કૃત્રિમ રીતે ઊંચી આવે છે.
ઉત્પાદનની રીતે રાષ્ટ્રીય પેદાશની ગણતરી કરતી વખતે આ ભેવડી ગણતરીથી બચવું જોઈએ. જો રાષ્ટ્રીય પેદાશમાં વર્ષ દરમિયાન ઉત્પન્ન થયેલ લોખંડ અને તેમાંથી બનેલ યંત્રો એમ બંને વસ્તુનું નાણાકીય મૂલ્ય ગણવામાં આવે તો તે બેવડી ગણતરી છે. કારણ કે યંત્રોના મૂલ્યમાં લોખંડનું મૂલ્ય સમાયેલું છે. એટલે જો લોખંડનું મૂલ્ય પણ ગણીએ અને યંત્રોનું મૂલ્ય પણ ગણવામાં આવે તો લોખંડનું મૂલ્ય બેવાર ગણાય છે.

આવી બેવડી ગણતરી દૂર કરવાના બે ઉપાયો નીચે પ્રમાણે છે :

1. માત્ર અંતિમ વસ્તુઓનું મૂલ્ય ગણવું : આ પદ્ધતિમાં અર્ધતૈયાર વચગાળાનો ઉપયોગ ધરાવતી વસ્તુઓનું મૂલ્ય ગણવાને બદલે, માત્ર યંત્ર કે જે અંતિમ વસ્તુ છે અને તેમાં લોખંડનું મૂલ્ય સમાયેલું છે તેના નાણાકીય મૂલ્યને જ ગણવામાં આવે તો બેવડી ગણતરીનો પ્રશ્ન ઉકેલાઈ જાય છે.
2. મૂલ્યવૃદ્ધિની પદ્ધતિ : ઉત્પાદન-પ્રક્રિયામાં જ્યારે વસ્તુ એક તબક્કામાંથી બીજા તબક્કામાં જાય છે ત્યારે તેનું નાણાકીય મૂલ્ય વધે છે. આ વધેલા મુલ્યને જુદું તારવીને તેનો સરવાળો કરીને રાષ્ટ્રીય પેદાશ ગણવામાં આવે તો બેવડી ગણતરી થતી નથી. એક ઉદાહરણની મદદથી સમજીએ.

| ઉત્પાદનના તબક્કા | વેચાણ આવક (₹ માં) | સાધન-ખર્ચ (₹ માં) | મૂલ્યવૃદ્ધિ (₹ માં) |
|---|---|---|---|
| રૂ | 100 | શૂન્ય | 100 |
| સૂતર | 200 | 100 | 100 |
| કાપડ | 280 | 200 | 80 |
| **કુલ** | **580** | **300** | **280** |

એક કારખાનામાંથી ₹ 100નું રૂ લાવવામાં આવે તેમાંથી ₹ 200નું સૂતર બને અને ₹ 200ના સૂતરમાંથી ₹ 280નું કાપડ બને તો રાષ્ટ્રીય પેદાશમાં 100 + 200 + 280 = 580નું નાણાકીય મૂલ્ય ગણવામાં આવે તો બેવડી ગણતરી થાય છે. રૂ. સૂતર અને કાપડ બંનેમાં સમાયેલું છે. તેથી રૂનું મૂલ્ય ત્રણવાર ગણાય છે. આ ભેવડી ગણતરી છે. પરંતુ જો ₹ 100નું રૂ + ₹ 100નું સૂતર + ₹ 80નું કાપડનું વધેલું મૂલ્ય ગણવામાં આવે એટલે કે ₹ 280નો મૂલ્યવધારો ગણીએ તો બેવડી ગાતરી થતી નથી. ઉપરના ઉદાહરણમાં કાપડના ઉત્પાદનમાં વપરાયેલ સાધનસામગ્રીનું ખર્ચ શૂન્ય બતાવ્યું છે. કારણ કે, અહીં માની લેવામાં આવ્યું છે કે, રૂનું ઉત્પાદન ગયા વર્ષનું છે. જે અગાઉના વર્ષની રાષ્ટ્રીય પેદાશ માં ગણાયેલું છે.

8. પરોક્ષ વેરા અને સબસિડી : વસ્તુની બજારકિંમતમાં પરોક્ષ વેરા સમાયેલા હોવાથી રાષ્ટ્રીય પેદાશ જાણવા તે પરોક્ષ વેરા બાદ કરવામાં આવે છે અને સરકાર દ્વારા જે સબસિડી અપાતી હોય તે ઉમેરવામાં આવે છે.
9. પુનઃવેચાણ : ભૂતકાળમાં ઉત્પન્ન થયેલ વસ્તુનું જ્યારે ઉત્પાદન થયું ત્યારે રાષ્ટ્રીય પેદાશમાં તેનું મૂલ્ય ગણાઈ ચૂક્યું હોય છે. તેથી હવે આ વસ્તુ જો ફરીથી વેચવામાં આવે તો તેનું મૂલ્ય ગણાતું નથી અને જો ગણીએ તો બેવડી ગણતરી થાય છે. 2000ના વર્ષમાં ખરીદેલું મકાન કોઈ આજે વેચે તો આ વેચાણ રાષ્ટ્રીય પેદાશમાં ન ગણાય.
10. ઘસારો બાદ કરવો : ઉત્પાદન-પ્રક્રિયા દરમિયાન મૂડીસાધનોને લાગતા ઘસારાને બાદ કરીને રાષ્ટ્રીય પેદાશ ગણવામાં આવે છે.
11. નિકાસમૂલ્ય ઉમેરવામાં આવે છે.
12. દાણચોરી કે ગેરકાયદેસર વસ્તુનું મૂલ્ય ગણતરીમાં લેવાતું નથી.

B. આવકની પદ્ધતિ **:** રાષ્ટ્રીય આવક માપવાની આવકની પદ્ધતિ પ્રો. પીગુની વ્યાખ્યા ઉપરથી વિકસાવવામાં આવી છે. વર્ષ દરમિયાન દેશના નાગરિકો અને રાજ્ય જે આવક પ્રાપ્ત કરે છે. તેનો સરવાળો કરવાથી રાષ્ટ્રીય આવક જાણી શકાય છે. રાષ્ટ્રીય આવક માપવાની આવકની પદ્ધતિમાં ઉત્પાદનનાં ચાર સાધનો જમીન, મૂડી, શ્રમ અને નિયોજકને મળતી ભાડું, વ્યાજ, વૈતન અને નકારૂપી આવકનો સરવાળો કરવામાં આવે છે. આ સરવાળામાં વિદેશમાંથી મળતી આવક ઉમેરવાની અને આપણા દેશમાં વપરાયેલા વિદેશી સાધનોને ભાડું, વ્યાજ, વેતન, નકારૂપી જે ચુકવણી કરી હોય તે બાદ કરવામાં આવે છે.

જે ઉદાહરણ દ્વારા જોઈએ તો,

| ક્રમ | વિગતો | પેદાશનુ બજાર કિંમતે મૂલ્ય (કરોડમાં) |
|---|---|---|
| ૧ | વેતન અને પગારમાંથી પરપ્ટ થતી આવક | ૨૦૦૦૦ |
| ૨ | વ્યાજ નફાના સ્વરૂપની આવક | ૫૦૦૦ |
| ૩ | ભાડા સ્વરૂપે પ્રાપ્ત થતી આવક | ૩૦૦૦ |
| ૪ | સરકારી સહસોનો નફો | ૧૦૦૦ |
| ૫ | અન્ય ફંડ | ૧૦૦૦ |
| | ચોખ્ખી રાષ્ટ્રીય આવક | ૩૦૦૦૦ કરોડ |

આવકની ગણતરીની પદ્ધતિમાં એ બાબત ધ્યાનમાં લેવી જોઈએ કે કોઈ બાબત રાષ્ટ્રીય આવકની ગણતરીમાં બાકી રહી ન જાય.

મહત્ત્વની બાબતો **:** આવકની રીતે રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે

1. સાધનોની આવક ગણવી : ઉત્પાદનનાં સાધનોને નીચે પ્રમાણેની મળતી આવકો ગણાય છે :

a. ભાડાની આવક : જમીન-મકાન વગેરેનું જે ભાડું મળે છે તે આવક તરીકે ગણાય છે. પોતાના મકાનમાં રહેતા હોય તેમને પણ ભાડાની આવક મળે છે. એમ માની આરોપિત ભાડું ગણાય છે. પુસ્તકોના કોપીરાઈટ્સ અને પેટન્ટ જેવા અધિકારોને કારણે મળતી આવક ગણવામાં આવે છે.
b. વ્યાજની આવક : લોકોને વર્ષ દરમિયાન મૂડી ઉપર જે વ્યાજ મળે છે તેની ગણતરી થાય છે. પરંતુ રાજ્ય તરફથી મળતું વ્યાજ ભાકાત રખાય છે. કારણ કે રાજ્ય કરવેરા દ્વારા આવક મેળવે છે અને વ્યાજ તરીકે એ નાણું ચૂકવે છે એટલે માત્ર નાણાંની હેરફેર થાય છે.
c. વેતનની આવક : શ્રમિકોને વર્ષ દરમિયાન તેમના કાર્યના બદલામાં જે વેતન અને પગાર મળે છે તે ગણવામાં આવે છે.
d. નફાની આવક : રોકાણકારો-નિયોજકોને જે નફા અને ડિવિડન્ડ રૂપી આવકો મળે છે તે ગણાય છે. કંપનીઓના અનામત નફા અને તેના ઉપર ચુકવાતા કરવેરાનો સમાવેશ પણ થાય છે.

2. ન ગણવામાં આવતી આવકો : રાષ્ટ્રીય આવક માપવાની આવકની પદ્ધતિમાં બક્ષિસ, ઈનામ, ભેટ, લૂંટની આવક, ચોરી, બેકારી ભથ્થાની આવક કે વૃદ્ધાવસ્થામાં મળતી સરકારી સહાયની આવક, લોટરીની આવક વગેરે જેવી આવકો રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવતી નથી.
3. સરકાર દ્વારા અપાતી સબસિડી બાદ કરવામાં આવે છે.
4. વિદેશની ચોખ્ખી આવક ઉમેરવામાં આવે છે (નિકાસ-આયાત).
5. વપરાશી માલના સોદામાંથી મળતા કમિશન કે દલાલીની આવક ગણાય છે.
6. જે આવકોથી અર્થતંત્રમાં વસ્તુ અને સેવાના ઉત્પાદનનો પ્રવાહ વહેતો હોય જેનાથી અર્થતંત્રમાં વસ્તુઓના નાણાકીય મૂલ્યમાં વધારો થતો હોય તેવી આવકો ગણવામાં આવે છે.
7. સેકન્ડ હેન્ડ વસ્તુની આવકનો સમાવેશ થતો નથી. દા.ત., મોબાઈલના નવા મોડેલ આવતા જૂના મોડેલના વેચાણથી જે આવક થાય તે ગણાતી નથી.

C. ખર્ચની પદ્ધતિ **:** પ્રો. ફિશરની વ્યાખ્યા ઉપરથી આ પદ્ધતિ વિકસાવવામાં આવી છે. વર્ષ દરમિયાન વ્યક્તિઓ, કુટુંબો, પેઢીઓ અને સરકાર ચીજવસ્તુઓ અને સેવાઓ ઉપર જે કુલ નાણાકીય ખર્ચ કરે છે તેનો સરવાળો કરીને રાષ્ટ્રીય આવક માપવામાં આવે છે. આ પદ્ધતિમાં આવક = ખર્ચની ધારણા અભિપ્રેત છે.

ખર્ચની પદ્ધતિમાં એક નાણાકીય વર્ષ દરમિયાન અંતિમ વસ્તુઓ અને સેવાઓની ખરીદી પાછળ જે ખર્ચ થાય તેનો સમાવેશ કરવામાં આવે છે. એક નાણાકીય વર્ષ દરમિયાન કુલ ખર્ચ GDP જેટલું હોય છે.

જે ઉદાહરણ દ્વારા જોઈએ તો

| ક્રમ | વિગતો | કરોડ (રૂ) માં |
|---|---|---|
| ૧ | વ્યક્તિગત વપરાશી ખર્ચ | ૨૨000 |
| ૨ | સરકારનું ચીજવસ્તુ અને સેવ ખર્ચ | ૬000 |
| ૩ | કુલ ખાનગી મૂડી રોકાણ ખર્ચ | ૨૫00 |
| ૪ | કુલ સરકારી મૂડી રોકાણ ખર્ચ | ૨૫00 |
| ૫ | ચોખ્ખું વિદેશી મૂડીરોકાણ | ૫00 |
| | | ૩૩૫00 |
| ૬ | ઘસારો | -૫00 |
| | | ૩૩000 |
| ૭ | પરોક્ષ વેરા | -૩000 |
| | ચોખ્ખી રાષ્ટ્રીય આવક | ૩0000 |

આ પદ્ધતિમાં વ્યક્તિ કે સંસ્થાઓ જુદી જુદી ચીજ વસ્તુઓ અને સેવાઓ પાછળ જે ખર્ચ કરે છે, તે બધા જ ખર્ચનો સરવાળો કરવામાં આવે છે.

મહત્ત્વની બાબતો **:** ખર્ચની દૃષ્ટિએ રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે :

1. નાણાકીય ખર્ચનાં ચાર ઘટકો છે :
   a. વપરાશી ખર્ચ : નાગરિકો, કુટુંબો, ધંધાદારી પેઢીઓ દ્વારા વપરાશી વસ્તુઓ પાછળ થતો ખર્ચ ગણવામાં આવે છે. ટી.વી., સ્કૂટર, કાર જેવી ટકાઉ વસ્તુઓ અનાજ, ફળ, શાકભાજી જેવી નાશવંત વસ્તુઓ તેમજ શિક્ષણ, ડૉક્ટરી સારવાર, વાહન- વ્યવહાર, સંદેશાવ્યવહાર જેવી સેવાઓ પાછળ થતા ખર્ચનો સમાવેશ થાય છે.
   b. મૂડીરોકાણ-ખર્ચ : નાગરિકો, કુટુંબો, ધંધાદારી પેઢીઓ જે મૂડીરોકાણ-ખર્ચ કરે છે તેની ગણતરી થાય છે. કારખાનાનું મકાન, પ્લાન્ટ, યંત્રસામગ્રી, વ્યવસાય માટે જરૂરી વસ્તુઓ-સાધનો પર થયેલ ખર્ચ મૂડીરોકાણ-ખર્ચ તરીકે ગણાય છે.
   c. સરકારી ખર્ચ : કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વગેરેનું વપરાશી-ખર્ચ, મૂડીરોકાણ ખર્ચ, વહીવટી ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે.
   d. ચોખ્ખું નિકાસખર્ચ : દેશના નાગરિકોનું વિદેશી વસ્તુઓની આયાત પાછળનું ખર્ચ એ દેશનું ખર્ચ છે અને આપણી નિકાસો એ વિદેશના નાગરિકોનું આપણી વસ્તુઓ પાછળનું ખર્ચ છે. તેથી તે બંને વચ્ચેનો તફાવત એ ચોખ્ખી નિકાસો છે. જેનો સમાવેશ રાષ્ટ્રીય આવકમાં થાય છે. ટૂંકમાં કહેવું હોય તો,

   કુલ રાષ્ટ્રીય આવક **=** વપરાશી ખર્ચ **+** મૂડીરોકાણ ખર્ચ **+** સરકારી ખર્ચ **+** ચોખ્ખું નિકાસખર્ચ**.**

2. રાષ્ટ્રીય આવકમાં ન ગણાતા ખર્ચાઓ : ખર્ચની દ્રષ્ટિએ રાષ્ટ્રીય આવકની ગણતરીમાં અમુક ખર્ચાઓ ગણાતા નથી. દા.ત., સેકન્ડ હેન્ડ વસ્તુઓની ખરીદી પાછળનું ખર્ચ, હેરફેરનું ખર્ચ (બદલા ચૂકવણીઓ) વગેરે, હેરફેરના ખર્ચમાં પેન્શન, બેકારી ભથ્થું, વિધવાઓને અપાતી સહાય વગેરેનો સમાવેશ થાય છે. જૂના શેરની ખરીદી પાછળનું ખર્ચ, વચગાળાની વપરાશી વસ્તુઓ પાછળનું ખર્ચ રાષ્ટ્રીય આવકમાં ગણાતું નથી. કેટલાક ખર્ચાઓ વસ્તુઓ-સેવાઓના ઉત્પાદન થયા વગર થાય છે. તેમાં માત્ર નાણાંની હેરફેર જ થાય છે. સબસિડી જેવા ખર્ચાઓ રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવતા નથી.
3. રાષ્ટ્રીય આવક ગણવામાં મુશ્કેલી : વ્યક્તિઓના ખર્ચના આધારભૂત આંકડા મળતા નથી. તેથી આ પદ્ધતિથી રાષ્ટ્રીય આવક ગણવામાં મુશ્કેલી સર્જાય છે.એક ઉદાહરણથી જોઈએ.

આરવ નામનો ઉદ્યોગપતિ તેના ઍકાઉન્ટન્ટ મિલાપને ₹ 30,000 પગાર પેટે આપે અને તે ₹30,000ને ખર્ચ પેટે ગણે. ઍકાઉન્ટન્ટ મિલાપ તેના ઘરમાં સાફસફાઈ માટે આવતી ખુશ્બુને ₹ 3000 આપે અને તેને ખર્ચ પેટે ગણે તો વાસ્તવમાં ખર્ચ કેટલું ? ₹ 30,000 કે 30,000 + 3000 = 33,000 ? આમ ખર્ચની પણ ભેવડી ગણતરી થાય.

રાષ્ટ્રીય આવક ગણવા માટે ઉપરની પદ્ધતિઓમાંથી ગમે તે પદ્ધતિને દેશ અપનાવી શકે. જો પ્રાપ્ય માહિતી અને આંકડા સાચા હોય તો ગમે તે પદ્ધતિથી રાષ્ટ્રીય આવકની ગણતરી કરવામાં આવે. રાષ્ટ્રીય આવકનું માપ સરખું આવશે પરંતુ દરેક પદ્ધતિની કોઈ ને કોઈ ખામી તો છે જ. તેથી એમ કહેવાય કે આ પદ્ધતિઓ એકબીજાની પરસ્પર પૂરક છે.
દાખલા તરીકે ઉત્પાદનની રીતે રાષ્ટ્રીય આવક ગણીને ખર્ચની રીત દ્વારા તેની સચ્ચાઈની ચકાસણી કરી શકાય છે. ભારત જેવા વિકસતાં રાષ્ટ્રો માટે ઉત્પાદનની, તો અમેરિકા અને રશિયા જેવા દેશો માટે આવક અને ખર્ચની રીત અનુકૂળ છે.

- રાષ્ટ્રીય આવકની ગણતરી કરવી મહત્વપૂર્ણ છે કારણ કે તે દેશની આર્થિક પ્રવૃત્તિ વિશે માહિતી પૂરી પાડે છે**,** જેનો ઉપયોગ આ માટે થઈ શકે છે**:**

1. આર્થિક નીતિઓ ઘડવી : સરકારો કર દરો, માળખાકીય ખર્ચ અને અન્ય નાણાકીય નીતિઓ સેટ કરવા માટે રાષ્ટ્રીય આવકના ડેટાનો ઉપયોગ કરે છે.
2. આર્થિક સ્વાસ્થ્યને ટ્રેક કરો : રાષ્ટ્રીય આવક એકાઉન્ટિંગ આર્થિક પ્રવૃત્તિના વલણો પર માહિતી પ્રદાન કરે છે, જે અર્થશાસ્ત્રીઓ અને આંકડાશાસ્ત્રીઓને ભવિષ્યના વિકાસ અને વિકાસની આગાહી કરવામાં મદદ કરી શકે છે.
3. મોનેટરી પોલિસી સેટ કરો : સેન્ટ્રલ બેંકો વ્યાજ દરો સેટ કરવા અને નાણાકીય નીતિને સમાયોજિત કરવા માટે રાષ્ટ્રીય આવક ડેટાનો ઉપયોગ કરે છે.
4. આર્થિક ક્ષેત્રોનું પૃથ્થકરણ કરો : રાષ્ટ્રીય આવકનો ડેટા દર્શાવે છે કે વિવિધ ક્ષેત્રો આર્થિક વૃદ્ધિમાં કેવી રીતે ફાળો આપે છે.
5. આર્થિક વૃદ્ધિની સરખામણી કરો : વિવિધ દેશોની આર્થિક વૃદ્ધિની સરખામણી કરવા માટે રાષ્ટ્રીય આવકના ડેટાનો ઉપયોગ કરી શકાય છે.
6. યોજનાઓ યોજવા : સરકારો યોજનાઓ અને અમલીકરણ માટે રાષ્ટ્રીય આવકના ડેટાનો ઉપયોગ કરી શકે છે.
7. આર્થિક મુદ્દાઓનું પૃથ્થકરણ કરો : રાષ્ટ્રીય આવકનો ડેટા અર્થતંત્ર જે સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે તેનું વિશ્લેષણ કરવામાં મદદ કરી શકે છે.

- રાષ્ટ્રીય આવકની ગણતરી**-**માપનની મુશ્કેલીઓ **(Problems in Measurement of National Income)**

ભારતમાં 1954થી કેન્દ્રિય આંકડાકીય સંગઠન (CSO-Central Statistical Organization) રાષ્ટ્રીય આવકનું આગણન કરે છે.
અત્યારે 1999-2000ને પાયાનું વર્ષ ગણીને રાષ્ટ્રીય આવકની ગણતરી થાય છે. પરંતુ રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે કેટલીક સમસ્યાઓ-મુશ્કેલીઓ સર્જાય છે, જે નીચે મુજબની છે :

1. બેવડી ગણતરીની સમસ્યા
2. સ્વ-સ્વપરાશની મુશ્કેલી
3. પસારો જાણવાની મુશ્કેલી
4. કરટાળો અને કરચોરીની વૃત્તિ
5. ગેરકાયદેસરની આવક
6. ચોખ્ખી વિદેશી આવકની સમસ્યા
7. ગણતરી-હિસાબો રાખવાની સમસ્યા (Problems of Accounting), રાષ્ટ્રીય આવકની ગણતરીમાં ઉત્પાદન આવક- ખર્ચના હિસાબો કરવામાં નીચે મુજબની સમસ્યાઓ સર્જાય છે ?

a. નિરક્ષરતા
b. નાના પાયે ઉત્પાદન-વેચાણ
c. સાટા-પદ્ધતિ
d. એક કરતાં વધુ વ્યવસાયમાં રોકાયેલા લોકો

- રાષ્ટ્રીય આવકની મર્યાદાઓ**:**

રાષ્ટ્રીય આવકના ખ્યાલથી કોઈપણ દેશની આર્થિક સ્થિતિ જાણી શકાય છે. પરંતુ રાષ્ટ્રીય આવકની ગણતરી કરવાની પધ્ધતિઓની કેટલીક મર્યાદાઓ છે, જો તેને દૂર કરવામાં ન આવે તો રાષ્ટ્રીય આવકની ગણતરી કરવી મુશ્કેલ બને છે.

1. જાહેર સેવાઓ:અલ્પવિકસિત દેશો કે વિકસિત દેશો પોતાની પ્રજાની સુખાકારીમાં વધારો થાય કે તેમના કલ્યાણમાં વધારો થાય તે માટે જાહેર સેવાઓ પાછળ ખર્ચ કરે છે. જેમકે પૂલો. બંધો, ગટર વ્યવસ્થા, બગીચા, દવાખાના, શિક્ષણ, પાણી વગેરે પાછળ સરકાર અઢળક ખર્ચાઓ કરે છે. આ જાહેર સેવાઓની ગણતરી રાષ્ટ્રીય આવકમાં કરવામાં આવતી નથી. જેથી રાષ્ટ્રીય આવક નીચી જોવાં મળે છે.
2. સ્વવપરાશ માટેની ચીજ-સેવાઓ: વિકસિત દેશો કરતાં વિકસતા દેશોમાં સ્વવપરાશ માટે વિશેષ સેવાઓ તથા ચીજો પેદા કરવામાં આવે છે. જેમકે ખેડૂત સ્વવપરાશ માટે અનાજ પેદા કરે છે. તેજ રીતે કૂટુંબના સભ્યઓ અને ગૃહિણીઓ દ્વારા વિના મૂલ્યે પ્રાપ્ત થતી સેવાઓ તે રાષ્ટ્રીય આવકમાં ગણતરી કરતી નથી. વાસ્તવમાં આ બધી જ ચીજ વસ્તુઓ અને સેવાઓનું મૂલ્ય રાષ્ટ્રીય આવક ન ગણાતું હોવાથી તેનું સાચું ચિત્ર મળતું નથી. આ સંદર્ભમાં નિષ્ણાતોનો મત છે કે સ્વવપરાશી વસ્તુનું મૂલ્ય સ્થાનિક બજારમા તેમની શું કિંમત ઉપજે છે તેને આધારે નક્કી કરવું જોઈએ અને અન્ય મત એવો પણ છે કે ખુલ્લા બજારમાં આ વસ્તુનું વેચાણ કરતાં જે ચોખ્ખી કિંમત મળે તેને આધારે મૂલ્ય નક્કી કરવું જોઈએ.
3. એક કરતાં વધુ વ્યવસાયો: કેટલીક ચીજોના બજારો ઋતુગત હોવાથી તેવી ચીજો બનાવનારા અને વેચનારા વર્ષમાં એક કરતાં વધુ વ્યવસાયો કરતાં હોવાથી રાષ્ટ્રીય આવક માપવી મુશ્કેલ બને છે. વ્યક્તિ જો એક જ વ્યવસાયમાં આખું વર્ષ કામ કરતી હોય તો તેની સરેરાશ આવક સરળતાથી જાણી શકે છે.
4. નાના પાયા પર ઉત્પાદન તથા વેચાણ: જમીન તથા મૂડીની અછતને લીધે તથા પછાત સાધન પરિબળ ને લીધે દરેક દેશોમાં ઉત્પાદન તથા વેચાણ નાના પાયા પર થાય છે. તે નાના કદની હોય છે આથી અનેક સંખ્યામાં આવેલી વ્યક્તિ, પેઢીની આવક જાણવી મુશ્કેલ બને છે. જો ખૂબ મોટા ખેતર હોય, વિશાળ કારખાના તથા દુકાનો હોય તો રાષ્ટ્રીય આવકની ગણતરી સરળ બને.
5. નિરક્ષરતા: રાષ્ટ્રીય આવકની ગણતરીમાં વર્ષ દરમિયાન જે ચીજવસ્તુ, સેવા પેદા થાય છે તેના મૂલ્યના સરવાળાને ધ્યાનમાં લેવામાં આવે છે. પરંતુ આ દેશમાં વ્યાપક નિરક્ષરતાને કારણે આ પ્રકારની આંકડાકીય વિગતો અને ગણતરી મુશ્કેલ બને છે. દેશના નાના ખેડૂતો, કારીગરો, વેપારીઓ વગેરે અશિક્ષિત હોવાથી તેઓ આવક જાવકના વ્યવસ્થિત હિસાબો રાખી શકતા નથી. આવી પરિસ્થિતિમાં રાષ્ટ્રીય આવકનો સાચો ખ્યાલ આવી શકતો નથી.
6. યોગ્ય બજારનો અભાવ: ચીજ વસ્તુઓ/સેવાઓ કિમતો તથા તેનું પ્રમાણ જાણ્યા પછી જ રાષ્ટ્રીય આવકમાં ગણી શકાય પરંતુ વિકસતા દેશોમાં કેટલીક વસ્તુના બજારો વિકસ્યા હોતા નથી અથવા હોય તો અપૂર્ણ બજારો હોય છે. દા. ત. ગામડાઓમાં જમીનના ભાવ, મકાનોના ભાવ, ખેત-પેદાશના ભાવ જાણવા મુશ્કેલ હોય છે. આમ, યોગ્ય બજાર વ્યવસ્થા નહિ હોવાને કારણે સેવાનું સાચું મૂલ્ય પ્રાપ્ત થતું નથી.
7. બિનકાર્યક્ષમ અને ભ્રષ્ટ જાહેર વહીવટ: રાષ્ટ્રીય આવકની ગણતરી જાહેર વહીવટ દ્વારા થાય છે. આ માટે વહીવટી તંત્ર કાર્યક્ષેત્રમાં અને નિષ્ઠાવાન હોવું જોઈએ તો જ આંકડાકીય વિગતો પ્રાપ્ત થાય. પરંતુ મોટાભાગના વિકસતા દેશોમાં વહીવટી તંત્ર બિનકાર્યક્ષમ અને ભ્રષ્ટ જોવા મળે છે. તેથી આંકડાકીય માહિતી સાચી પ્રાપ્ત થતી નથી. દા. ત. મામલતદાર ખેતરમાં ગયા વિના માત્ર ચોરામાં બેસીને ખેત પેદાશોમાં અંદાજિત આંકડા લખી નાંખે તેવી સ્થિતિમાં રાષ્ટ્રીય આવકની ગણતરી મુશ્કેલ બને છે. આમ આંકડાકીય માહિતી અધૂરી અને ખોટી મળવાથી રાષ્ટ્રીય આવકનો સાચો ચિત્ર પ્રાપ્ત થતો નથી.

8. સાટા પધ્ધતિથી થતો વિનિમય: સામાન્ય રીતે રાષ્ટ્રીય આવકની ગણતરી નાણાં દ્વારા વિનિમય સેવા વસ્તુને આધારે થાય છે. પરંતુ વિકસિત દેશોમાં ગામડામાં વસ્તુને બદલે વસ્તુની પ્રથા એટલે કે સાટા પદ્ધતિ જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં રાષ્ટ્રીય આવકની ચોક્કસ ગણતરી મુશ્કેલ બને છે.
9. કાળી આવક તથા સંપતિ: ભારત જેવા દેશોમાં અર્થકારણમાં નોંધપાત્ર ભાગ કાળી આવક અને સંપતિ ધરાવે છે. જેઓ પોતાની આવક તથા સંપતિ છુપાવે છે. વાસ્તવિક કિમતો કરતાં નીચી કિંમત જાહેર કરે છે. તેઓ રાષ્ટ્રીય આવકની ગણતરીમાં અવરોધ ઊભો કરે છે. હકીકતમાં કાળુ નાણું રાષ્ટ્રીય આવકનો ભાગ હોવા છતાં ગણતરીમાંથી છટકી જાય છે.

આમ, રાષ્ટ્રીય આવકની ગણતરી કરવાનું કાર્ય ઘણું મુશ્કેલ બને છે.

ઉપરોક્ત મર્યાદાને ધ્યાનમાં રાખીને જો ચોકસાઈપૂર્વક રાષ્ટ્રીય આવકની ગણતરી કરવામાં આવે તો જ રાષ્ટ્રીય આર્થિક સ્થિતિનો સાચો ખ્યાલ પ્રાપ્ત કરી શકી છીએ.

ઉપર્યુક્ત સમસ્યાઓ હોવા છતાં રાષ્ટ્રીય આવક ગણવામાં ચૌકસાઈ રાખીને સાચી આવક મેળવવાનો પ્રયાસ C. .S.O દ્વારા થાય છે.

- ## નાણાકીય આવક અને વાસ્તવિક આવક **(Monetary Income and Real Income)**

રાષ્ટ્રીય આવકની માપણી નાણાંના માપદંડ વડે કરવામાં આવે છે. પરંતુ જો નાણાંરૂપી માપદંડ અસ્થિર હોય, બીજા શબ્દોમાં કહીએ તો ભાવોમાં વધ-ઘટ થતી હોય તો ઉત્પાદન સ્થિર હોવા છતાં રાષ્ટ્રીય આવક વધે કે ઘટે અથવા ઉત્પાદન ઓછું વધ્યું હોય તોપણ રાષ્ટ્રીય આવક વધારે આવે છે. ત્યારે પ્રશ્ન ઉપસ્થિત થાય કે જેટલું ઉત્પાદન વધ્યું હોય તેટલી જ રાષ્ટ્રીય આવક વધે તો તે માપદંડ સાચું કહેવાય. તેને સમજવા નાણાકીય રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક રાષ્ટ્રીય આવકને સમજવી પડે.

A. નાણાકીય રાષ્ટ્રીય આવક : ચાલુ ભાવે એટલે કે વર્તમાન ભાવોએ રાષ્ટ્રીય આવકને ગણવામાં આવે તો તે નાણાકીય રાષ્ટ્રીય આવક કહેવાય છે. વર્ષ દરમિયાન થયેલ તમામ વસ્તુઓના ઉત્પાદનને તે વસ્તુના બજારભાવ સાથે ગુણીને જે રાષ્ટ્રીય આવક મળે તે નાણાકીય રાષ્ટ્રીય આવક છે. પરંતુ આ નાણાકીય આવક એ વાસ્તવિક આવક નથી. જો કોઈ વર્ષનું ઉત્પાદન ગયા વર્ષ જેટલું જ હોય અને ભાવ બમણા થયા હોય તો ચાલુ વર્ષની નાણાકીય આવક બમણી આવશે (ઉત્પાદન x ભાવ) જે વાસ્તવિક પરિસ્થિતિ દર્શાવતું નથી, કારણ કે ઉત્પાદન તો ગયા વર્ષ જેટલું જ છે. માત્ર ભાવ બમણા થયા છે. પ્રજાના જીવનધોરણમાં કોઈ વધારો થયો નથી તેથી સાચી રાષ્ટ્રીય આવક જાણવાનો રસ્તો વાસ્તવિક રાષ્ટ્રીય આવકનો છે.
B. વાસ્તવિક રાષ્ટ્રીય આવક : પાયાના વર્ષના ભાવે એટલે કે સ્થિર ભાવો એ રાષ્ટ્રીય આવકને ગણવામાં આવે તો તે વાસ્તવિક રાષ્ટ્રીય આવક કહેવાય છે. વર્ષ દરમિયાન થયેલ તમામ વસ્તુઓના ઉત્પાદનને તે વસ્તુના સ્થિર ભાવ સાથે ગુણીને જે રાષ્ટ્રીય આવક મેળવવામાં આવે છે તે વાસ્તવિક રાષ્ટ્રીય આવક છે. વાસ્તવિક રાષ્ટ્રીય આવક એ દેશની સાચી આર્થિક સ્થિતિ દર્શાવે છે. વાસ્તવમાં ઉત્પાદન અને બજારકિંમત (ચાલુ ભાવ) બંને વધે છે. તેથી રાષ્ટ્રીય આવકનો અમુક વધારો ઉત્પાદન વધારાને કારણે તો અમુક વધારો કિંમત વધવાને કારણે હોય છે પણ આપણને રાષ્ટ્રીય આવકના તે વધારામાં રસ છે જે ઉત્પાદન વધારાને કારણે વધી છે, કારણ કે ઉત્પાદન વધારાને કારણે રાષ્ટ્રીય આવક વધે તો લોકોની વપરાશ અને જીવનધોરણ ઊંચું છે.

- જીડીપી ડિફ્લેટર

જીડીપી ડિફ્લેટર, સામાન્ય રીતે ગર્ભિત ભાવ ડિફ્લેટર તરીકે ઓળખાય છે, તે ફુગાવો સૂચક છે.

તે વર્તમાન કિંમતો (નજીવી જીડીપી) પર આપેલ વર્ષમાં અર્થતંત્ર દ્વારા ઉત્પાદિત માલસામાન અને સેવાઓના મૂલ્ય અને પાયાના વર્ષ દરમિયાન ઉત્પાદિત માલ અને સેવાઓના મૂલ્યનો ગુણોત્તર છે (વાસ્તવિક જીડીપી).

- ઉપજમાં વિસ્તરણને બદલે વધતા ખર્ચને કારણે આ પ્રમાણ જીડીપીમાં વૃદ્ધિની માત્રાને દર્શાવે છે.
- ડિફ્લેટરને ફુગાવાના વધુ સંપૂર્ણ સૂચક તરીકે જોવામાં આવે છે કારણ કે તે અર્થતંત્રમાં પેદા થતા માલસામાન અને સેવાઓના સમગ્ર સ્પેક્ટ્રમને આવરી લે છે..

**GDP** કિંમત ડિફ્લેટર **= (**નજીવી **GDP ÷** વાસ્તવિક **GDP) x 100**

- નામ પ્રમાણે, તે કિંમતો પરની અસરને ઘટાડીને નજીવી જીડીપીને વાસ્તવિક જીડીપીમાં રૂપાંતરિત કરવાનો વિશેષ ધ્યેય ધરાવે છે.
- ઉદાહરણ તરીકે, 50 ની કિંમત ડિફ્લેટર દર્શાવે છે કે વર્તમાન વર્ષની કિંમત પાયાના વર્ષના ભાવ કરતાં અડધી છે - ઉચ્ચ ફુગાવો
- તે કુલ કિંમતના સ્તરોનું સૌથી વ્યાપક સૂચક છે
- સરકારી ખર્ચમાં ફેરફાર, મૂડી નિર્માણ, વિદેશી વેપાર અને કુટુંબ વપરાશ એમ તમામ બાબતોનો સમાવેશ થાય છે.

જીડીપી ડિફ્લેટરનું મહત્વ:

- કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (CPI)થી વિપરીત, જેમાં મુખ્યત્વે ઉપભોક્તા ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે, જીડીપી ડિફ્લેટરને જીડીપીના વધુ સારા અંદાજ તરીકે જોવામાં આવે છે કારણ કે તેમાં માલસામાન અને સેવાઓની મોટી બાસ્કેટનો સમાવેશ થાય છે.
- ઉત્પાદિત ચીજવસ્તુઓ અને સેવાઓની સંખ્યામાં કોઈ ફેરફાર કર્યા વિના, કિંમતમાં ફેરફાર એ દેખાવ આપી શકે છે કે જીડીપીમાં વધારો અથવા ઘટાડો થયો છે, ડિફ્લેટર સત્યને જાહેર કરે છે.

# એકમ ૨. રોજગારી અને આવક નિર્ધારણ

- પૂર્ણ રોજગારી :

અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી એ પરિસ્થિતિનો નિર્દેશ કરે છે કે જ્યાં અનૈચ્છિક બેકારીનું પ્રમાણ ઓછામાં ઓછું હોય અને સામાન્યતઃ જે લોકો કામ કરવાની યોગ્યતા અને તત્પરતા ધરાવતા હોય તેમાંના મોટાભાગના લોકોને પ્રવર્તતા વેતનના દરે રોજગારી મળી રહેતી હોય છે, અલબત્ત, કેઈન્સે તેમની વ્યાખ્યામાં પરિવર્તનને લીધે ઉદ્ભવતી બેરોજગારી, યંત્રજન્ય બેરોજગારી તથા મોસમી બેરોજગારીને પૂર્ણ રોજગારી સાથે સુસંગત ગણાવી છે.

## આવક અને રોજગારી અંગે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનું વિશ્લેષણ :

### A. પૂર્ણ રોજગારીની ધારણા અને 'સે'નો બજાર નિયમ :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ તેમના વિશ્લેષણમાં પૂર્ણ રોજગારીની ધારણા સેવી હતી. આ અર્થશાસ્ત્રીઓ એવી માન્યતા ધરાવતા હતા કે અર્થતંત્રમાં હંમેશાં પૂર્ણ રોજગારી પ્રવર્તે છે, એટલે કે અર્થતંત્ર પૂર્ણ રોજગારીની સ્થિતિમાં જ સમતુલામાં હોય છે. અલબત્ત, આનો અર્થ એ નથી કે અર્થતંત્રમાં બેકારી કદી સર્જાશે જ નહિ. જો કોઈ સંજોગોમાં બેકારી સર્જાશે તો વેતનમાં ઘટાડો થવા લાગશે; આથી શ્રમની માંગ વધશે અને જ્યાં સુધી પૂર્ણ રોજગારી નહિ સ્થપાય ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહેશે. અંતે પૂર્ણ રોજગારી સ્થપાતાં વૈતન-સપાટી સ્થિર બનશે.

આમ, તેમના મત મુજબ રોજગારી એ ટૂંકા ગાળાની ઘટના છે, લાંબે ગાળે પૂર્ણ રોજગારીએ જ અર્થતંત્ર સમતુલા પ્રાપ્ત કરે છે. અપૂર્ણ રોજગારીની સ્થિતિમાં સમતુલા અસંભવિત છે.

આ અર્થશાસ્ત્રીઓ એમ પણ માનતા કે બેરોજગારીની સ્થિરતા માટે મજૂરમંડળોની ઇજારાશાહી કે રાજ્યની દરમિયાનગીરી જવાબદાર હોય છે, કારણ કે આ બંને પરિબળો વેતનસપાટીને નીચી આવતી રોકે છે, અને તેથી શ્રમની માંગ (રોજગારી) વધી શકતી નથી. ટૂંકમાં, આ અર્થશાસ્ત્રીઓના મત મુજબ અર્થતંત્રમાં હંમેશાં પૂર્ણ રોજગારીની પરિસ્થિતિ પ્રવર્તતી હોય છે.

**'સે'નો બજારનો નિયમ: (Say's Law of Market):**

ફ્રેંચ અર્થશાસ્ત્રી જે.બી.સે.(૧૭૬૭-૧૮૩૨)એ પોતાના વિખ્યાત સિદ્ધાંતમાં એમ પ્રસ્થાપિત કર્યું છે કે, **'પુરવઠો હંમેશાં પોતે પોતાની માંગ સર્જે છે'**, એટલે કે, જ્યારે કોઈ પણ વસ્તુનો પુરવઠો તૈયાર કરવામાં આવે છે, ત્યારે તેટલી જ માંગનું સર્જન પણ થતું હોય છે, કારણ કે, પુરવઠો તૈયાર કરવા માટે વસ્તુનું ઉત્પાદન કરવું પડે છે. ઉત્પાદનનાં જે સાધનો આ પ્રક્રિયામાં જોડાય છે તેમને આવક ચૂકવવામાં આવે છે. આ આવક અંતે વસ્તુઓની ખરીદીમાં વપરાય છે. આમ, ઉત્પાદનની પ્રક્રિયામાં એક બાજુ વસ્તુનો પુરવઠો અને બીજી બાજુ વસ્તુની માંગ સર્જાય છે.

રિકાર્ડો આ નિયમને સમજાવતાં જણાવે છે કે, 'કોઈ પણ વ્યક્તિનો વસ્તુના ઉત્પાદન પાછળનો હેતુ સ્વ-વપરાશ અથવા તો વેચાણનો હોય છે અને જ્યારે તે વસ્તુનું વેચાણ કરે છે ત્યારે તેનો આશય પોતાને ઉપયોગી એવી અન્ય વસ્તુ ખરીદવાનો જ હોય છે. આમ, કોઈ પણ ઉત્પાદક પોતે જ પોતાની વસ્તુનો ગ્રાહક બને છે અથવા તો બીજાની વસ્તુનો ગ્રાહક બનતો હોય છે.' જે. એસ. મિલના શબ્દોમાં કહીએ તો, "all sellers are inevitably and by the meaning of the word buyers")

બિનનાણાંકીય અર્થતંત્રમાં આ સિદ્ધાંત દેખીતી રીતે જ યથાર્થ જણાય છે, પરંતુ નાણાંકીય અર્થતંત્રમાં પણ તેની યથાર્થતા પુરવાર કરવાનો પ્રયત્ન થયેલો છે, જેમકે,

a. કેટલાક લોકો તેમની આવકમાંથી બચત પણ કરતા હોય છે અને તેથી તેટલા પ્રમાણમાં વસ્તુઓની માંગ થશે નહિ, પરિણામે પુરવઠા અને માંગ વચ્ચે અસમતુલા સર્જાવાની શક્યતા રહેલી છે.

   પરંતુ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મત મુજબ આમ થવાનો સંભવ નથી, કારણ કે તેમના જણાવ્યા પ્રમાણે બચતનું આપોઆપ મૂડીરોકાણ થતું હોય છે. આમ જે આવક વપરાશ પાછળ ખર્ચાતી નથી તે મૂડીરોકાણ પાછળ ખર્ચાય છે, આથી પુરવઠા અને માંગ વચ્ચે અસમતુલા સર્જાતી નથી.
b. અહીં કદાચ, એ પ્રશ્ન ઉપસ્થિત થાય કે બધી જ બચતોનું રોકાણ થઈ જશે અને પુરવઠો તથા માંગ વચ્ચે હંમેશાં સમતુલા જળવાઈ રહેશે એમ કઈ રીતે કહી શકાય ? પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મત મુજબ, વ્યાજનો દર બચત અને મૂડીરોકાણ વચ્ચે સમાનતા સ્થાપવાનું કાર્ય કરે છે. વ્યાજનો દર એ બચતની કિંમત છે, આથી જ્યારે બચતનું પ્રમાણ વધે છે ત્યારે તેની કિંમત, એટલે કે વ્યાજનો દર ઘટે છે, આને લીધે મૂડીરોકાણમાં વધારો થાય છે. આમ, અંતે બચત અને મૂડીરોકાણ વચ્ચે સંતુલન સ્થપાય છે.

**'સે'**ના બજારના નિયમની ધારણાઓ**:** '


(૧) અર્થતંત્રમાં મુક્ત હરીફાઈ પ્રવર્તે છે**.** મુક્ત બજારમાં કામ કરતું ભાવતંત્ર સમતુલા સ્થાપે છે. દાખલા તરીકે, બજારમાં જો વસ્તુઓનો પુરવઠો વધુ હશે તો તેની કિંમતમાં ઘટાડો થશે અને તેમ થતાં માંગમાં વધારો થવા પામશે અને એ રીતે માંગ અને પુરવઠા વચ્ચે સંતુલન સ્થપાશે. વિપરીત પરિસ્થિતિમાં, જો પુરવઠો ઓછો હશે તો કિંમત વધશે અને તેમ થતાં માંગ ઘટવા પામશે અને એ રીતે બે વચ્ચે સમતુલા સ્થપાશે.

(૨) બચત અને મૂડીરોકાણ સળંગ પ્રક્રિયા છે**;** બધી જ બચતોનું રોકાણ થાય છે**.**

(૩) ઉત્પાદન અને પુરવઠામાં વધારો થતાં બજાર માંગ પણ વધવાનું વલણ બતાવે છે અને આ રીતે પુરવઠો પોતાની માંગ સર્જે છે.

'સે'ના બજારના નિયમના સમર્થનમાં પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ વ્યાજનો સિદ્ધાંત રજૂ કરે છે. આ સિદ્ધાંત સાથે ખાસ કરીને પ્રો. માર્શલ, પ્રો. કાસેલ, પ્રો. કાવર, પ્રો. ટોસિંગ ઇત્યાદિ અર્થશાસ્ત્રીઓ સંકળાયેલા છે. આ સિદ્ધાંત મુજબ, વ્યાજનો દર એવી રીતે નક્કી થાય છે, કે જેથી બચત અને મૂડીરોકાણ સરખાં થાય.

આકૃતિમાં રજૂઆત કરીએ તો**:**




- આકૃતિ ની સમજુતી:
    1. આકૃતિમાં S-વક્ર બચતનો વક્ર છે, જેમ જેમ લોકો બચત વધારતા જાય તેમ તેમ પ્રતીક્ષાનો સીમાવર્તી અતુષ્ટિગુણ વધતો જતો હોય છે. માટે વ્યાજનો દર વધે તો જ લોકો બચત વધારે છે, તેથી S-વક્ર ડાબી બાજુથી જમણી બાજુ પર ચઢતો જાય છે.
    2. L—વક્ર મૂડીરોકાણનો વક્ર છે. જેમ જેમ ઉત્પાદકો મૂડીરોકાણ વધારતા જાય તેમ તેમ મૂડીની સીમાંત ઉત્પાદનશક્તિ ઘટતી જતી હોય છે. માટે વ્યાજનો દર ઘટે તો જ ઉત્પાદકો મૂડીરોકાણ વધારે છે, ને તેથી L-વક્ર ડાબી બાજુથી જમણી બાજુએ નીચે ઢળતો જાય છે.
    3. A બિંદુ પર L-વક્ર અને S-વક્ર એકબીજાને છેદે છે, A બિંદુએ બચત અને મૂડીરોકાણ સરખાં થાય છે અને L, વ્યાજનો દર નક્કી થાય છે.
    4. હવે જો કોઈ સંજોગોમાં બચતનું પ્રમાણ વધવાથી $S_1$ વક્ર સર્જાય તો વ્યાજનો દર નીચો લઈ જવા માટે પરિબળો ગતિ પકડે છે અને બીજી તરફ મૂડીરોકાણનું પરિમાણ વધવા પામે છે. અંતે, ફરીથી બચત અને મૂડીરોકાણ $A_1$ બિંદુએ સરખાં થાય છે અને નવો વ્યાજનો $L_2$ દર નક્કી થાય છે. આમ, અર્થતંત્રમાં વધારવામાં આવેલી બચતનું મૂડીરોકાણમાં પરિવર્તન થાય છે અને તેથી જ પૂર્ણ રોજગારીની સપાટી જળવાઈ રહે છે.

B. પિગુનો વેતનકાપનો સિદ્ધાંત:

- પિગુનો વેતનનો સિદ્ધાંત, ઘર્ષણજન્ય (frictional) બેકારી અને ઐચ્છિક (voluntary) બેકારીનો સ્વીકાર કરે છે. એક નોકરીમાંથી બીજી નોકરી મેળવતાં સુધી અથવા સામગ્રીના અભાવે સર્જાતી અથવા શ્રમની

અગતિશીલતાને કારણે ઘર્ષણજન્ય બેકારી સર્જાય છે, અને શ્રમની બિનઆવડત અથવા આળસ અથવા કોઈ કારણસર અનિચ્છાને કારણે ઐચ્છિક બેકારી સર્જાય છે.

- પરંતુ જ્યારે પ્રવર્તતા વેતનદર કરતાં નીચા વેતનદરે કામ કરવા માટે શ્રમજીવી તૈયાર હોય છતાંય જો તેને રોજગારી ન મળે તો તેનાથી અનૈચ્છિક બેકારી સર્જાય છે. આ અનૈચ્છિક બેકારીને પિગનો સિદ્ધાંત સ્વીકાર કરતો નથી**.**

- પિગુના સિદ્ધાંત મુજબ:
    a. શ્રમના સીમાવર્તી ઉત્પાદનએ  વાસ્તવિક વેતનદર નક્કી થાય છે, અને
    b. શ્રમ કરવાથી પેદા થતા સીમાવર્તી અતુષ્ટિગુણ બરાબર વાસ્તવિક વેતનદર હોય છે.
    c. અર્થતંત્રમાં, પ્રવર્તતી પૂર્ણ હરીફાઈને કારણે, વેતનદરથી પૂર્ણ રોજગારી સ્થાપવા તરફનું જોરદાર વલણ હોય છે. જો કોઈ સંજોગોમાં બેકારી પ્રવર્તતી હોય તો, કામદારોને પક્ષે રોજગારી મેળવવા હરીફાઈ વધવાથી, વાસ્તવિક વેતનદર નીચો જતાં ઉત્પાદકો રોજગારી સર્જી શકે છે, અને આ રીતે પૂર્ણ રોજગારીની સમતુલા પ્રાપ્ત થાય છે.

- બીજા શબ્દોમાં કહીએ તો, પિગુના મત મુજબ અર્થતંત્રમાં પ્રવર્તતી અનૈચ્છિક બેકારી માટે બજારતંત્ર નહિ. પરંતુ ચુસ્ત વેતનનીતિ જવાબદાર છે. મંદી કે એવા બીજા કટોકટીના વખતમાં ઉત્પાદકોને વેતનના દર ઊંચા આપવા પોષાય તેમ હોતું નથી, પરિણામે ઉત્પાદકો કેટલાક કામદારોને છૂટા કરી દે છે અને આ રીતે બેરોજગારી સર્જાય છે.
- આવી બેરોજગારી દૂર કરવાનો એકમાત્ર સરળ ઉપાય વેતનદરમાં કાપ મૂકવાનો છે. જો કામદારોના વેતનદરમાં કાપ (wage-cut) મૂકવામાં આવે તો ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થતાં ભાવો ઘટશે અને તેથી માંગ વધશે, પરિણામે છૂટા કરાયેલા કામદારોને તેમજ કેટલાક નવા કામદારોને રોજગારી આપી શકાશે. વળી મંદીના સમય દરમિયાન ભાવોની સપાટી નીચી હોવાથી વેતન-કાપને કારણે કામદારોની વાસ્તવિક આવકમાં કોઈપણ પ્રકારનો ઘટાડો થશે નહિ.
- પરંતુ જો મંદીના સમય દરમ્યાન વેતનના દરો ઘટાડવામાં ન આવે તો ઘટેલી ભાવસપાટીને કારણે તે કૃત્રિમ રીતે ઊંચા દરો બની જાય છે.
- પરંતુ કૃત્રિમ રીતે ઊંચા ગયેલા આ વેતનદરોને નીચા લાવવામાં મજૂરમંડળો અવરોધક નીવડે છે. તેઓ વેતનના દરો કદી પણ નીચા લાવવા દેતા નથી, જેને પરિણામે બેરોજગારી દૂર થઈ શકતી નથી. સરકારની નીતિ પણ આમાં કેટલેક અંશે જવાબદાર બની રહે છે.

- ટૂંકમાં, પિગુના મત મુજબ અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની સ્થિતિ પ્રસ્થાપિત કરવા માટેનો એકમાત્ર ઉપાય વેતન-કાપ- (wage-cut)નો છે, પરંતુ કામદાર મંડળો અને સરકારની નીતિ પૂર્ણ રોજગારી સ્થાપવાના માર્ગમાં અવરોધક બની રહે છે.

## પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના અભિગમની ટીકાત્મક ચર્ચા**:**

1. કેઈન્સ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીની પૂર્ણ રોજગારીની સમતુલાને એક અપવાદની સ્થિતિ ગણે છે. તેમના મત પ્રમાણે, વ્યવહારમાં અપૂર્ણ રોજગારી જોવા મળતી હોય છે તેમજ આ પરિસ્થિતિએ અર્થતંત્ર સમતુલા અનુભવે છે. 'સે'ના નિયમની અને પિગુના વેતનના સિદ્ધાંતની ટીકા કરીને, કેઈન્સ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની પૂર્ણ રોજગારીની માન્યતાનું ખંડન કરે છે.

- ‘સે’નો નિયમ બે બાબતો પરત્વે ગૂંચવણ ઊભી કરે છે:

a. ઉત્પાદનના વેચાણથી ઉત્પાદનનાં સાધનોને આવક પેદા થાય છે અને

b. બીજું, વેચાણ આવકથી ઉત્પાદન કરતાં થયેલા બધા જ ખર્ચને પહોંચી વળાય છે.

અહીં, પહેલી બાબત સ્વયંસિદ્ધ સત્ય છે, જ્યારે બીજી બાબત દરેક પરિસ્થિતિમાં સાચી પડતી નથી. અહીં એવા અનુમાન હેઠળ ઉત્પાદન કરવામાં આવે છે કે તેનાથી થનાર વેચાણ- આવકથી કુલ ખર્ચને પહોંચી વળાશે.
કારણ એ છે કે બચત અને મૂડીરોકાણ કોઈ એક જ પરિબળથી નક્કી થવાને બદલે ભિન્ન પરિબળો દ્વારા નક્કી થાય. એક તરફ વર્તમાન આવક દ્વારા બચત નક્કી થાય છે, અને બીજી તરફ મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને વ્યાજના દર દ્વારા મૂડીરોકાણ નક્કી થાય છે. ટૂંકમાં, લોકો બચત કરવા ઇચ્છતા હોય તેટલા જ પ્રમાણમાં ઉત્પાદકો મૂડીરોકાણ કરવાની ઈચ્છા ધરાવતા હોય એમ દરેક પરિસ્થિતિમાં બનતું હોતું નથી.

2. એ જ રીતે પુરવઠો પોતે પોતાની માંગ સર્જે છે એ માન્યતા સાથે પણ કેઈન્સ સહમત થતા નથી. તેમના મત મુજબ, આવકનો જે ભાગ વપરાશી વસ્તુઓ પાછળ ખર્ચાયો નથી તે મૂડીરોકાણ પાછળ ખર્ચાશે જ એમ હંમેશાં બનતું નથી. જે નાણાંની બચત થાય છે તેમાંથી અમુક પ્રમાણમાં નાણાંનો સંગ્રહ પણ થતો હોય છે અને તેથી તેટલે અંશે માંગ ઘટે છે.
3. તદ્ઉપરાંત, કેઈન્સ જણાવે છે કે અત્યારની અર્થવ્યવસ્થામાં આવક અને સંપત્તિની અસમાન વહેંચણી જોવા મળે છે. ધનિક વર્ગની આવક વધે છે અને તેમાંથી મોટા ભાગની રકમ બચત અને સંગ્રહમાં સર્જાય છે, જ્યારે ગરીબ વર્ગની વપરાશવૃત્તિ તીવ્ર હોય છે, પરંતુ આવકના અભાવે તેઓ વસ્તુઓ ખરીદી શકતા નથી. આમ, જે ઉત્પાદન થાય છે તે બધું જ વેચાઈ જતું નથી, પરિણામે અતિઉત્પાદન અને તેમાંથી બેરોજગારીની સમસ્યાનો સમાજે સામનો કરવો પડે છે.
4. કેઈન્સ એ સ્વીકારે છે કે શ્રમના સીમાવર્તી ઉત્પાદને વાસ્તવિક વેતનદર નક્કી થાય છે. પરંતુ કેઈન્સ એ માનવા તૈયાર નથી કે સીમાવર્તી અતુષ્ટિગુણ બરાબર જ વાસ્તવિક વેતનદર હોય, માની લો કે કોઈક વાર શ્રમના સીમાવર્તી અતુષ્ટિગુણ કરતાં ઊંચું વેતન મળે છે અને અર્થતંત્રમાં થોડાક કામદારો અનૈચ્છિક રીતે બેકાર છે. હવે આ પરિસ્થિતિમાં, પિગુના મત પ્રમાણે નાણાંકીય વેતન નીચું લાવીને વાસ્તવિક વેતન ઘટાડીને શ્રમના સીમાવર્તી અતુષ્ટિગુણ જેટલું કરવામાં રોજગારી વધારી શકાય છે. પરંતુ કેઈન્સના મત પ્રમાણે, અર્થતંત્રમાં નાણાંકીય વેતન ઘટવાથી, શ્રમની ખરીદશક્તિ ઘટે છે અને તેથી તેઓ દ્વારા માંગ ઘટતાં વસ્તુના ભાવો નીચા જાય છે અને અંતે વાસ્તવિક વેતન સ્થિર જ રહે છે. ટૂંકમાં, નાણાંકીય વેતનમાં ઘટાડો કરીને વાસ્તવિક વેતન નીચું લાવી શકાતું નથી અને જો વાસ્તવિક વેતન નીચું લાવી શકાતું ન હોય તો પ્રવર્તતી બેકારી અને અપૂર્ણ રોજગારીની પરિસ્થિતિ ચાલુ રહે છે.
5. પિગુના સિદ્ધાંતના વિરોધમાં કેઈન્સ સંસ્થાકીય પાસાંની બાબત પણ રજૂ કરે છે. આજના અર્થતંત્રમાં કામદાર મંડળોના અસ્તિત્વને લીધે નાણાંકીય વેતન ઘટાડવું ઘણું જ અઘરું છે. વેતનમાં સહેજ ઘટાડા સામે દરેક કામદાર મંડળ સખત વિરોધ પ્રદર્શિત કરે છે. આનો અર્થ એ થયો કે કામદાર મંડળો જેવાં સંસ્થાકીય પરિબળોને કારણે વાસ્તવિક વેતન નીચું લાવી શકાતું ન હોય તો શ્રમને રોજગારી આપી શકાતી નથી અને તેથી અપૂર્ણ સમતુલા ચાલુ રહે છે.

## C. રોજગારી અને આવકનું નિર્ધારણ: અસરકારક માંગનો સિદ્ધાંત :

આવક-નિર્ધારણનો સિદ્ધાંત સમજાવતાં શરૂઆતમાં જ કેઈન્સ કહે છે કે આવક એ રોજગારી પર આધારિત છે. અતિ ટૂંકા ગાળામાં ઉત્પાદનની પદ્ધતિ અને ઉત્પાદનનાં સાધનોનું પરિમાણ સ્થિર હોવાથી રોજગારી વધતાં આવક વધે છે અને રોજગારી ઘટતાં આવક ઘટે છે. આમ, આવકને રોજગારી સાથે સવળો સંબંધ હોવાથી અને ટૂંકા ગાળામાં બન્નેમાં સરખા દરે જ પરિવર્તન થતું હોવાથી કેઈન્સના સિદ્ધાંતને આવક-નિર્ધારણના અથવા તો રોજગારીના સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે.

અસરકારક માંગનો અર્થ :

સમાજમાં આવકની જુદી જુદી સપાટીએ માંગનું પ્રમાણ પણ બદલાતું જણાય છે. પરંતુ આ દરેક માંગ એ અસરકારક માંગ નથી. માંગનું જે પ્રમાણ વસ્તુઓના પુરવઠાના પ્રમાણ જેટલું હોય તેને જ અસરકારક માંગ કહેવાય. કેઈન્સના મત મુજબ અસરકારક માંગ એ રોજગારીનું નિર્ણાયક પરિબળ છે અને તેથી રોજગારીના સિદ્ધાંતનું તે એક અતિમહત્ત્વનું અંગ છે.

અસરકારક માંગ બે પરિબળો દ્વારા નક્કી થાય છે :

1. કુલ માંગ કિંમત (Aggregate Demand Price) :

દરેક નિયોજકનું ધ્યેય મહત્તમ નફો પ્રાપ્ત કરવાનું હોય છે. આથી ઉત્પાદનના વેચાણમાંથી કેટલી આવક પ્રાપ્ત થશે તેનો નિયોજક વિચાર કરે છે. આ આવકનો આધાર ઉત્પન્ન થયેલી વસ્તુઓની કેટલી કિંમતે માંગ થાય છે તેના પર રહે છે.

આથી, નિયોજકો રોજગારીના કોઈ એક ચોક્કસ પ્રમાણે વેચાણ આવકની જે અપેક્ષા રાખે છે, તેને કુલ માંગ કિંમત કહેવાય છે.

દેખીતી રીતે જ કિંમતની ધારણા સમાજ દ્વારા ચીજવસ્તુઓ તથા સેવાઓ પાછળ કેટલો ખર્ચ થવા સંભવ છે તેના પર આધાર રાખે છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે જેમ રોજગારીનું પ્રમાણ વધે છે તેમ કુલ માંગ કિંમત પણ વધી જાય છે, કેમ કે રોજગારી વધતાં ઉત્પાદન વધે છે.

આથી નીચે આપેલ આકૃતિ મુજબ કુલ માંગ કિંમતની રેખા OD પ્રકારની હશે જે દર્શાવે છે કે રોજગારી વધતાં વેચાણ આવક (કુલ માંગ કિંમત) વધે છે.

2. કુલ પુરવઠા કિંમત (Aggregate Supply Price):

કોઈપણ વસ્તુનું ઉત્પાદન કરવા માટે નિયોજકે સાધનોનું રોકાણ કરવું પડે છે. આ સાધનને તે જે કિંમત ચૂકવે છે તેને ઉત્પાદન ખર્ચ કહેવાય છે. દરેક નિયોજક ઉત્પાદનના વેચાણમાંથી ઓછામાં ઓછું તેને થયેલા ખર્ચ જેટલી આવકની અપેક્ષા તો રાખે જ.

આમ રોજગારીના કોઈપણ ચોક્કસ પ્રમાણે નિયોજકોને અમુક લઘુતમ વેચાણ આવક તો થવી જ જોઈએ, અન્યથા તે ઉત્પાદન બંધ કરશે. આ લઘુતમ વેચાણ આવકની અપેક્ષાને કુલ પુરવઠા કિંમત કહેવાય છે.
બીજા શબ્દોમાં કહીએ તો, કુલ પુરવઠા કિંમત એટલે અમુક ચોક્કસ પ્રમાણમાં રોજગારી પૂરી પાડતા નિયોજકોને મળવી જોઈતી લઘુતમ આવક.

કુલ માંગ કિંમતની જેમ કુલ પુરવઠા કિંમત પણ રોજગારી વધવાની સાથે વધે છે છતાં બંનેમાં તફાવત છે.


- કુલ માંગ કિંમત એ નિયોજકોની અનુમાનિત અર્થાત્ અપેક્ષિત આવક સૂચવે છે.
- કુલ પુરવઠા કિંમતમાં એકસરખા દરે વૃદ્ધિ થતી હોય છે.
- લાંબા ગાળે જ તેમાં મોટા ફેરફાર થતા હોય છે.
- ટૂંકા ગાળામાં રોજગારીમાં વૃદ્ધિ થતાં તેટલાં જ દરે કુલ પુરવઠા કિંમત વધે છે.

આથી નીચે આપેલ આકૃતિ માં દર્શાવ્યા મુજબ પુરવઠા કિંમતની રેખાનો આકાર OS જેવો હશે.

રોજગારીની સમતુલાની સ્થિતિ:

અત્યાર સુધીની ચર્ચામાં આપણે જોયું કે નિયોજક કેટલા મજૂરોને રોજગારી આપશે તેનો આધાર કુલ માંગ કિંમત અને પુરવઠા કિંમત પર રહે છે.

આથી જ્યાં સુધી કુલ માંગ અને કિંમતનું પ્રમાણ કુલ પુરવઠા કિંમત કરતાં વધુ હોય ત્યાં સુધી વધુ ને વધુ માણસોને રોજી આપશે, અર્થાત્ રોજગારીમાં વધારો થશે. પરંતુ જો કુલ પુરવઠા કિંમત ઓછી હશે તો તેનો અર્થ એ કે નિયોજકને તેની લઘુતમ અપેક્ષા જેટલું વળતર પણ મળી શકે તેમ નથી. આથી રોજગારીમાં ઘટાડો થશે, અંતે જ્યારે કુલ માંગ કિંમત અને કુલ પુરવઠા કિંમત સમાન થશે ત્યારે રોજગારીમાં કોઈ ફેરફાર થશે નહીં. આ હકીકત નીચેની આકૃતિ દ્વારા સ્પષ્ટ કરી શકાય.




ઉપર આપેલ આકૃતિ મુજબ OX ધરી પર રોજગારી તથા OY ધરી પર અસરકારક માંગ એટલે કે કુલ માંગ કિંમત અને કુલ પુરવઠા કિંમત માપવામાં આવે છે. OD કુલ માંગ કિંમતની રેખા છે. આ રેખા પરનું કોઈ પણ બિંદુ માંગનું પ્રમાણ દર્શાવે છે પરંતુ તે દરેક માંગ અસરકારક હોતી નથી. સામાન્ય રીતે, વહેલા યા મોડા ઘટતી પેદાશનો નિયમ લાગુ પડવાથી અને વધતું જતું વેચાણ ઘટતી જતી કિંમતે જ કરવું પડતું હોવાથી OD વક્ર નીચેથી જોતાં અંતર્ગોળ હોય છે. એટલે કે, રોજગારી વધતાં ઉત્પાદન વધતું જાય તેમ અનુમાનિત આવક વધારવાનો દર નીચે જતો જાય છે (જેમ રોજગારી વધતી જાય તેમ OD વક્રનો ધન ઢાળ ઓછો થતો જાય છે).

OS રેખા કુલ પુરવઠા કિંમત દર્શાવે છે. તે રોજગારી પૂરી પાડવાનો ખર્ચ દર્શાવે છે. OS રેખા C D સીધી રેખાના આકારમાં છે. ટૂંકા ગાળામાં ઉત્પાદનનાં સાધનોની આવક સ્થિર રહેતી હોવાથી જેમ રોજગારી વધતી જાય તેમ ઉત્પાદનનાં સાધનોને ચૂકવવી પડતી કુલ રકમ સપ્રમાણ વધતી જાય છે, એટલે કે, રોજગારી સર્જવા ઉત્પાદકોને પ્રોત્સાહન માટે જોઈતી ન્યૂનતમ વેચાણ આવક સરખા દરે જ વધતી હોવાથી OS રેખાનો ઢાળ દરેક બિંદુએ સરખો હોય છે.

જ્યારે બંને રેખાઓ (OD અને OS) એકબીજાને છેદે (E બિંદુએ) ત્યારે તે માંગને અસરકારક માંગ કહેવાય છે.

જ્યારે $ON_1$ રોજગારીનું પ્રમાણ હોય છે ત્યારે નિયોજકોને $N_1B$ જેટલી આવક થવાની ધારણા છે, તેમની લઘુતમ અપેક્ષા માંગ $N_1A$ જેટલી જ હોય છે. અર્થાત્ AB જેટલી વધુ માંગ કિંમત છે. આથી રોજગારીમાં વૃદ્ધિ થશે. રોજગારી વધતાં ઉત્પાદન વધશે, આથી બજારમાં હરીફાઈ પણ વધશે.

પરિણામે નિયોજકોની માંગ કિંમત અને પુરવઠા કિંમતનો તફાવત ઘટવા લાગશે. જ્યારે $ON_2$ રોજગારીનું પ્રમાણ હોય છે ત્યારે નિયોજકને તેમની લઘુતમ અપેક્ષા $N_2C$ કરતાં પણ ઓછી આવક $N_2D$ થવા સંભવ છે. આથી રોજગારીનું પ્રમાણ ઘટશે, માત્ર ON રોજગારીનું પ્રમાણમાં કોઈ ફેરફાર થશે નહીં કેમ કે આ સ્થિતિમાં નિયોજકોને વધુ ઉત્પાદન માટે કોઈ પ્રોત્સાહન કે ઉત્પાદન ઘટાડવા માટે કોઈ કારણ રહેતું નથી.


અપૂર્ણ રોજગારી અને સમતુલા**: (Under-employment Equilibrium):**

અહીં સૌથી મહત્ત્વનો મુદ્દો એ છે કે E બિંદુએ અર્થતંત્ર સમતુલા પ્રાપ્ત કરે છે અને ON રોજગારીનું પ્રમાણ નિશ્ચિત થાય છે. પરંતુ આ સમયે અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની સ્થિતિ હશે એમ કહી શકાય નહીં. પૂર્ણ રોજગારી પહેલાં પણ જો કુલ માંગ કિંમત અને પુરવઠા કિંમત સમાન બને ત્યારે અર્થતંત્ર સમતુલા પ્રાપ્ત કરશે.

અહીં ક્લાસિકલ વિચારસરણી અને કેઈન્સની માન્યતા વચ્ચેનો તફાવત સમજી શકાય છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના દૃષ્ટિબિંદુ મુજબ અર્થતંત્ર પૂર્ણ રોજગારીની સ્થિતિએ જ સમતુલા પ્રાપ્ત કરે છે.
જ્યારે કેઈન્સના દૃષ્ટિબિંદુ મુજબ સમતુલાની સ્થિતિ રોજગારીની ભિન્ન ભિન્ન કક્ષાએ જોઈ શકાય છે.

- કેઈન્સના મત મુજબ ટૂંકા ગાળામાં કુલ પુરવઠા કિંમત સ્થિર રહેતી હોવાથી કુલ માંગ કિંમત દ્વારા માંગ કિંમત તથા રોજગારીનું પ્રમાણ નક્કી થાય છે.
- જો માંગ કિંમત ઘટી જાય તો રોજગારીમાં ઘટાડો અને માંગ કિંમત વધી જાય તો રોજગારીમાં વૃદ્ધિ થશે.

- આકૃતિ દ્વારા તેની સમજૂતી આપી શકાય.




આકૃતિમાં દર્શાવ્યા મુજબ OS પુરવઠા કિંમતની રેખા $OD_1$ માંગ કિંમતની રેખા $E_1$ બિંદુએ છેદે છે. આથી $ON_1$ રોજગારી નક્કી થશે. માંગ કિંમતમાં ઘટાડો થતાં નવી માંગ કિંમત દર્શાવતી OD રેખા E બિંદુએ OS રેખાને છેદે છે. આથી ON રોજગારીનું પ્રમાણ નક્કી થશે. આમ માંગ કિંમત ઘટવાથી રોજગારીમાં $N_1 N$ જેટલો ઘટાડો થાય છે.

કેઈન્સના મતે અસરકારક માંગ દર્શાવતું બિંદુ સામાન્યતઃ અપૂર્ણ રોજગારીની સમતુલાનું હશે અને માત્ર અપવાદ સ્વરુપ સંજોગોમાં તે પૂર્ણ રોજગારી દર્શાવતું હશે.

સ્વાધ્યાય

પ્ર. ૧. આવક અને રોજગારી અંગે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના અભિગમની ટીકાત્મક ચર્ચા કરો.

પ્ર. ૨. 'પુરવઠો પોતે પોતાની માંગ સર્જે છે.' આ વિધાન સમજાવો.

પ્ર. ૩. પિગુના વેતન-કાપના સિદ્ધાંતની ચર્ચા કરો.

પ્ર. ૪. ‘કામદારોને ઓછું વેતન સ્વીકારવાનું કહેવું એ સારું અર્થશાસ્ત્ર હશે પરંતુ તે સારું રાજનીતિશાસ્ત્ર તો નથી જ.' આ વિધાનની સમીક્ષા કરો.

પ્ર. ૫. પૂર્ણ રોજગારીની સ્થિતિ એટલે શું? પૂર્ણ રોજગારીની ધારણા હેઠળ 'સે' તેમના ‘બજાર નિયમ' અને પિગુ તેમના 'વેતન-કાપ'ના ખ્યાલને કઈ રીતે સમજાવે છે?

પ્ર. ૬. પૂર્ણ રોજગારીનો અર્થ સમજાવો. કેઈન્સના સિદ્ધાંત મુજબ પૂર્ણ રોજગારી કઈ રીતે પ્રાપ્ત કરી શકાય? પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવામાં કઈ કઈ મુશ્કેલીઓ નડે છે?

પ્ર. ૭. કુલ માંગ કિંમત અને કુલ પુરવઠા કિંમત એટલે શું? અસરકારક માંગનો સિદ્ધાંત કુલ માંગ કિંમત અને કુલ પુરવઠા કિંમતની મદદથી સમજાવો.

પ્ર. ૮. કેઈન્સ રોજગારીના સિદ્ધાંત નીચેના મુદ્દાઓને અનુલક્ષીને સમજાવો :

(અ) પૂર્ણ રોજગારી વિષે કેઈન્સનું અર્થઘટન.

(બ) અસરકારક માંગના ખ્યાલ દ્વારા સમજ.

(ક) રોજગારીના પ્રમાણનું નિર્ધારણ અથવા રોજગારીની સમતુલાની સ્થિતિનો વિચાર.

પ્ર. ૯. ટૂંક નોંધ લખો :

(૧) 'સે'નો બજાર નિયમ

(૨) અસરકારક માંગનો સિદ્ધાંત

(૩) પિગુનો વેતન-કાપનો સિદ્ધાંત.

ટૂંકા પ્રશ્નો

પ્ર. ૧. પૂર્ણ રોજગારી એટલે શું? (ઑકટોબર - ૨૦૧૩, ૨૦૧૫, એપ્રિલ - ૨૦૧૬, માર્ચ/એપ્રિલ - ૨૦૧૭, માર્ચ/એપ્રિલ - ૨૦૧૮)
પૂર્ણ રોજગારી એ પરિસ્થિતિનો નિર્દેશ કરે છે કે જ્યાં અનૈચ્છિક બેકારીનું પ્રમાણ ઓછામાં ઓછું હોય અને સામાન્યતઃ જે લોકો કામ કરવાની યોગ્યતા અને તત્પરતા ધરાવતા હોય તેમાંના મોટા ભાગના લોકોને પ્રવર્તતા વેતનના દરે રોજગારી મળી રહેતી હોય છે.

પ્ર. ૨. જે. બી. સે. ના બજાર નિયમનું હાર્દ શું છે?
સેના બજારનિયમનું હાર્દ એ છે કે ‘પુરવઠો સ્વયં પોતાની માંગ સર્જે છે,' એટલે કે જ્યારે કોઈ પણ વસ્તુનો પુરવઠો તૈયાર કરવામાં આવે છે ત્યારે તેટલી જ માંગનું સર્જન પણ થતું હોય છે. વસ્તુનો પુરવઠો પૂરો પાડવા માટે તેનું ઉત્પાદન કરવું પડે છે, આ ઉત્પાદન પ્રક્રિયામાં જે સાધનો જોડાય છે અને તેમને આવક ચૂકવવામાં આવે છે અને આ આવક અંતે વસ્તુની ખરીદીમાં વપરાય છે. આમ, ઉત્પાદનની પ્રક્રિયામાં એક બાજુએ વસ્તુનો પુરવઠો અને બીજી બાજુએ વસ્તુની માંગ સર્જાય છે.

પ્ર. ૩. 'સે'નો બજાર નિયમ કઇ ધારણાઓ ઉપર આધારિત છે? (ઓકટોબર - ૨૦૧૪, માર્ચ/એપ્રિલ - ૨૦૧૭)

'સે'નો બજાર નિયમ નીચેની મુખ્ય ત્રણ ધારણાઓ ઉપર આધારિત છે :

(૧) અર્થતંત્રમાં મુક્ત હરીફાઈ પ્રર્વતે છે; મુક્ત બજારમાં કામ કરતું ભારતંત્ર સમતુલા સ્થાપે છે. દાખલા તરીકે, બજારમાં જો વસ્તુઓનો પુરવઠો વધુ હશે તો તેની કિંમતમાં ઘટાડો થશે અને તેમ થતાં માંગમાં વધારો થવા પામશે અને એ રીતે માંગ અને પુરવઠા વચ્ચે સમતુલા સ્થપાશે. વિપરીત પરિસ્થિતિમાં પુરવઠો જો ઓછો હશે તો કિંમત વધશે અને તેમ થતાં માંગ ઘટવા પામશે અને એ રીતે બે વચ્ચે સમતુલા સ્થપાશે.

(૨) બચત અને મૂડીરોકાણ સળંગ પ્રક્રિયા છે; બધી જ બચતોનું રોકાણ થાય છે.

(૩) ઉત્પાદન અને પુરવઠામાં વધારો થતાં બજાર માંગ પણ વધવાનું વલણ બતાવે છે અને એ રીતે પુરવઠો પોતાની માંગ સર્જે છે.

પ્ર. ૪. આવક અને રોજગારી અંગે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનો શો અભિગમ હતો?

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મત મુજબ અર્થતંત્ર પૂર્ણ રોજગારીની પરિસ્થિતિમાં જ સમતુલા અનુભવી શકે છે, એટલે કે અર્થતંત્ર પૂર્ણ રોજગારીની સ્થિતિએ જ સમતુલામાં હોય છે. તેમના જણાવ્યા પ્રમાણે બેરોજગારી એ ટૂંકા ગાળાની ઘટના છે. લાંબા ગાળે પૂર્ણ રોજગારીએ જ અર્થતંત્ર સમતુલા પ્રાપ્ત કરે છે. અપૂર્ણ રોજગારીની સ્થિતિમાં સમતુલા સંભવિત નથી. આ અર્થશાસ્ત્રીઓ એમ પણ માનતા કે બેરોજગારીની સ્થિતિ માટે મજૂરમંડળોની ઈજારાશાહી અને રાજ્યની દરમિયાનગીરી જ જવાબદાર છે, જે વેતન-સપાટીને નીચે આવતાં રોકે છે અને તેથી શ્રમની માંગ, એટલે કે, રોજગારી વધી શકતી નથી. ટૂંકમાં, પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મત મુજબ અર્થતંત્રમાં લાંબે ગાળે પૂર્ણ રોજગારીની પરિસ્થિતિ પ્રવર્તતી હોય છે.

પ્ર. ૫. પિગુના વેતન-કાપ સિદ્ધાંતનું હાર્દ જણાવો. (માર્ચ/એપ્રિલ - ૨૦૧૮)

પિગુના મત મુજબ અર્થતંત્રમાં પ્રવર્તતી અનૈચ્છિક બેકારી માટે બજારતંત્ર નહિ પરંતુ ચુસ્ત વેતનનીતિ જવાબદાર છે, આથી પૂર્ણ રોજગારી પ્રસ્થાપિત કરવા માટેનો એક ઉપાય વેતન-કાપનો છે. આમ થવાથી ઉત્પાદનખર્ચમાં ઘટાડો થતાં ભાવો ઘટશે અને તેથી માંગમાં વધારો થતાં રોજગારીમાં વધારો થવા પામશે. પરંતુ કૃત્રિમ રીતે ઊંચા રાખેલા વેતનદરોને નીચા લાવવામાં મજૂર-મંડળો અને સરકારની નીતિ અવરોધક બને છે, જેને પરિણામે દૂર થઈ શકતી નથી. આથી, પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવા માટેનો એક માર્ગ વેતન-કાપનો છે એમ પિગુએ જણાવ્યું છે.

પ્ર. ૬. અસરકારક માંગ એટલે શું?

કેઈન્સના મતે અસરકારક માંગ એટલે શું ? અથવા (એપ્રિલ - ૨૦૧૪)

અર્થતંત્રમાં કોઈ એક નિશ્ચિત સમયે લોકો દ્વારા ચીજવસ્તુઓ અને સેવાઓની જે માંગ થાય છે તેને કેઈન્સ અસરકારક માંગ તરીકે ઓળખાવે છે. બીજી રીતે કહીએ તો, લોકો દ્વારા થતો કુલ ખર્ચ એ અસરકારક માંગનું પ્રમાણ સૂચવે છે. સમાજમાં આવકની જુદી જુદી સપાટીએ માંગનું પ્રમાણ બદલાતું જણાય છે, પરંતુ આ દરેક માંગ એ અસરકારક માંગ નથી. માંગનું જે પ્રમાણ વસ્તુઓના પુરવઠાના પ્રમાણ જેટલું હોય તેને જ અસરકારક માંગ કહેવાય માંગનુંનો મત મુજબ અસરકારક માંગ એ. રોજગારીનું નિર્ણાયક પરિબળ છે અને તેણે રોજગારીના સિદ્ધાંતનું તે એક અતિ મહત્ત્વનું અંગ છે.

પ્ર. ૭. કુલ માંગ કિંમત અને કુલ પુરવઠા કિંમત એટલે શું? (ઓકટોબર - ૨૦૧૪, એપ્રિલ - ૨૦૧૬)

નિયોજકોનો હેતુ મહત્તમ ઉત્પાદન કરવાનો નહિ પરંતુ મહત્તમ નફો પ્રાપ્ત કરવાનો હોય છે. ઉત્પાદનનાં વેચાણમાંથી કેટલી આવક પ્રાપ્ત થશે તેનો તેઓ વિચાર કરે છે. આ આવકનો આધાર ઉત્પન્ન થયેલી વસ્તુઓની કેટલી કિંમતે માંગ થાય છે તેના પર રહેલો છે. આથી નિયોજકો રોજગારીના કોઈ એક ચોક્કસ સ્તરે "વેચાણ-આવકની જે અપેક્ષા" રાખે છે તેને કુલ માંગ કિંમત કહેવાય છે.

એ જ રીતે રોજગારીના કોઈ એક ચોક્કસ સ્તરે નિયોજકો જે 'લઘુતમ વેચાણ-આવકની અપેક્ષા" રાખે છે તેને કુલ પુરવઠા કિંમત તરીકે ઓળખવામાં આવે છે.

પ્ર. ૮. કેઈન્સના રોજગારીના સિદ્ધાંતનું શું હાર્દ છે?

કેઈન્સના મત મુજબ અર્થતંત્રમાં કુલ રોજગારીનું પ્રમાણ કુલ અસરકારક માંગ પર રાખે છે. તેમના જણાવ્યા પ્રમાણે રોજગારીનો આધાર વેતન પર નહિ પરંતુ અસરકારક માંગ પર છે. વેતન-ઘટાડો સ્વીકારવાથી રોજગારીનું પ્રમાણ વધશે નહિ એમ કેઈન્સ માને છે.

રોજગારી વધારવા માટે તેઓ અસરકારક માંગમાં વધારો કરવાની હિમાયત કરે છે. વધુમાં, કેઈન્સ જણાવે છે કે અસરકારક માંગ વપરાશખર્ચ તથા મૂડીરોકાણખર્ચ પર આધાર રાખે છે અને તેથી તેઓ યોગ્ય નાણાંકીય અને રાજકોષીય નીતિ દ્વારા વપરાશી માંગ તથા મૂડીરોકાણની માંગમાં વધારો કરવાની તરફેણ કરે છે.

પ્ર. ૯. કુલ પુરવઠા કિંમત એટલે શું?

કોઈપણ વસ્તુનું ઉત્પાદન કરવા માટે નિયોજકે સાધનોનું રોકાણ કરવું પડે છે. આ સાધનને તે જે કિંમત ચૂકવે છે તેને ઉત્પાદન ખર્ચ કહેવાય છે. દરેક નિયોજક ઉત્પાદનના વેચાણમાંથી ઓછામાં ઓછું તેને થયેલ ખર્ચ જેટલી આવક મળી રહે તેટલી અપેક્ષા તો રાખે જ. આમ, રોજગારીના કોઈપણ સ્તરે નિયોજકોને અમુક લઘુતમ વેચાણ આવક તો મળી રહેવી જોઈએ જ, અન્યથા તે ઉત્પાદન બંધ કરશે. આ લઘુત્તમ વેચાણ આવકની અપેક્ષાને કુલ પુરવઠા કિંમત કહેવાય છે. આમ, કુલ પુરવઠા કિંમત એટલે અમુક ચોક્કસ પ્રમાણમાં રોજગારી પૂરી પાડતા નિયોજકોને મળવી જોઈતી લઘુત્તમ આવક.

પ્ર. ૧૦. કુલ માંગ કિંમત એટલે શું?

અર્થતંત્રમાં રોજગારીનું પ્રમાણ બદલાતા ઉત્પાદન બદલાય છે. જેમ જેમ રોજગારીનું પ્રમાણ વધતું જાય તેમ તેમ ઉત્પાદન વધતું જાય છે. દરેક નિયોજકનું ધ્યેય મહત્તમ ઉત્પાદન કરવાનું નથી પરંતુ નફો પ્રાપ્ત કરવાનું હોય છે. આથી, ઉત્પાદનના વેંચાણમાંથી કેટલી આવક પ્રાપ્ત થશે તેનો નિયોજક વિચાર કરે છે. . આ આવકનો આધાર ઉત્પન્ન થયેલી ચીજ-વસ્તુઓની કેટલી કિંમતે માંગ થાય છે તેના પર રહેલો છે. આથી નિયોજકો રોજગારીના કોઈ એક ચોક્કસ સ્તરે વેચાણ આવકની જે અપેક્ષા કે ધારણા રાખે છે તેને કુલ માંગ કિંમત કહેવાય છે.

દેખીતી રીતે જ નિયોજકોની અપેક્ષિત વેચાણ આવક અર્થાત્, કુલ માંગ કિંમતની ધારણા સમાજ દ્વારા ચીજ-વસ્તુઓ અને સેવાઓ પાછળ કેટલો ખર્ચ થવા સંભવ છે તેના પર આધાર રાખે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જેમ જેમ રોજગારીનું પ્રમાણ વધે છે તેમ તેમ કુલ માંગ કિંમત પણ વધતી જાય છે, કારણ કે રોજગારી વધતાં ઉત્પાદન વધે છે. આથી વેચાણ આવકની અપેક્ષાએ કુલ માંગ કિંમત પણ વધે છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો

પ્ર.૧. પ્રો. જે. બી. સેંનો બજાર નિયમ સમજાવો. (એપ્રિલ - ૨૦૧૩)

પ્ર. ૨. કુલ માંગ કિંમત અને કુલ પુરવઠા કિંમત એટલે શું? અસરકારક માંગનો સિદ્ધાંત કુલ માંગ કિંમત અને કુલ પુરવઠા કિંમતની મદદથી સમજવો. (એપ્રિલ - ૨૦૧૩)

પ્ર. ૩. (અ) પ્રો. જે. બી. સેંનો બજાર નિયમ ટીકાત્મક રીતે સમજાવો.

(બ) અસરકારક માંગનો સિદ્ધાંત 'કુલ માંગ કિંમત' અને 'કુલ પુરવઠા કિંમત'ના ખ્યાલો દ્વારા સમજાવો. (ઓકટોબર - ૨૦૧૩)

પ્ર. ૪. ટૂંકનોંધ લખો: પ્રો. પિગુનો વેતન- કાપનો સિદ્ધાંત સમજાવો. (ઓકટોબર - ૨૦૧૩, ઓકટોબર - ૨૦૧૫)

પ્ર. ૫.વેતન કાપનો સિદ્ધાંત સમજાવો. (એપ્રિલ - ૨૦૧૪)

પ્ર.૬. પ્રો. કેઈન્સનો અસરકારક માંગના સિદ્ધાંતની સવિસ્તર સમજૂતી આપો. (એપ્રિલ - ૨૦૧૪)

પ્ર.૭. ટૂંકનોંધ લખો : જે. બી. સેંનો બજારનિયમ. (એપ્રિલ - ૨૦૧૪, એપ્રિલ - ૨૦૧૬)

પ્ર. ૮.(અ) પ્રો. પિગુનો વેતન-કાપનો સિદ્ધાંત ટીકાત્મક રીતે સમજાવો.
(બ) અસરકારક માંગનો સિદ્ધાંત આકૃતિ સહિત સમજાવો. (ઓકટો., - ૨૦૧૪)

પ્ર. ૯.(અ) પ્રો. જે. બી. સેંનો બજાર નિયમ ટીકાત્મક રીતે સમજાવો. (માર્ચ/એપ્રિલ - ૨૦૧૮)
(બ) પ્રો. કેઈન્સનો અસરકારક માંગનો સિદ્ધાંત આકૃતિ સહિત સમજાવો. (એપ્રિલ - ૨૦૧૫)

પ્ર. ૧૦. (અ) કુલ માંગ કિંમત અને કુલ પુરવઠા કિંમત દ્વારા સમતુલાની સ્થિતિ સમજાવો.
(બ ) ‘પુરવઠો પોતે પોતાની મેળે માંગ સર્જે છે.’ (ઓકટોબર - ૨૦૧૫)

પ્ર. ૧૧. પ્રો. કેઈન્સનો અસરકારક માંગનો સિદ્ધાંત સમજાવો. સમતુલાની સ્થિતિ આકૃતિની મદદથી વર્ણવો. (ઓકટોબર - ૨૦૧૬)

પ્ર. ૧૨. કુલ માંગ કિંમત અને કુલ પુરવઠા કિંમતના ખ્યાલો દ્વારા પ્રો. કેઈન્સનો અસરકારક માંગનો સિદ્ધાંત સમજાવો. (એપ્રિલ - ૨૦૧૭)

પ્ર. ૧૩. ટૂંક નોંધ લખો: પ્રો. પિગુનો વેતન-કાપનો સિદ્ધાંત (એપ્રિલ - ૨૦૧૭)

## ઉપભોગ વિધેય અને મૂડીરોકાણ વિધેય

[૧] પ્રાસ્તાવિક :

આગળના પ્રકરણમાં આપણે જોઈ ગયા કે રોજગારીનો આધાર અસરકારક માંગ પર રહેલો છે. અસરકારક માંગ એ વપરાશ અને મૂડીરોકાણ પાછળ થતો ખર્ચ દર્શાવે છે.

કેઈન્સના જણાવ્યા પ્રમાણે કોઈ ચોક્કસ સમય દરમિયાન અર્થતંત્રમાં રોજગારીના પ્રમાણને અસર કરતાં મુખ્ય બે નિર્ણાયક પરિબળો છે :

(૧) ઉપભોગવૃત્તિ અથવા ઉપભોગ વિધેય.

(૨) મૂડીરોકાણનું પ્રમાણ અથવા મૂડીરોકાણ વિધેય.

[૨] ઉપભોગવૃત્તિ અથવા ઉપભોગ વિધેય : (વપરાશ વૃત્તિ અથવા વપરાશ विधेय): (The Propensity to Consume or The Consumption Function):

ઉપભોગવૃત્તિ અથવા વપરાશવૃત્તિ એ આવક અને વપરાશ વચ્ચેનો સંબંધ દર્શાવે છે. અર્થતંત્રમાં ઉપભોગનું પ્રમાણ આવકથી નક્કી થાય છે. આવકમાં વધારો થતાં ઉપભોગમાં વધારો થાય છે અને આવકમાં ઘટાડો થતાં ઉપભોગમાં ઘટાડો થાય છે. આમ આવક અને ઉપભોગ વચ્ચે સવળો સંબંધ છે.

સૂત્રના ₹પમાં રજૂ કરીએ તો :

$$\mathbf{C=f\ (y)}.$$

જ્યાં C ઉપભોગ અને y આવકનો નિર્દેશ કરે છે.

આમ, ઉપભોગ એ આવકનું વિધેય છે. (Consumption is a function of income).

સામાન્ય રીતે વ્યક્તિ તેની બધી જ આવક વપરાશ પાછળ ખર્ચી નાખે એવું ભાગ્યે જ બનતું હોય છે. દરેક વ્યક્તિ પોતાની આવક કરતાં વપરાશનું પ્રમાણ સહેજ ઓછું રાખતી હોય છે.

પરંતુ જ્યારે તેની આવકમાં વધારો થાય છે ત્યારે તેના ઉપભોગ ખર્ચમાં પણ વધારો થાય છે, કારણ કે આવક વધતાં વ્યક્તિ તેની વધુ જ₹રિયાતો સંતોષવા પ્રયત્ન કરે છે. આમ આવક વધતાં ઉપભોગ વધે છે, પરંતુ આ સાથે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે અમુક બિંદુ પછી આવકમાં થતો વધારો સપ્રમાણ વપરાશ વધારામાં પરિણમતો નથી**.** એ જ રીતે આવકમાં થયેલો ઘટાડો સપ્રમાણ વપરાશ ઘટાડામાં પરિણમતો નથી.

વ્યક્તિ અથવા તો સમગ્ર સમાજના વલણ પરથી કેઈન્સ ઉપભોગવૃત્તિનો ખ્યાલ સ્પષ્ટ કરતાં જણાવે છે કે, **"**માનવસ્વભાવના આપણા જ્ઞાન તથા અનુભવના આધારે આપણે તારવી શકીએ કે જ્યારે કુલ વાસ્તવિક આવક વધે છે ત્યારે વપરાશ ખર્ચ પણ વધે છે**,** પરંતુ **,** પરંતુ તેમાં **(**વપરાશ ખર્ચમાં**)** આવકમાં થયેલા વધારા જેટલો વધારો થતો નથી**."** આ મનોવૈજ્ઞાનિક વલણને 'ઉપભોગવૃત્તિ'નો નિયમ કહેવાય છે. આમ, 'ઉપભોગવૃત્તિનો' ખ્યાલ આવક અને વપરાશ વચ્ચેનો સંબંધ દર્શાવે છે.

ઉપભોગ અને ઉપભોગવૃત્તિ બંને એક જ ખ્યાલો નથી.

a. ઉપભોગ એટલે આવકની અમુક સપાટીએ વપરાશ પાછળ થતું ખર્ચ, જ્યારે
b. ઉપભોગવૃત્તિ એ આવકની જુદી જુદી સપાટીએ વપરાશ ખર્ચનો નિર્દેશ કરે છે. ઉપભોગ પરિમાણ દર્શાવે છે, જ્યારે ઉપભોગવૃત્તિ એ ઉપભોગ અને આવક વચ્ચેનો સંબંધ સૂચવતો ગુણોત્તર દર્શાવે છે.

દા.ત., ૧૦૦ ₹પિયાની આવકે ૮૦ ₹પિયાનો ઉપભોગ હોય તો, ઉપભોગવૃત્તિ ૮૦ ટકા છે કે જે મળતી આવકમાંથી કરવામાં આવતા ઉપભોગ તરફનું વલણ દર્શાવે છે, જો આવક વધીને ૨૦૦ ₹પિયા થાય અને ઉપભોગનું પરિમાણ ૧૬૦ ₹પિયા થાય તો, હજીયે ઉપભોગવૃત્તિ ૮૦ ટકા જ રહે છે, જ્યારે કુલ ઉપભોગનું પરિમાણ પહેલાં કરતાં બમણું થાય છે.

કુલ ઉપભોગવૃત્તિનો એટલે સમગ્ર રાષ્ટ્રની કુલ આવક અને રાષ્ટ્રના ઉપભોગ ખર્ચ વચ્ચેનો ગુણોત્તર.

- સરેરાશ ઉપભોગવૃત્તિ અને સીમાંત ઉપભોગવૃત્તિ**:**

કેઈન્સના ઉપભોગવૃત્તિના ખ્યાલમાં સરેરાશ ઉપભોગવૃત્તિ અને સીમાંત ઉપભોગવૃત્તિનું ટેકનિકલ દૃષ્ટિએ આર્થિક વિશ્લેષણમાં ઘણું મહત્ત્વ રહેલું છે.

a. સરેરાશ ઉપભોગવૃત્તિ:

કોઈ એક નિશ્ચિત સમયે કુલ ઉપભોગ અને કુલ આવક વચ્ચેના ગુણોત્તર (ratio) ને સરેરાશ ઉપભોગવૃત્તિ કહેવામાં આવે છે. દાખલા તરીકે, જો વપરાશમાં C સંજ્ઞાનો ઉપયોગ કરીએ અને આવક માટે Y સંજ્ઞાનો ઉપયોગ કરીએ તો,

$$\text{સરેરાશ વપરાશ વૃત્તિ} = \frac{\text{કુલ વપરાશ}}{\text{કુલ આવક}} \quad \text{અથવા} \quad \frac{C}{Y}$$

ઉદાહરણ તરીકે, જો આવક ₹. ૨૦૦ હોય અને વપરાશ ₹. ૧૮૦ હોય તો,

સરેરાશ વપરાશ વૃત્તિ (Average Propensity to Consume) = ૧૮૦ / ૨૦૦ = ૯૦%.

આમ, સરેરાશ વપરાશવૃત્તિ ૯૦ ટકા છે એમ કહી શકાય.

b. સીમાંત ઉપભોગવૃત્તિ:

સીમાંત ઉપભોગવૃત્તિ એ આવકના ફેરફારને લીધે ઉપભોગમાં થતા ફેરફારનું પ્રમાણ દર્શાવે છે.

આપણે આગળ જોઈ ગયા છીએ કે આવકમાં થતા વધારા સાથે વપરાશમાં પણ વધારો થતો હોય છે. આ વધારાની વપરાશ અને વધારાની આવક વચ્ચેનો ગુણોત્તર સીમાંત વપરાશવૃત્તિ દર્શાવે છે.

ધારો કે, ₹. ૨૦૦ની આવક હોય ત્યારે વપરાશ ₹. ૧૦૦ જેટલી છે. હવે આવક વધીને ₹. ૩૦૦ થાય છે ત્યારે વપરાશનું પ્રમાણ વધીને ₹. ૧૫૦ થાય છે. અહીં આવકમાં ₹. ૧૦૦નો વધારો થયો છે જ્યારે વપરાશમાં ₹. ૫૦નો વધારો થયો છે. આથી, વપરાશમાં થયેલા વધારાને (એટલે કે ₹ ૫૦ને) આવકમાં થયેલા વધારાથી (એટલે કે ₹ ૧૦૦ થી) ભાગતાં સીમાંત વપરાશવૃત્તિ પ્રાપ્ત થશે.

સીમાન્ત વપરાશવૃત્તિનું સૂત્ર નીચે પ્રમાણે દર્શાવી શકાયઃ

$$\text{સીમાન્ત વપરાશવૃત્તિ (marginal prospensity to consume)} = \frac{\text{વપરાશમાં થયેલો ફેરફાર}}{\text{આવકમાં થયેલો ફેરફાર}}$$

$$\text{અથવા} \quad MPC = \frac{\Delta C}{\Delta Y}$$

અહીં, C = એટલે વપરાશ (ઉપભોગ), Y = એટલે આવક અને Δ = એટલે ફેરફાર


સીમાંત ઉપભોગવૃત્તિના મૂલ્ય અંગે ત્રણ શક્યતાઓ રહેલી છે:

a. વ્યક્તિની આવકમાં થયેલા વધારાનો બધો જ ભાગ જ્યારે વપરાશ પાછળ ખર્ચી નાખવામાં આવે ત્યારે સીમાન્ત ઉપભોગવૃત્તિ એકમની બરાબર છે એમ કહેવાશે.

b. વ્યક્તિની આવકમાં થયેલા વધારા કરતાં પણ ખર્ચનું પ્રમાણ વધી જાય તો સીમાન્ત ઉપભોગવૃત્તિ એકમ કરતાં વધુ છે એમ કહેવાશે.
c. વ્યક્તિની આવકમાં થયેલા વધારા કરતાં ખર્ચનું પ્રમાણ ઓછું હોય ત્યારે સીમાન્ત વપરાશવૃત્તિ એકમ કરતાં ઓછી છે એમ કહેવાશે.

કેઈન્સના જણાવ્યા પ્રમાણે સીમાન્ત ઉપભોગવૃત્તિ એકમ કરતાં ઓછી થવાનું વલણ બતાવે છેઃ

સામાન્ય સંજોગોમાં વપરાશખર્ચમાં, આવક કરતાં ઓછી ઝડપે વધારો થાય છે. કેઈન્સનું આ તારણ અનુભવાશ્રિત છે. અન્વયે એમ જણાય છે કે સામાન્ય સંજોગોમાં અન્ય પરિબળોમાં ફેરફાર ન થાય તો આવક વધતાં, સીમાંત ઉપભોગવૃત્તિ ઘટવાનું વલણ બતાવે છે. જેમ જેમ આવક વધે છે તેમ તેમ કુલ વપરાશ વધે છે પણ વપરાશવૃદ્ધિનો દર ઉત્તરોત્તર ઘટતો જાય છે.




આકૃતિ દ્વારા સરેરાશ ઉપભોગવૃત્તિ અને સીમાંત ઉપભોગવૃત્તિની સમજૂતી નીચે પ્રમાણે આપી શકાય :

આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે OY આવક હોય છે ત્યારે YM જેટલી વપરાશ થાય છે. આથી

સરેરાશ વપરાશવૃત્તિ **= YM / OY**

થશે. જ્યારે આવકમાં $YY_1$ જેટલો અથવા (MN) જેટલો વધારો થાય છે ત્યારે વપરાશખર્ચમાં NP જેટલો વધારો થાય છે.
આથી,

સીમાંત વપરાશવૃત્તિ $\Delta C / \Delta Y = NP / YY_1$

થશે.

ધનિક વર્ગની ઉપભોગવૃત્તિ ગરીબ વર્ગ કરતાં નીચી હોય છેઃ

ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થશે કે સમાજમાં ધનિક વર્ગની ઉપભોગવૃત્તિ ગરીબ વર્ગ કરતાં નીચી હોય છે. આનું મુખ્ય કારણ એ છે કે શ્રીમંત લોકોની મોટા ભાગની જરૂરિયાતો સંતોષાઈ ગયેલી હોય છે, પરિણામે તેમની આવકનો બહુ જ ઓછો ભાગ વપરાશ પાછળ ખર્ચાય છે અને બાકીનો મોટો ભાગ બચત રૂપે રહે છે;

જ્યારે બીજી તરફ, ગરીબ લોકોની આવક ઓછી હોવાથી તેમની કેટલીક જરૂરિયાતો વણસંતોષાયેલી રહે છે, અને તેથી તેમની આવકમાં વધારો થતાં તેનો મોટો હિસ્સો વપરાશ પાછળ ખર્ચાતો હોય છે. આમ, તેમની વપરાશવૃત્તિ ઊંચી હોય છે.

કેઈન્સના મત મુજબ મૂડીવાદી અર્થવ્યવસ્થામાં કે જ્યાં આવકની અસમાન વહેંચણી થયેલી હોય છે ત્યાં સમાજની કુલ ઉપભોગવૃત્તિનું પ્રમાણ નીચું હોય છે કારણ કે અસમાન વહેંચણીંના કારણે કુલ આવકનો મોટો ભાગ નીચી ઉપભોગવૃત્તિ ધરાવતા શ્રીમંત વર્ગ પાસે જ રહેલો હોય છે. આમ, અર્થતંત્રમાં કુલ ઉપભોગવૃત્તિનું પ્રમાણ નીચું હોવાથી અસરકારક માંગનું પ્રમાણ પણ નીચું રહે છે અને તેને પરિણામે રોજગારીનું પ્રમાણ પણ નીચું રહેવા પામે છે. આથી રોજગારીનું પ્રમાણ વધારવા માટે વપરાશવૃત્તિમાં વધારો કરવો જરૂરી બને છે. ગરીબ વર્ગની તરફેણમાં આવકની પુનઃ વહેંચણી દ્વારા તેમ કરી શકાય છે. આ માટે શ્રીમંત વર્ગ કે જેની વપરાશવૃત્તિ નીચી હોય છે તેના પર કરવેરા નાખીને તે આવકનો ઉપયોગ જાહેર ખર્ચ દ્વારા ગરીબ વર્ગ માટે કરીને સમાજની કુલ ઉપભોગવૃત્તિમાં વધારો કરી શકાય અને એ રીતે અર્થતંત્રમાં રોજગારીનું પ્રમાણ વધારી શકાય છે.

ઉપભોગવૃત્તિ અથવા વપરાશવૃત્તિને અસર કરતાં પરિબળો **:**

ઉપભોગવૃત્તિને અસર કરતાં પરિબળોનો બે વિભાગ હેઠળ અભ્યાસ કરી શકાય :

1. વ્યક્તિલક્ષી પરિબળો (Subjective factors)
2. વસ્તુલક્ષી પરિબળો (Objective factors)

1. વ્યક્તિલક્ષી પરિબળો **:** વ્યક્તિલક્ષી પરિબળોને આંતરિક પરિબળો પણ કહેવામાં આવે છે. વિશ્લેષણની સરળતા ખાતર આ પરિબળોને બે પેટા વિભાગોમાં વહેંચવામાં આવે છે:

   **(અ)** માનસશાસ્ત્રીય પરિબળો **(બ)** સામાજિક પરિબળો**.**

a. માનસશાસ્ત્રીય પરિબળો **:** આ પરિબળોમાં માનવસ્વભાવની ખાસિયતો તથા સંસ્થાકીય બાબતો જે વ્યક્તિ, વેપારીઓ, કંપનીઓ વગેરેને વધુ બચત તથા ઓછી વપરાશ કરવા પ્રેરે છે તેનો સમાવેશ થાય છે. કેઈન્સના જણાવ્યા પ્રમાણે આ પરિબળો નીચે મુજબ છે :

1. આકસ્મિક રીતે આવી પડતી ભાવિ આર્થિક મુશ્કેલીઓ સામે રક્ષણ મેળવવા માટે વ્યક્તિ બચત કરવા પ્રેરાય છે.

2. કેટલીક કૌટુંબિક જવાબદારીઓ જેમ કે શિક્ષણ, આશ્રિતોનો નિભાવ, વૃદ્ધાવસ્થા જેવા સંજોગોનો વિચાર કરીને વ્યક્તિ વપરાશમાં કાપ મૂકવા પ્રેરાય છે.
3. ઘણી વખત વ્યક્તિ એવી ગણતરી કરે છે કે અત્યારે વધુ બચત કરી તેનું રોકાણ વ્યાજ તથા રોકાણનું વળતર મેળવીને ભવિષ્યમાં ઊંચું જીવનધોરણ જીવી શકશે. આથી વર્તમાન વપરાશ ખર્ચ ઘટે છે.
4. જો વ્યક્તિ પાસે પૂરતા પ્રમાણમાં બચત ભંડોળ હોય તો કોઈ પણ સમયે જ્યારે પણ તેને નાણાંની જરૂરિયાત ઊભી થાય ત્યારે બીજા કોઈની પાસે મદદ માગવી પડતી _નથી. આમ, એક પ્રકારની સ્વતંત્રતાની વૃત્તિથી પ્રેરાઈને વ્યક્તિ વધુ બચત કરવા પ્રયત્ન કરે છે.
5. પોતાના ધંધાના વિકાસ માટે તથા સટ્ટાકીય હેતુથી પ્રેરાઈને પણ વ્યક્તિ વધુ બચત અને ઓછી વપરાશ કરે છે.
6. જે વ્યક્તિઓ સ્વભાવથી જ કંજૂસ છે તેઓ સ્વાભાવિક રીતે ઓછી વપરાશ કરવા પ્રેરાય છે.

ઉપરનાં પરિબળો વ્યક્તિને વધુ બચત કરવા પ્રેરે છે, વધુમાં કેઈન્સ જણાવે છે કે કેટલાક પરિબળો જેવાં કે દીર્ઘદ્રષ્ટિનો અભાવ, ઊંચા જીવનધોરણની વૃત્તિ, ઉડાઉપણું, મોજશોખ વગેરે વપરાશને ઉત્તેજન આપતાં હોય છે.

આંતરિક પરિબળોમાં ઉપરોક્ત વ્યક્તિલક્ષી બાબતો ઉપરાંત કંપનીઓ, પેઢીઓ, સરકારી સંસ્થાઓ વગેરેનાં વર્તનની ખાસિયતોનો પણ કેઈન્સ સમાવેશ કરે છે.

કંપનીઓ તેમજ અન્ય એકમો નીચેના હેતુઓથી પ્રેરાઈને પોતાનાં નાણાંકીય ભંડોળ વધારતી હોય છે, આથી સમાજમાં ઉપભોગ ખર્ચ ઘટે છેઃ-

1. ધંધાનો વિકાસ કરવા, મૂડીરોકાણ વધારવા તથા કોઈ નવું સાહસ કરવાના હેતુથી પેઢીઓ નાણાંકીય ભંડોળ વધારતી હોય છે. આથી સમાજમાં ઉપભોગ ખર્ચ ઘટે છે.
2. રોકડ હાથ પર રાખવાના હેતુથી પ્રેરાઈને પેઢીઓ નાણાંકીય ભંડોળ વધારે છે.
3. પોતાની નાણાંકીય સદ્ધરતા તથા સંચાલનની સફળતા પુરવાર કરવા માટે પણ પેઢીઓ પોતાનાં નાણાંભંડોળ વધારવા પ્રેરાય છે.
4. ઘસારાખર્ચ, દેવાંની ચુકવણી, અનામત ભંડોળ વગેરે હેતુઓ માટે પેઢી ઘણી બચત કરે છે.

**b.** સામાજિક પરિબળો **:** સામાજિક પરિબળો પણ સીમાન્ત ઉપભોગવૃત્તિને અસર કરનારાં વ્યક્તિલક્ષી પરિબળો છે. સામાજિક પરિબળોમાં સામાજિક સંસ્થાઓ તથા તેમની રીતરસમોનો સમાવેશ થાય છે. સંસ્થાઓની વેતન તથા ડિવિડન્ડ અંગેની નીતિનો સામાજિક પરિબળોમાં સમાવેશ થાય છે. આવકની વહેંચણી પણ એક સામાજિક પરિબળ છે. ધનિક વ્યક્તિની વપરાશ, ગરીબ વ્યક્તિની વપરાશ કરતાં આવકના પ્રમાણમાં ઓછી હોય છે. અન્ય પરિબળોમાં ફેરફાર ન થાય તો, આવકની અસમાનતામાં થતો વધારો, વપરાશના પ્રમાણમાં ઘટાડો કરે છે. તેવી જ રીતે આવકની અસમાનતામાં ઘટાડો થતાં વપરાશનું પ્રમાણ વધવાનું વલણ બતાવશે.

આમ, વ્યક્તિ તથા સામાજિક, આર્થિક અને સંસ્થાકીય માળખાનાં સંદર્ભમાં કેઈન્સ અનેક આંતરિક પરિબળોની ચર્ચા કરે છે. આ પરિબળો ટૂંકા ગાળામાં સ્થિર રહે છે કેમ કે વ્યક્તિનો સ્વભાવ કે સંસ્થાકીય બાબત લાંબા સમય સુધી બદલાતાં નથી; તેમાં આવતાં પરિવર્તનોની ગતિ અત્યંત મંદ હોય છે.

**2.** વસ્તુલક્ષી પરિબળો :

વસ્તુલક્ષી પરિબળોને બાહ્ય પરિબળો પણ કહેવામાં આવે છે. આમાં મુખ્યત્વે નીચેનાં પરિબળોનો સમાવેશ થાય છે :

1. ભાવસપાટીમાં થતાં ફેરફારો : કિંમતમાં ઘટાડો વ્યક્તિની આવકમાં વધારો નિપજાવે છે અને તેથી લોકો વધુ ચીજવસ્તુઓની માંગ કરતા હોય છે. આથી વિરુદ્ધ, જ્યારે ચીજવસ્તુઓના ભાવો વધે છે ત્યારે લોકોને પહેલાંના જેટલી જ વસ્તુઓ મેળવવા વધુ નાણાં ચૂકવવાં પડે છે. આથી તેમની વાસ્તવિક આવક ઘટે છે. વાસ્તવિક આવક ઘટવાથી ચીજવસ્તુઓની માંગ ઘટે છે. આમ કિંમત અને વેતનમાં આવતાં પરિવર્તનો વપરાશવૃત્તિમાં પણ પરિવર્તન લાવે છે.
2. ભાવિની ધારણામાં ફેરફાર: ભવિષ્યમાં ભાવ વધવાની ધારણા સેવતી હોય તો લોકો વર્તમાનમાં વધુ ખરીદી કરે છે. તેવી જ રીતે ભવિષ્યમાં ભાવઘટાડાની ધારણા હોય તો લોકો વર્તમાનમાં વપરાશનું પ્રમાણ ઘટાડે છે. વળી વ્યક્તિની વપરાશવૃત્તિનો આધાર ભવિષ્યના સંજોગો પર પણ રહેલો છે. ભવિષ્યમાં કોઈ ચોક્કસ નફો અથવા આવક મળવાની ધારણા હશે તો વ્યક્તિ પોતાની વર્તમાન આવકમાંથી વધુ ખર્ચ કરશે. આથી ઊલટું, ભવિષ્યમાં કોઈ ચોક્કસ નફો કે આવક મળવાની આશા ન હોય ત્યારે લોકો પોતાની વર્તમાન આવકમાંથી કરકસરપૂર્વક ખર્ચ કરશે અને આમ વપરાશવૃત્તિમાં ઘટાડો થશે.
3. રાજકોષીય નીતિ: રાજકોષીય નીતિમાં થતા ફેરફારો ઉપભોગવૃત્તિમાં ફેરફાર સર્જે છે. દાખલા તરીકે, યુદ્ધના સમય દરમિયાન અથવા ઝડપી આર્થિક વિકાસની યોજનાઓ માટે જ્યારે સરકાર ભારે કરબોજ વધારે છે ત્યારે વપરાશખર્ચમાં ઘટાડો થાય છે. એ જ રીતે જ્યારે ચીજવસ્તુઓની વહેંચણી પર માપબંધી અને ભાવ-નિયમનની નીતિ અમલમાં મૂકવામાં આવે છે ત્યારે વપરાશવૃત્તિ પર કાપ મુકાય છે. બીજી તરફ કરવેરાના દરમાં ઘટાડો થતાં લોકોની ખરીદશક્તિ વધે છે અને તે સાથે વપરાશવૃત્તિ પણ વધે છે. ભાવનિયમન અને માપબંધી નીતિ હળવી થાય ત્યારે પણ લોકોની વપરાશવૃત્તિમાં વધારો થાય છે. એ જ પ્રમાણે જાહેરખર્ચની નીતિ પણ વપરાશવૃત્તિ પર અસર પહોંચાડે છે.
4. આવકની વહેંચણી : વપરાશવૃત્તિના નિયમમાં આપણે જોયું કે જેમ આવક વધે તેમ વપરાશ ખર્ચ વધે છે, પરંતુ આવકવૃદ્ધિના દર કરતાં તેમાં ઓછા દરે વધારો થાય છે. આ પરથી એમ કહી શકાય કે આવક વધતાં સીમાન્ત વપરાશવૃત્તિ ઘટે છે. બીજા શબ્દોમાં કહીએ તો ધનિક વર્ગ કરતાં ગરીબ વર્ગની સીમાન્ત વપરાશવૃત્તિ તીવ્ર હોય છે. આથી જ્યારે સમાજમાં આવકની વહેંચણીનું માળખું વધારે સમાન બને ત્યારે વપરાશવૃત્તિ વધે છે કારણ કે જેમની વપરાશવૃત્તિ તીવ્ર છે તેમની તરફેણમાં (એટલે કે ગરીબોની તરફેણમાં) આવકની પુનઃ વહેંચણી થાય છે. આમ, સરકાર તેની રાજકોષીય નીતિ દ્વારા આવકની પુનઃ વહેંચણી કરી ઉપભોગવૃત્તિમાં પરિવર્તન લાવી શકે છે. શ્રીમતી જોન રોબિન્સ પણ જણાવે છે કે આવકની વહેંચણી વપરાશી ચીજવસ્તુઓની માંગ પર અસર પહોંચાડતું સૌથી વધુ અસરકારક પરિબળ છે.
5. કંપનીઓની નાણાંકીય નીતિ : પ્રો. કે. કુરીહારાના જણાવ્યા પ્રમાણે કંપનીઓની અનામત ભંડોળની નીતિ, ડિવિડન્ડ નીતિ, પુનઃરોકાણ નીતિ, વગેરેની શેરધારકોની આવક પર અસર થાય છે કે જેઓ ઉપભોક્તા પણ હોય છે. આથી જયારે કંપનીઓ ડિવિડન્ડ જાહેર કરવામાં વધુ પડતી કડક નીતિ રાખતી હોય ત્યારે શેરહોલ્ડરોને ઓછી આવક પ્રાપ્ત થાય છે, આથી સમાજમાં ઉપભોગવૃત્તિ ઘટતી જણાશે. ટૂંકમાં, કંપનીનો કુલ નફો અને ડિવિડન્ડ વચ્ચેનો તફાવત ઉપભોગવૃત્તિને અસર પહોંચાડે છે.
6. વ્યાજના દરમાં નોંધપાત્ર ફેરફારો: વ્યાજના દરમાં થતાં પરિવર્તનો લોકોની વપરાશવૃત્તિ પર અસર કરે છે. વ્યાજના દરમાં ઘટાડો થવાથી જામીનગીરીઓના બજારભાવ વધે છે. આથી જામીનગીરીઓ ધરાવનાર વ્યક્તિઓના નફામાં અણધાર્યો લાભ થાય છે. આ રીતે નફામાં થતો વધારો તેઓને ચીજવસ્તુઓની વધુ માંગ કરવા પ્રેરે છે. આથી તેમની વપરાશવૃત્તિમાં વધારો થાય છે. આથી ઊલટું જ્યારે, વ્યાજના દરમાં વધારો થાય છે ત્યારે જામીનગીરીઓના બજારભાવમાં ઘટાડો થાય છે. આથી જામીનગીરીઓ ધરાવનાર વ્યક્તિઓના નફામાં ઘટાડો થાય છે જેને પરિણામે વપરાશવૃત્તિ સંકોચાય છે.

7. આકસ્મિક નફો કે ખોટ : વ્યક્તિને જ્યારે કોઈ આકસ્મિક નફો મળે ત્યારે તેની વપરાશવૃત્તિમાં વધારો થતો હોય છે. આથી વિપરીત, જ્યારે તેને કોઈ આકસ્મિક નુકસાન કે ખોટ સહન કરવી પડે ત્યારે તેની વપરાશવૃત્તિમાં ઘટાડો થાય છે.
8. વર્તમાન અને ભાવિ આવક વચ્ચેના સંબંધ વિષે અનુમાન : વર્તમાન અને ભાવિ આવક વચ્ચેના સંબંધમાં પરિવર્તન આવતાં ઉપભોગવૃત્તિ બદલાય છે. દાખલા તરીકે, આવતા વર્ષે પણ ચાલુ વર્ષ જેટલી જ ( આવક થશે એવા અનુમાનથી વ્યક્તિ જે ઉપભોગ કરતી હોય તે જો એવા અનુમાન પર આવે કે આવતે વર્ષે દોઢી આવક થશે તો વર્તમાન ઉપભોગવૃત્તિ વધશે. આ પરિબળ કોઈ એક વ્યક્તિના ઉપભોગ પર જેટલે અંશે અસર કરી શકે છે તેટલે અંશે સમગ્ર અર્થતંત્રને સચોટ રીતે અસર કરી શકતું નથી કારણ તેની કે બધા જ લોકોનાં અનુમાનોમાં એક દિશામાં પરિવર્તનો આવતાં નથી.

- ઉપભોગવૃત્તિના ખ્યાલનું મહત્ત્વ: કેઈન્સે આપેલો ઉપભોગવૃત્તિનો ખ્યાલ આધુનિક આર્થિક વિશ્લેષણમાં એક મહત્ત્વનું સીમાચિહ્ન છે.

આ ખ્યાલનું તાત્પર્ય એ છે કે આવકમાં વધારો કે ઘટાડો થતાં, વપરાશમાં પણ અનુક્રમે વધારો કે ઘટાડો થાય છે પરંતુ વપરાશમાં થતો વધારો કે ઘટાડો આવકમાં થયેલ ફેરફાર કરતાં ઓછો હોય છે. વપરાશવૃત્તિ પર અસર કરતાં વ્યક્તિલક્ષી (આત્મલક્ષી) પરિબળો સામાન્ય રીતે ટૂંકા ગાળામાં બદલાતાં નથી, બીજી તરફ અમુક વસ્તુલક્ષી પરિબળોમાં થતા ફેરફારો ઉપભોગવૃત્તિમાં ટૂંકા ગાળામાં પરિવર્તન લાવી શકે છે પરંતુ તેઓ નોંધપાત્ર અસર કરતાં નથી.
આથી એમ કહી શકાય કે, ટૂંકા ગાળામાં ઉપભોગવૃત્તિ પ્રમાણમાં સ્થિર રહે છે અને તે આવક દ્વારા નક્કી થાય છે. આના આધારે એમ કહી શકાય કે જો ઉપભોગવૃત્તિમાં ફેરફાર ન થાય તો મૂડીરોકાણમાં વધારો કરીને જ રોજગારીમાં વધારો કરી શકાય.

ઉપભોગવૃત્તિના ખ્યાલના આધારે નીચેના મુદાઓ તારવી શકાય :

- જો ટૂંકા ગાળામાં ઉપભોગવૃત્તિ સ્થિર રહેતી હોય તો, મૂડીરોકાણમાં આવતાં પરિવર્તનો જ ટૂંકા ગાળામાં આવકની સપાટી નક્કી કરી શકે છે.
- જો આવક વધતાં સીમાંત ઉપભોગવૃત્તિ ઘટતી જતી હોય તો વધુ આવકની સપાટી જાળવવા માટે વધુ અને વધુ મૂડીરોકાણ કરવું પડે છે. જો વધતી બચતને મૂડીરોકાણમાં ન ફેરવવામાં આવે તો અતિઉત્પાદન અને બેરોજગારી સર્જાય છે. આમ આ ખ્યાલ દ્વારા પરોક્ષ રીતે પૂર્ણ રોજગારીની ધારણાનો વિરોધ કરવામાં આવ્યો છે.
- સીમાંત ઉપભોગવૃત્તિના ખ્યાલ દ્વારા વ્યાપાર ચક્રોનાં વળાંકબિંદુઓની સમજૂતી આપી શકાય છે. તેજીનો અંત આવવાનું એક કારણ એ પણ છે કે તેજીમાં સીમાંત ઉપભોગવૃત્તિ ખૂબ જ નીચી જતી રહી હોય છે. આનાથી ઊલટું, મંદીમાં અમુક કક્ષા પછીથી લોકો ઉપભોગ ઘટાડી શકતા નથી તેથી જ અર્થતંત્ર પુનઃસુધારણા તરફ વળે છે.
- કોઈ એક સમયે મૂડીરોકાણમાં થતા વધારાથી આવકમાં થતો વધારો સીમાંત ઉપભોગવૃત્તિના ખ્યાલ દ્વારા સમજાવી શકાય છે.

- આમ, ઉપભોગવૃત્તિના ખ્યાલનું મહત્ત્વ નીચે પ્રમાણે સમજાવી શકાય :

1. આ ખ્યાલ 'સે'ના બજાર નિયમ કે 'પુરવઠો સ્વંય પોતાની માંગ સર્જે છે' તેને ખોટો સાબિત કરે છે.
2. ટૂંકા ગાળામાં વપરાશવૃત્તિ સામાન્યતઃ એક સ્થિર ઘટના હોવાને લીધે આવક અને રોજગારીના સિદ્ધાંતમાં મૂડીરોકાણના મહત્ત્વ પ્રત્યે તે અંગુલિ નિર્દેશ કરે છે.
3. આ ખ્યાલ દ્વારા વેપાર ચક્રના વળાંક બિંદુઓની એક સંતોષકારક સમજૂતી આપી શકાય છે.
4. આ ખ્યાલની મદદથી ધનિક દેશોમાં લાંબે ગાળે અતિ બચતની ઘટના અને મૂડીની ઘટતી જતી સીમાન્ત કાર્યક્ષમતાની સમજૂતી આપી શકાય છે.

5. સીમાન્ત વપરાશવૃત્તિનો ખ્યાલ ગુણકના સિદ્ધાંતને સમજવામાં પણ ઉપયોગી નીવડે છે.

[3] મૂડીરોકાણ વિધેય (મૂડીની સીમાંત કાર્યક્ષમતા) [Investment Function]: (Marginal Efficiency of Capital]:

આગળ આપણે જોયું કે કેઈન્સના અસરકારક માંગના સિદ્ધાંતમાં,

- રોજગારી અને આવકનો આધાર વપરાશ તથા મૂડીરોકાણ પર રહેલો છે. આપણે એ પણ જોયું કે ટૂંકા ગાળામાં વપરાશવૃત્તિ સ્થિર રહે છે અને તે એકમ કરતાં ઓછી રહેવાનું વલણ ધરાવે છે.
- આથી અર્થતંત્રમાં રોજગારીના પ્રમાણનો આધાર વપરાશવૃત્તિ કરતાં મુખ્યત્વે મૂડીરોકાણ પર રહેલો છે. આ અર્થમાં કેઈન્સ રોજગારી વધારવા મૂડીરોકાણ વિધેય (investment function)ને એક વ્યૂહાત્મક પરિબળ તરીકે ગણે છે.
- મૂડીરોકાણનું વિધેય એ મૂડીની કાર્યક્ષમતા અને વ્યાજના દરના સંદર્ભમાં વિચારવામાં આવે છે. મૂડીની સીમાંત કાર્યક્ષમતા તથા વ્યાજના દરમાં થતા ફેરફારો મૂડીરોકાણના પ્રમાણમાં ફેરફારો લાવે છે. આમ, કોઈ એક સમયે થતું મૂડીરોકાણ એ મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા તથા વ્યાજના દરનું વિધેય છે.
- સૂત્રના સ્વરૂપમાં રજૂ કરીએ તો,

$$I = f(e * r)$$

અહીં,I = મૂડીરોકાણ, e = મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા, r = વ્યાજનો દર

[૩.૧] મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાનો ખ્યાલઃ

મૂડીરોકાણ નો અર્થ**:**

કેઈન્સના મત મુજબ મૂડીરોકાણ એટલે વાસ્તવિક મૂડીની અસ્ક્યામતોમાં થતો વધારો- જેમાં નવાં કારખાનાં, ઉદ્યોગો, પ્લાન્ટ, યંત્રસામગ્રી, રસ્તાઓ, વીજળીઘરો, પુલો વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રકારનું મૂડીરોકાણ અર્થતંત્રમાં રોજગારી તથા ઉત્પાદનમાં વૃદ્ધિ કરે છે;

જ્યારે બીજી તરફ શૅર, ડિબેન્ચર્સ, બોન્ડ, જામીનગીરીઓ વગેરેની ખરીદીમાં જે મૂડીરોકાણ કરવામાં આવે છે તે નાણાંકીય મૂડીરોકાણ તરીકે ઓળખાય છે અને તેનાથી રોજગારીમાં કોઈ વૃદ્ધિ થતી નથી**.**

અહીં, મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો વિચાર નાણાંકીય મૂડીરોકાણના સંદર્ભમાં નહિ પરંતુ વાસ્તવિક મૂડીરોકાણના સંદર્ભમાં કરવામાં આવે છે, કારણ કે આ મૂડીરોકાણ રોજગારીમાં વધારો કરે છે, એટલે કે, તે રોજગારી સર્જક હોય છે."

મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાનો ખ્યાલ સૌ પ્રથમ ઈર્વિંગ ફિશરે તેમના પુસ્તક "Theory of Interest "માં આપ્યો હતો. તેમણે આ ખ્યાલને "ખર્ચ કરતાં વધારાના વળતરનો દર" (rate of return over cost) તરીકે રજૂ કર્યો હતો.

કેઈન્સે અર્થતંત્રમાં રોજગારી અને આવકનું પ્રમાણ નક્કી કરનાર મુખ્ય પરિબળ તરીકે મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાનો ખ્યાલ રજૂ કર્યો છે.

મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાનો અર્થ**:**

મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા એટલે વધારાના એક એકમના મૂડીરોકાણ પર વળતરનો અપેક્ષિત દર.

પ્રો. ડીલાર્ડ જણાવે છે કે મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા નીચેનાં બે પરિબળો વચ્ચેનો ગુણોત્તર સૂચવે છે :

1. મૂડી સ્વરૂપની એક વધારાની અસ્ક્યામતના રોકાણમાંથી પ્રાપ્ત થતી આવક અથવા વળતર. દાખલા તરીકે, એક યંત્ર વસાવવામાં આવે તો તેમાંથી પ્રતિ વર્ષે જે આવક થાય તેનું પ્રમાણ.
2. આ યંત્ર અથવા મૂડી સ્વરૂપની અસ્ક્યામતની પુરવઠા કિંમત અથવા ખર્ચ. દાખલા તરીકે, પાંચ વર્ષ પછી ચાલુ યંત્ર ઘસાઈ જતાં નવું યંત્ર વસાવવા માટે જે ખર્ચ થાય તેને પુરવઠા કિંમત કહેવાય છે.

પ્રો. કુરીહારા નીચેના સૂત્રની મદદથી મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાની સમજૂતી આપે છે:

$$e = y / P$$

અહીં, e = મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા, y = મૂડીરોકાણમાંથી પ્રાપ્ત વળતરનો દર, P = પુરવઠા કિંમત

- મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા બે બાબતો પરથી નક્કી થાય છે :

1. મૂડીનું પુરવઠા-મૂલ્ય, એટલે કે ચાલુ મૂડીસાધનની જગાએ નવા મૂડીસાધન પાછળ રોકાણ કરતા આવતું ખર્ચ. (replacement cost).
2. મૂડીસાધનના આયુષ્યમાંથી મળનારા અપેક્ષિત વળતરોની શ્રેણી (series of prospective returns).

કેઈન્સના જણાવ્યા પ્રમાણે મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા એ એવો વટાવનો દર છે કે જેના દ્વારા મૂડીસાધનના વાર્ષિક અપેક્ષિત વળતરોની શ્રેણીના વર્તમાન મૂલ્યની બરાબર તેની પુરવઠા કિંમત થાય.

બીજા શબ્દોમાં કહીએ તો, મૂડીસાધનની પુરવઠા કિંમત જેટલી રકમં મૂડીસાધનના આયુષ્ય દરમિયાન પ્રાપ્ત થઈ શકે, તેટલા માટે જે દરે વાર્ષિક વળતર પ્રાપ્ત થવું જોઈએ તે દરને મૂડીની સીમાંત કાર્યક્ષમતા કહેવાય છે.

અર્થાત્ જો કોઈ યંત્ર બે વર્ષ ચાલે તેમ હોય તો પ્રથમ વર્ષ અને બીજા વર્ષના વળતરના દરનું કુલ મૂલ્ય યંત્રની પુરવઠા કિંમત જેટલું થવું જોઈએ. અહીં જે વાર્ષિક વળતરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે (discounted) એટલે કે વટાવેલું વળતર છે, અર્થાત્ યંત્ર જે કુલ પેદાશ (આવક) આપે, તેમાંથી ઘસારા ખર્ચ, નિભાવ ખર્ચ, કાચા માલનો ખર્ચ વગેરે ખર્ચ બાદ કર્યા પછી જે ચોખ્ખું વળતર રહે તેને ધ્યાનમાં લેવામાં આવે છે. તેને નીચે પ્રમાણે વ્યક્ત કરી શકાય :

પુરવઠા કિંમત = વટાવ કાપેલ (ચોખ્ખું) ભાવિ વળતરનું પ્રમાણ.

**Supply price = Discounted prospective yields**

આ રીતે મૂડીની સીમાંત કાર્યક્ષમતાની વ્યાખ્યા પરથી નીચે પ્રમાણેનું સમીકરણ રજૂ કરી શકાય :


$$S = \frac{Q_1}{(1+r)^1} + \frac{Q_2}{(1+r)^1} + \dots\dots\dots + \frac{Q_n}{(1+r)^1}$$

[૩.૨] મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા અને મૂડીરોકાણ :

અત્રે એ યાદ રાખવું જોઈએ કે મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા મૂડીરોકાણનાં પ્રમાણ સાથે સંકળાયેલી છે. કેઈન્સના જણાવ્યા પ્રમાણે જેમ જેમ મૂડીરોકાણ વધતું જાય છે તેમ તેમ મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા નીચી જાય છે. દાખલા તરીકે, કાપડ ઉદ્યોગમાં ખૂબ જ મૂડીરોકાણ થયેલું હોય તો વધારાના મૂડીરોકાણમાંથી ઊંચા વળતરની અપેક્ષા ટકી શકશે નહિ, આથી મૂડીની કાર્યક્ષમતા ઘટશે. આ માટે કેઈન્સ બે કારણો રજૂ કરે છે :

(૧) જે ક્ષેત્રે મૂડીરોકાણનું પ્રમાણ વધે છે તે ક્ષેત્રે ઉત્પાદન વધવાથી ભવિષ્યમાં વળતર ઘટવાની શક્યતા રહે છે કેમ કે ઉત્પાદન વધવાથી ભાવ ઘટશે, આથી વળતર ઘટશે.

(૨) જે પ્રકારનું મૂડીરોકાણ વધે છે તેની પુરવઠા કિંમત વધે છે. દા.ત., કાપડ ઉદ્યોગમાં મૂડીરોકાણ વધે તો તેમાં વપરાતાં યંત્રો વગેરેની કિંમત વધશે. ટૂંકમાં, મૂડીરોકાણ વધવાથી 'Y'માં થતા ઘટાડાને લીધે તથા X'માં થતા વધારાને લીધે 'E'માં ઘટાડો થાય છે. આકૃતિ દ્વારા નીચે પ્રમાણે સમજૂતી આપી શકાય :




- આકૃતિમાં દર્શાવ્યા મુજબ,

1. જ્યારે મૂડીરોકાણ OA જેટલું હોય છે ત્યારે મૂડીની સીમાંત કાર્યક્ષમતા OC જેટલી હોય છે.
2. પરંતુ મૂડીરોકાણ જ્યારે વધીને OE જેટલું થાય છે ત્યારે મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા OG જેટલી થાય છે.
3. BF બિંદુને જોડવાથી મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા દર્શાવતી રેખા પ્રાપ્ત થાય છે.
4. આમ મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાની રેખા જમણી બાજુએ નીચે ઢળતી (ઋણ ઢાળ) હોય છે.

મૂડીની કાર્યક્ષમતા ઘટતી અટકાવવા માટે નીચેનાં પગલાં સૂચવી શકાય**:**

1. કરવેરામાં ઘટાડો, વેપાર ઉદ્યોગ પર પ્રત્યક્ષ કરવેરા તથા પરોક્ષ કરવેરામાં ઘટાડો અને રાહતો આપીને મૂડીની સીમાન્ત કાર્યક્ષમતામાં થતો ઘટાડો અટકાવી શકાય.
2. વ્યાજના દરમાં ઘટાડો કરીને મૂડીરોકાણનું ખર્ચ ઘટાડી શકાય.
3. ભાવ-સહાયની નીતિ તથા સબસીડી આપીને પણ મૂડીરોકાણ માટે વિશ્વાસનું વાતાવરણ પેદા કરી શકાય.
4. વિવિધ ક્ષેત્રે સંશોધનો અને નવપ્રવર્તનો દ્વારા મૂડીરોકાણની નવી તકો ઊભી કરી શકાય કે તેમજ મૂડીની સીમાન્ત કાર્યક્ષમતામાં પણ વધારો કરી શકાય...


મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા, વ્યાજનો દર અને મૂડીરોકાણ :

1. સામાન્ય રીતે મૂડીરોકાણ વ્યાજના દર પર આધાર રાખે છે એમ માનવામાં આવે છે. પરંતુ કેઈન્સ જણાવે છે કે, "અર્થતંત્રમાં સર્જાતી કટોકટીની પરિસ્થિતિ માટે સામાન્ય રીતે વધતા જતા વ્યાજના દર નહિ પરંતુ ખરેખર તો મૂડીની સીમાન્ત કાર્યક્ષમતામાં થતો એકાએક ઘટાડો જવાબદાર હોય છે".
2. મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા મૂડીરોકાણમાંથી કેટલું વળતર પ્રાપ્ત થવાની સંભાવના છે તેનો ખ્યાલ આપે છે. બીજી બાજુ આ મૂડી ઉછીની લેવામાં કેટલો ખર્ચ થશે તેનો ખ્યાલ વ્યાજના દર દ્વારા આવે છે. આથી કોઈ પણ નિયોજક મૂડીરોકાણનો નિર્ણય કરતી વખતે મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા અને વ્યાજના દરને ધ્યાનમાં લે છે.

આથી એમ કહી શકાય કે મૂડી રોકાણ નું પ્રમાણ નીચે આપેલ પરીસ્થીઓ પર આદાર રાખે છે:

a. જ્યાં સુધી મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા વ્યાજના દર કરતાં વધુ હશે ત્યાં સુધી નિયોજક મૂડીરોકાણનું પ્રમાણ વધારતો જશે, દા.ત. વ્યાજનો દર ૧૫ ટકા હોય અને મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા ૨૮ ટકા હોય તો નિયોજકને મૂડીરોકાણ વધુ નફાકારક જણાશે કેમ કે ૧૫ ટકાના વ્યાજે મૂડી મળે છે. જ્યારે તેના રોકાણમાંથી ૨૦ ટકા વળતર મળવાની ધારણા છે. આ સંજોગોમાં જેમ જેમ મૂડીરોકાણ વધતું જશે તેમ તેમ મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા ઘટતી જશે. જ્યારે તે વ્યાજના દરની સમકક્ષ થશે ત્યારે મૂડીરોકાણમાં આવેલી તેજી અટકી જશે.
b. જો વ્યાજના દર કરતાં મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા ઓછી હોય (એટલે કે વ્યાજનો દર ૧૫ ટકા અને મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા ૧૦ ટકા હોય) તો મૂડીરોકાણ નુકસાનકારક બને છે. પરિણામે મૂડીરોકાણ ઘટશે; જેમ જેમ મૂડીરોકાણ ઘટતું જશે તેમ તેમ મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા વધતી જશે. અને લાંબે ગાળે આ અસમતુલા દૂર થશે. જ્યાં સુધી વ્યાજનો દર અને મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા વચ્ચે તફાવત હોય ત્યાં સુધી મૂડીરોકાણમાં ફેરફાર થયા કરે છે.
c. જ્યારે વ્યાજનો દર અને મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા સમાન થશે ત્યારે મૂડીરોકાણ સ્થિર બનશે અને સમતુલા સ્થપાશે.
d. ટૂંકા ગાળામાં વ્યાજનો દર સ્થિર રહે છે. આથી મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા જ અસરકારક પરિબળ બની જાય છે.

- નીચેની આકૃતિ દ્વારા આ હકીકતને વધુ સ્પષ્ટ કરી શકાય :




- આકૃતિમાં દર્શાવ્યા મુજબ,

1. જ્યારે OE મૂડીરોકાણ થાય છે ત્યારે વ્યાજનો દર EN અને મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા EF જેટલી છે. આથી મૂડીરોકાણ વધશે.
2. જ્યારે મૂડીરોકાણ OG જેટલું થાય છે ત્યારે મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા GK જેટલી અને વ્યાજનો દર GH જેટલો હોય છે એટલે કે KH જેટલો વધુ વ્યાજનો દર છે માટે મૂડીરોકાણ વધશે.
3. આમ જ્યાં સુધી વ્યાજનો દર અને મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા વચ્ચે તફાવત હોય છે ત્યાં સુધી મૂડીરોકાણ બદલાયા કરે છે.
4. માત્ર OB મૂડીરોકાણ થાય છે ત્યારે જ વ્યાજનો દર અને મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા બંને BC જેટલા હોય છે.
5. આથી અર્થતંત્રમાં OB જેટલું જ મૂડીરોકાણ થશે અને મૂડીબજાર સમતુલા પ્રાપ્ત કરશે.

([૩.૩] મૂડીની કાર્યક્ષમતા પર અસર કરતાં પરિબળો **:**

મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાને અસર કરતાં પરિબળો એ મૂડીરોકાણના પ્રમાણમાં થતા ફેરફારો અને તેને પરિણામે અર્થતંત્રમાં આવક, રોજગારી અને ઉત્પાદનમાં થતા ફેરફારો સાથે સંકળાયેલા હોય છે. આપણે એ પણ જાણીએ છીએ કે મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા મુખ્યત્વે મૂડી સાધનની પુરવઠા કિંમત અને વળતરના અપેક્ષિત દર પર આધાર રાખે છે. પ્રો. કેઈન્સના મત મુજબ, ટૂંકા ગાળામાં મૂડી સાધનની પુરવઠા કિંમત સ્થિર રહે છે કારણ કે ટૂંકા ગાળામાં તેને અસર કરતાં પરિબળો જેવાં કે ઉત્પાદનનાં સાધનોની કિંમત, ઉત્પાદન પદ્ધતિ, ઉદ્યોગોની પરિસ્થિતિ વગેરે સ્થિર રહે છે. આથી મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાને અસર કરતું મહત્ત્વનું પરિબળ વળતરનો અપેક્ષિત દર છે. આ દર કેટલો રહેશે તેનો આધાર યોજકોની ભવિષ્ય અંગે ટૂંકા ગાળા અને લાંબા ગાળાની ધારણાઓ પર રહેલો છે.

1. સમયની ટૂંકા ગાળાની ધારણાંઓ : ટૂંકા ગાળામાં ઉત્પાદનનાં સાધનોના ભાવ, ઉત્પાદન પદ્ધતિ, વસ્તીનું પ્રમાણ, લોકોની આવક, અભિરુચિ, ફેશન વગેરે પ્રમાણમાં સ્થિર હોય છે. વળી, ટૂંકા ગાળામાં યોજકો નવાં યંત્રો વસાવી શકતા નથી, જો કે સ્થાપિત ઉત્પાદન શક્તિનો વધુ કે પૂર્ણ ઉપયોગ કરી શકે છે. એ જ રીતે યોજકો તેમના ભૂતકાળના અનુભવ પરથી નજીકના ભવિષ્યની ધારણા અંગે અટકળો બાંધી શકે છે. આમ, ટૂંકા ગાળાની ધારણાંઓ પ્રમાણમાં સ્થિર રહેતી હોવાથી મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા નક્કી કરવામાં તે કોઈ મહત્ત્વના ફેરફારો નીપજાવતી નથી.
2. સમયની લાંબા ગાળાની ધારણાંઓ : પ્રો. કેઈન્સના મત મુજબ મૂડી અસ્ક્યામતમાંથી પ્રાપ્ત થનારી આવક કે વળતર અંગે યોજકની લાંબા ગાળાની ધારણાંઓ મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાને અસર કરતું મહત્ત્વનું પરિબળ છે. નુકસાન થવાની આશંકા મૂડીરોકાણ પ્રવૃત્તિને નિરુત્સાહી કરે છે, જ્યારે નફાની શક્યતા તેને પ્રોત્સાહિત કરે છે.

   લાંબે ગાળે ઉત્પાદનને લગતી સમગ્ર પરિસ્થિતિમાં ફેરફાર થઈ શકે છે. દાખલા તરીકે, નવી ઉત્પાદન પદ્ધતિ અપનાવી શકાય છે, ઉત્પાદનનાં સાધનોના પ્રમાણે તેમની કાર્યક્ષમતા, તેમના ભાવ વગેરેમાં પણ પરિવર્તન આવી શકે છે, એટલું જ નહિ પરંતુ યોજક તેના પ્લાન્ટનું વિસ્તરણ કરી શકે છે તેમ જ નવું મૂડીરોકાણ પણ કરી શકે છે. એ જ રીતે લાંબે ગાળે લોકોની આવક, રુચિ, ફેશન, ટેવ વગેરેમાં પરિવર્તન આવતાં માંગનું સ્વરૂપ પણ બદલાય છે. વળી, લાંબે ગાળે વસ્તીનું પ્રમાણ અને વયબંધારણમાં પણ ફેરફાર થાય છે. ટૂંકમાં, લાંબા ગાળાની ધારણાંઓ સ્થિર હોતી નથી અને તેમાં ફેરફાર થવાની પૂરેપૂરી સંભાવના હોય છે અને તેને પરિણામે વળતરના અપેક્ષિત દરમાં ફેરફાર થાય છે જે મૂડીની સીમાન્ત કાર્યક્ષમતામાં ફેરફાર લાવે છે.

લાંબા ગાળાની ધારણાંઓને અસર કરતાં મુખ્ય પરિબળો નીચે પ્રમાણે છે :

1. મૂડીસાધનોનો હયાત જથ્થો : મૂડી સાધનોના હયાત જથ્થાનું પ્રમાણ વધારે હશે તો મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા નીચી રહેશે કારણ કે મૂડી સાધનોના જથ્થાના વધુ પ્રમાણને લીધે મૂડીની સીમાન્ત ઉત્પાદક નીચી રહેશે તથા મૂડીના વધુ જથ્થાને લીધે તૈયાર ચીજ-વસ્તુઓનું ઉત્પાદન વધુ રહેશે; આથી આ ચીજવસ્તુઓના ભાવ નીચા રહેશે જેને લીધે મૂડી અસ્કયામતોનો અપેક્ષિત વળતર દર નીચો રહેવા પામશે.
2. મૂડીસાધનની આયુષ્ય મર્યાદા: યોજકે વસાવેલાં નવાં યંત્ર-સાધનો કેટલો સમય કામ આપશે તે અંગે ચોક્કસ અટકળ બાંધવી મુશ્કેલ છે. જો યંત્ર ૧૫ વર્ષને બદલે ૨૦ વર્ષ સુધી કામ આપે તો વળતરનો અપેક્ષિત દર વધશે અને તેથી મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધશે. પરંતુ ટેક્નોલૉજિકલ સંશોધનોને લીધે જો યંત્રસામગ્રી તેના આયુષ્ય પહેલાં જૂની થઈ જાય તો મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઘટશે.
3. યંત્રનો નિભાવખર્ચ: વર્તમાનમાં વસાવેલાં યંત્રનો ખર્ચ ભવિષ્યમાં કેટલો રહેશે તે પણ ચોક્કસ કહી શકાય નહિ. યંત્રની ચાલક શક્તિનો પુરવઠો, તેના ભાવ, ટેક્નિશિયનોની ઉપલબ્ધતા અને તેમના વેતનદર, યંત્રના છૂટા ભાગને લાગતો ઘસારો અને તેમને બદલવાનું ખર્ચ વગેરે બાબતો અંગે નિશ્ચિત આગાહી થઈ શકતી ન હોવાથી મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો ચોક્કસ અંદાજ કાઢી શકાતો નથી.
4. વેતનદરના ફેરફારો: વેતનદરમાં ભવિષ્યમાં કેવા ફેરફાર થશે તે અંગે ચોક્કસપણે કાંઈ કહી શકાય નહિ. વેતનદરમાં ઘટાડો થાય તો ઉત્પાદન ખર્ચ ઘટતાં અપેક્ષિત વળતરનો દર વધશે અને તેથી મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા પણ વધશે. પરંતુ બીજી તરફ વેતનદરમાં ઘટાડો થતાં શ્રમિકોની ખરીદશક્તિમાં ઘટાડો થશે જેને લીધે ચીજવસ્તુઓની માંગમાં ઘટાડો થતાં વળતરનો અપેક્ષિત દર ઘટશે અને તેથી મૂડીની સીમાન્ત કાર્યક્ષમતામાં ઘટાડો થશે.
5. વસ્તીના ફેરફારો: સમયના લાંબે ગાળે વસ્તીનું કદ, વય-બંધારણ વગેરેમાં ફેરફાર થાય છે જે ચીજવસ્તુઓની માંગના પ્રમાણ અને સ્વરૂપમાં ફેરફાર લાવી વળતરના અપેક્ષિત દરને અસર કરી મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાને અસર કરે છે.
6. નાણાંકીય અને રાજકોષીય નીતિ: સરકારની નાણાંકીય નીતિ અને રાજકોષીય નીતિ પણ સીમાન્ત કાર્યક્ષમતાને અસર કરે છે. દાખલા તરીકે, વ્યાજના દરમાં થતા ફેરફારો અથવા કરવેરા અને

જાહેરખર્ચમાં થતા ફેરફારો વળતરના અપેક્ષિત દરને અસર કરી મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાને પ્રભાવિત કરે છે.

7. બિનઆર્થિક પરિબળો : કેટલાંક બિનઆર્થિક પરિબળો, જેવાં કે રાજકીય પરિસ્થિતિમાં આવતા ફેરફારો, ચૂંટણી, યુદ્ધ, કુદરતી આફતો વગેરે પણ વળતરના અપેક્ષિત દરને અસર કરી મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાને અસર પહોંચાડે છે.

- ઉપરોક્ત ચર્ચા પરથી એવું તારણ કાઢી શકાય કે મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાને મુખ્યત્વે બે પરિબળો અસર કરે છે **:**

(૧) બાહ્ય પરિબળો

(૨) આંતરિક પરિબળો.

A. બાહ્ય પરિબળો : બાહ્ય પરિબળો એટલે મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાને બાહ્ય રીતે અસર કરતાં પરિબળો જેમાં મુખ્યત્વે નીચેનાં પરિબળોનો સમાવેશ થાય છે :

1. સંશોધન અને શોધખોળો
2. કુદરતી સાધનોનો પુરવઠો
3. સરકારની નાણાંકીય અને રાજકોષીય નીતિ
4. કુદરતી આફતો
5. વસ્તીનું કદ અને વયબંધારણ
6. વિદેશ વેપારની સ્થિતિ
7. રાજકીય પરિસ્થિતિ
8. યુદ્ધ વગેરે.

આ બાહ્ય પરિબળોને અંકુશિત કરવાનું યોજક માટે જો કે મુશ્કેલ છે પરંતુ તેમછતાં ટૂંકા ગાળામાં તે પ્રમાણમાં સ્થિર રહેતાં હોય છે.

B. આંતરિક પરિબળો: આ પરિબળો અર્થતંત્રની અંદરથી ઉદ્ભવતાં હોય છે અને તે પણ મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાને અસર કરે છે. આમાં નીચેનાં પરિબળોનો સમાવેશ થાય છે :

1. શૅરબજારની પ્રવૃત્તિઓ
2. ગ્રાહકોની માંગ
3. ઉત્પાદનનાં સાધનોની કિંમત,વિશેષ કરીને વેતનદરમાં થતા ફેરફાર
4. આવકની સપાટી
5. સ્થિર મૂડીનો જથ્થો, મૂડીસાધનની આયુષ્ય મર્યાદા અને મૂડીસાધનનો નિભાવ ખર્ચ.

આ આંતરિક પરિબળો અંકુશિત કરવાનું પ્રમાણમાં સરળ છે પરંતુ તેમાં ટૂંકા ગાળામાં પણ ફેરફાર થાય છે.

નિર્દેશ કરેલાં ઉપરોક્ત બાહ્ય અને આંતરિક પરિબળોને લીધે જો નફાની શક્યતા વધતી જણાય તો મૂડીની સીમાન્ત કાર્યક્ષમતામાં વધારો થતાં મૂડીરોકાણ પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે છે, બીજી તરફ જો આ પરિબળોમાં થતા ફેરફારોને લીધે નફાની શક્યતા ઓછી થતી જણાય તો મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા ઘટતાં મૂડીરોકાણ પ્રવૃત્તિ મંદ પડે છે.

[૩.૪] મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાના ખ્યાલની અગત્ય :

મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાના ખ્યાલ દ્વારા કેઈન્સે મૂડીવાદી આર્થિક પદ્ધતિના મૂડીરોકાણના પાસાંની ખૂબ જ વ્યવસ્થિત ચર્ચા કરી છે. આ ચર્ચામાંથી ઘણી બાબતો ફલિત થાય છે :

1. મૂડીરોકાણ વધતું જાય તે સાથે અર્થતંત્રમાં મૂડીસંચય વધવાથી નવા મૂડીરોકાણની તકો. ઓસરવા માંડે છે અને તેથી જ લાંબે ગાળે મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા નીચી જવાનું વલણ દાખવે છે. યુદ્ધ, વસ્તીની વૃદ્ધિ, ટેક્નાલૉજીનો વિકાસ ઇત્યાદિ પરિબળો સમયાંતરે મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાને ઉપર તરફ ખસેડી શકતાં હોવા છતાંય મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાનું નીચા જવાનું વલણ ચાલુ જ રહે છે. આ પ્રકારનું વિશ્લેષણ પરોક્ષ રીતે એવો નિર્દેશ કરે છે કે મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા નીચી જઈને એક એવી સપાટી પર પહોંચશે કે જ્યારે અર્થતંત્રમાં કાંઈ વધારાનું મૂડીરોકાણ જ ન થાય અને તેમાંથી આર્થિક સ્થગિતતા (stagnation) પેદા થાય.
2. વ્યાપારી અનુમાનોમાં આવતાં આકસ્મિક પરિવર્તનોથી મૂડીની સીમાન્ત કાર્યક્ષમતામાં પણ આકસ્મિક પરિવર્તનો આવે છે, આથી જ અતિશય ટૂંકા ગાળામાં તેમજ વ્યાપાર ચક્રની પ્રક્રિયામાં બદલાતી મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાથી પરિવર્તન પામતું મૂડીરોકાણ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે.
3. ખાનગી મૂડીરોકાણ મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા પર આધાર રાખતું હોવાથી મંદીમાં (અને અતિ લાંબે ગાળે) તેના ભરોસે રહેવાથી અર્થતંત્ર વિસ્તરણ કરી શકતું નથી. માટે સરકારે જ સમાજના કલ્યાણ અર્થે મૂડીરોકાણ માટેની જવાબદારી ઉપાડી લેવી જોઈએ. મંદીમાં મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા નીચી ખસી ગઈ હોય ત્યારે સરકારે જાહેર કાર્યો દ્વારા મૂડીરોકાણને વેગ આપીને પુનઃસુધારણા સર્જવી જોઈએ, અને લાંબા ગાળાને નજર સમક્ષ રાખીને ખાનગી મૂડીરોકાણ પર દેખરેખ રાખવી જોઈએ.
4. આમ, જો મૂડીની સીમાન્ત કાર્યક્ષમતામાં આવતાં પરિવર્તનો અને તેનું નીચા જવાનું વલણ મંદી જેવી પરિસ્થિતિ અને આર્થિક સ્થગિતતા તરફ લઈ જતાં હોય તો વર્તમાન મૂડીવાદી માળખામાં અનિયંત્રણવાદ (laissez faire) કામ આપી શકતો નથી. સરકારે જ સમગ્ર મૂડીરોકાણના કાર્યને પોતાના અંકુશ નીચે લાવીને રાષ્ટ્રીય આવકની સપાટીને પૂર્ણ રોજગારીની કક્ષા સુધી લઈ જવા પ્રયત્નો કરવા જોઈએ.

સ્વાધ્યાય

પ્ર. ૧. સીમાન્ત વપરાશવૃત્તિ એટલે શું? તેને અસર કરતાં પરિબળોની ચર્ચા કરો. મૂડીરોકાણના ગુણક સાથે તે કઈ રીતે સંબંધિત છે? જો મૂડીરોકાણ ગુણકનું મૂલ્ય ૫ હોય તો સીમાંત વપરાશવૃત્તિ અને સીમાન્ત બચતવૃત્તિ શોધો.

પ્ર. ૨. સીમાન્ત ઉપભોગવૃત્તિ સામાન્ય રીતે એકમ કરતાં ઓછી હોવાનું વલણ કેમ બતાવે છે? જો સીમાન્ત ઉપભોગવૃત્તિ ૪/૫ હોય તો ગુણકનું પારિમાણિક મૂલ્ય કેટલું હશે? એ જ રીતે જો સામાન્ય ઉપભોગવૃત્તિ એકમની બરાબર હોય તો ગુણકનું મૂલ્ય શું હશે?

પ્ર. ૩. ઉપભોગવૃત્તિ અને રોજગારી વચ્ચેનો સંબંધ જણાવો. ઉપભોગવૃત્તિના ખ્યાલ દ્વારા કેઈન્સ રોજગારીનો સિદ્ધાંત કઈ રીતે સમજાવે છે?

પ્ર. ૪. મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા એટલે શું? તેને અસર કરતાં પરિબળોની ચર્ચા કરો.

પ્ર. ૫. મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા અને વ્યાજનો દર મૂડીરોકાણના પ્રમાણને કઈ રીતે નક્કી કરે છે?

પ્ર. ૬. મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા ઘટતી જતી હોય તો તેને અટકાવવા માટે તમે કયા પગલાં સૂચવશો?

પ્ર. ૭. નીચેના પ્રશ્નોનો મુદ્દાસર જવાબ આપો :

(1) સીમાંત ઉપભોગવૃત્તિના મૂલ્ય અંગે કઈ કઈ ત્રણ શક્યતાઓ રહેલી છે ?

(II) ઉપભોગવૃત્તિ અને રોજગારી વચ્ચેનો સંબંધ સમજાવો.

(iii) ઉપભોગવૃત્તિના ખ્યાલનું મહત્ત્વ સમજાવો.

(iv) મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા ખ્યાલની અગત્ય જણાવો.

પ્ર. ૮. નીચેનાં વિધાનો સમજાવો:

(i) ઉપભોગ એ આવકનું વિધેય છે.

(11) ઉપભોગ અને ઉપભોગવૃત્તિ બંને એક જ ખ્યાલો નથી.

(111) સીમાન્ત ઉપભોગવૃત્તિ એકમ કરતાં ઓછી હોવાનું વલણ ધરાવે છે.

(iv) આવક વધતાં ઉપભોગ વધે છે પરંતુ ઉપભોગમાં થતો વધારો આવકમાં થતા વધારા કરતાં ઓછો હોય છે.

(v) મૂડીરોકાણનું પ્રમાણ અને મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

ટૂંકા પ્રશ્નો

પ્ર. ૧. વપરાશવૃત્તિ એટલે શું ? (એપ્રિલ, ૨૦૧૩)
વપરાશવૃત્તિ અથવા ઉપભોગવૃત્તિ એ આવક અને વપરાસ વચ્ચેનો સંબંધ દર્શાવે છે. પ્રો. કેઇન્સે તેમના રોજગારીના સિદ્ધાંતમાં વપરાશ વિધેયને ખૂબ જ વ્યવસ્થિત રીતે રજૂ કર્યું છે. અર્થતંત્રમાં ઉપભોગનું પ્રમાણ આવકથી નક્કી થાય છે. આવકમાં વધારો થતાં વપરાશમાં વધારો થાય છે અને આવકમાં ઘટાડો થતાં વપરાશમાં ઘટાડો થાય છે. આમ, આવક અને વપરાશ વચ્ચે સવળો સંબંધ છે. સૂત્રના ₹પમાં રજૂ કરીએ તો : c = f (y). જ્યાં c = વપરાશ અને y = આવકનો નિર્દેશ કરે છે, જ્યારે f = વિધેય સૂચવે છે. આમ, વપરાશ એ આવકનું વિધેય છે. અત્રે એ પણ યાદ રાખવું ઘટે કે વપરાશ અને વપરાશવૃત્તિ આ બન્ને એક ખ્યાલો નતી. વપરાશ એટલે આવકની ખર્ચનો નિર્દેશ કરે છે. વપરાશ પરિણામ દર્શાવે છે, જ્યારે વપરાશવૃત્તિ એ વપરાશ અને આવક વચ્ચેનો સંબંધ સૂચવતો ગુણોત્તર દર્શાવે છે.

પ્ર. ૨. ઉપભોગ અને ઉપભોગવૃત્તિ વચ્ચે શો તફાવત છે? (ઓકટોબર, ૨૦૧૬)
ઉપભોગ એટલે આવકની અમુક સપાટીએ વપરાશ પાછળ થતું ખર્ચ, જ્યારે ઉપભોગવૃત્તિ એ આવકની જુદી જુદી સપાટીએ વપરાશખર્ચનો નિર્દેશ કરે છે. ઉપભોગ પરિમાણ દર્શાવે છે, જ્યારે ઉપભોગવૃત્તિ એ ઉપભોગ અને આવક વચ્ચેનો સંબંધ સૂચવતો ગુણોત્તર દર્શાવે છે.

પ્ર. ૩. ઉપભોગ વિધેય શું છે?
ઉપભોગ એ આવકનું વિધેય છે જે એમ દર્શાવે છે કે વ્યક્તિની આવકમાં જેમ જેમ વધારો થાય છે તેમ તેમ તેનો વપરાશી ખર્ચ પણ વધે છે. પરંતુ અમુક બિંદુ પછી આવકમાં થતો વધારો વપરાશ ખર્ચમાં સપ્રમાણ વધારો લાવતો નથી. એ જ રીતે અમુક બિંદુ પછી આવકમાં થયેલો ઘટાડો સપ્રમાણ વપરાશ ઘટાડામાં પરિણમતો નથી.

પ્ર. ૪. સરેરાશ ઉપભોગવૃત્તિ અને સીમાન્ત ઉપભોગવૃત્તિ વચ્ચે શો તફાવત છે? અથવા

સરેરાશ વપરાશવૃત્તિ અને સીમાન્ત વપરાશવૃત્તિની વ્યાખ્યા આપો. (એપ્રિલ - ૨૦૦૪, ૨૦૦૫, માર્ચ/એપ્રિલ - ૨૦૧૮)
કોઈ એક નિશ્ચિત સમયે કુલ ઉપભોગ અને કુલ આવક વચ્ચેના ગુણોત્તરને સરેરાશ ઉપભોગવૃત્તિ કહેવામાં આવે છે. આમ,

સરેરાશ ઉપભોગવૃત્તિ = કુલ વપરાશ (C) કુલ આવક (y)

સીમાન્ત ઉપભોગવૃત્તિ એ આવકમાં થતા ફેરફારોને લીધે ઉપભોગમાં થતા ફેરફારોનું પ્રમાણ દર્શાવે છે.

સીમાન્ત ઉપભોગવૃત્તિ = વપરાશમાં થયેલ ફેરફાર આવકમાં થયેલ ફેરફાર

પ્ર. ૫. પ્રો. કેઈન્સે રજૂ કરેલ વપરાશવૃત્તિનો નિયમ દર્શાવો.

વપરાશવૃત્તિનો નિયમ અથવા વપરાશ વિધેયનો ખ્યાલ સર્વપ્રથમ પ્રો. કેઈન્સે ૧૯૩૬માં આપ્યો હતો. આ નિયમ આવક અને વપરાશ વચ્ચેનો સંબંધ દર્શાવે છે. કેઈન્સે તેમના રોજગારીના સિદ્ધાંતમાં વપરાશ વૃત્તિ અથવા વપરાશ વિધેયને ખૂબ જ વ્યવસ્થિત રીતે રજૂ કરેલ છે. અર્થતંત્રમાં વપરાશનું પ્રમાણ આવકથી નક્કી થાય છે. આવકમાં વધારો થતાં વપરાશમાં વધારો થાય છે અને અને આવકમાં ઘટાડો થતાં વપરાશમાં ઘટાડો થાય છે. આમ, આવક અને વપરાશ વચ્ચે સવળો સંબંધ છે. સૂત્રનાં રૂપમાં રજૂ કરીએ તો :

C = f (y) જ્યાં, C = વપરાશ અને y = આવકનો નિર્દેશ કરે છે. આમ, વપરાશ એ આવકનું વિધેય છે. આવકમાં વધારો થતાં વપરાશમાં વધારો થાય છે, એટલે કે જેમ જેમ આવક વધે છે તેમ તેમ વપરાશમાં વધારો થાય છે પરંતુ અમુક બિંદુ પછી આવકમાં થતો વધારો સપ્રમાણ વપરાશ વધારામાં પરિણમતો નથી. કેઈન્સે વપરાશવૃત્તિનો નિયમ સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે, “માનવ સ્વભાવના આપણા જ્ઞાન તથા અનુભવના આધારે આપણે તારવી શકીએ કે જ્યારે કુલ વાસ્તવિક આવક વધે છે ત્યારે વપરાશ ખર્ચ પણ વધે છે પરંતુ તેમાં આવકમાં થયેલા વધારા જેટલો વધારો થતો નથી”. આ મનોવૈજ્ઞાનિક વલણને વપરાશ વૃત્તિનો નિયમ કહેવાય છે. આમ, વપરાશ વૃત્તિનો ખ્યાલ આવક અને વપરાશ વચ્ચેનો સંબંધ દર્શાવે છે.

પ્ર. ૬. સીમાન્ત ઉપભોગવૃત્તિ એકમ કરતાં ઓછી હોવાનું વલણ શા માટે બતાવે છે ? (ઓકટોબર, ૨૦૧૪, એપ્રિલ, ૨૦૧૬) અથવા
શા માટે સીમાન્ત વપરાશ વૃત્તિ એકમ કરતાં ઓછી હોય છે ?

કેઈન્સના મત મુજબ સીમાન્ત ઉપભોગવૃત્તિ એકમ કરતાં ઓછી હોવાનું વલણ બતાવે છે. સામાન્ય સંજોગોમાં, જો અન્ય પરિબળો સ્થિર રહે તો આવક વધતાં સીમાન્ત ઉપભોગવૃત્તિ ઘટવાનું વલણ બતાવે છે. જેમ જેમ આવક વધે છે તેમ તેમ કુલ વપરાશ વધે છે પરંતુ વપરાશ વૃદ્ધિનો દર ઉત્તરોત્તર ઘટતો જાય છે.

પ્ર. ૭. શ્રીમંત વર્ગની ઉપભોગવૃત્તિ ગરીબ વર્ગ કરતાં શા માટે નીચી હોય છે? (એપ્રિલ - ૨૦૧૪)

શ્રીમંત વર્ગની ઉપભોગવૃત્તિ ગરીબ વર્ગ કરતાં નીચી હોય છે કારણ કે શ્રીમંત લોકોની મોટાભાગની જરૂરિયાતો સંતોષાઈ ગયેલી હોય છે, પરિણામે તેમની આવકનો પ્રમાણમાં ઓછો ભાગ વપરાશ પાછળ ખર્ચાય છે અને બાકીનો ભાગ બચતરૂપે રહે છે. બીજી તરફ, ગરીબ વર્ગની આવક ઓછી હોવાથી તેમની કેટલીક જરૂરિયાતો વણસંતોષાયેલી રહે છે અને તેથી તેમની આવકમાં વધારો થતાં તેનો મોટો હિસ્સો વપરાશ પાછળ ખર્ચાતો હોય છે. આમ તેમની વપરાશવૃત્તિ ઊંચી હોય છે.

પ્ર. ૮. ઉપભોગવૃત્તિને અસર કરતાં પરિબળોનો માત્ર નિર્દેશ કરો.

વપરાશવૃત્તિને અસર કરતાં પરિબળો (માર્ચ/એપ્રિલ - ૨૦૧૮)

ઉપભોગવૃત્તિને અસર કરતાં મુખ્ય બે પરિબળો છે : (૧) વ્યક્તિલક્ષી (૨) વસ્તુલક્ષી પરિબળો.
વ્યક્તિલક્ષી પરિબળોમાં માનસશાસ્ત્રીય પરિબળો અને સામાજિક પરિબળોનો સમાવેશ થાય છે, જ્યારે વસ્તુલક્ષી પરિબળોમાં ભાવસપાટીમાં થતા ફેરફારો, ભાવિ અંગેની ધારણામાં ફેરફાર, રાજકોષીય નીતિ, આવકની વહેંચણીનું માળખું, કંપનીઓની નાણાંકીય નીતિ, વર્તમાન આવક અને ભવિષ્યની આવક અંગેનું અનુમાન વગેરે પરિબળોનો સમાવેશ થાય છે.

પ્ર. ૯. મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા એટલે શું? (માર્ચ/એપ્રિલ - ૨૦૧૮)

મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા એટલે વધારાના એક એકમના મૂડીરોકાણ પર વળતરનો અપેક્ષિત દર. કેઈન્સના જણાવ્યા પ્રમાણે મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાને એવો વટાવનો દર છે જેના દ્વારા મૂડીસાધનના વાર્ષિક અપેક્ષિત વળતરોની શ્રેણીના વર્તમાન મૂલ્યની બરાબર તેની પુરવઠા કિંમત થાય. આમ, મૂડીસાધનની પુરવઠા કિંમત જેટલી રકમ મૂડીસાધનના આયુષ્ય દરમિયાન પ્રાપ્ત થઈ શકે તેટલા માટે જે દરે વાર્ષિક વળતર પ્રાપ્ત થવું જોઈએ તે દરને મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા કહેવાય છે.

પ્ર. ૧૦. મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા શા માટે ઘટતી હોય છે?

કેઈન્સના મત મુજબ જેમ જેમ મૂડીરોકાણ વધતું જાય છે તેમ તેમ મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા ઘટતી જાય છે કારણ કે (૧) જે ક્ષેત્રે મૂડીરોકાણનું પ્રમાણ વધે છે તે ક્ષેત્રે ઉત્પાદન વધવાથી ભવિષ્યમાં વળતર ઘટવાની શક્યતા રહે છે કારણ કે ઉત્પાદન વધતાં ભાવઘટાડાની અને તેને પરિણામે વળતર ઘટવાની શક્યતા રહે છે. (૨) જે પ્રકારનું મૂડીરોકાણ વધે છે તેની પુરવઠા કિંમત વધે છે જેને પરિણામે પણ વળતર ઘટવાની શક્યતા રહે છે. દાખલા તરીકે, કાપડ ઉદ્યોગમાં મૂડીરોકાણ વધે તો તેમાં વપરાતાં યંત્રો વગેરેની કિંમતમાં વધારો થતાં વળતર ઘટવાની શક્યતા રહે છે.

પ્ર. ૧૧. મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા ઘટતી અટકાવવા કયાં પગલાં લઈ શકાય?

મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા ઘટતી અટકાવવા માટે નીચેનાં પગલાં લઈ શકાય :

(૧) યંત્રવિદ્યાનો વિકાસ અને સંશોધનને પ્રોત્સ હન (૨) કરવેરામાં ઘટાડો (૩) વ્યાજના દરમાં ઘટાડો (૪) ભાવ-સહાયની નીતિ (૫) ઈજારાની નાબૂદી.

પ્ર. ૧૨. મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાને અસર કરતાં પરિબળોનો માત્ર નિર્દેશ જ કરો.

મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાને અસર કરતાં મુખ્ય પરિબળો નીચે પ્રમાણે છે :

(૧) મૂડીનાં સાધનોનો હયાત જથ્થો (૨) મૂડી સાધનની આયુષ્ય મર્યાદા (૩) યંત્રોનો નિભાવ ખર્ચ (૪) ટેક્નોલૉજિકલ પ્રગતિ અને સંશોધન (૫) સરકારની નાણાંકીય, રાજકોષીય અને વેપાર નીતિ (૬) ઉત્પાદનનાં સાધનોની કિંમત (ખાસ કરીને વેતનદર)માં થતાં ફેરફાર (૭) આવકની સપાટી (૮) શૅરબજારના પ્રવાહો (૯) વસ્તીમાં થતા ફેરફારો (૧૦) કુદરતી આફતો (૧૧) રાજકીય પરિસ્થિતિ.

પ્ર. ૧૩. સરેરાશ બચતવૃત્તિ અને સીમાન્ત બચતવૃત્તિ એટલે શું ? (એપ્રિલ - ૨૦૧૧, એપ્રિલ - ૨૦૧૫, એપ્રિલ - ૨૦૧૭, માર્ચ/એપ્રિલ - ૨૦૧૭)
સરેરાશ બચતવૃત્તિ એટલે કુલ બચત અને કુલ આવક વચ્ચેનો ગુણોત્તર (ratio) એટલે કે, સરેરાશ બચતવૃત્તિ એ કુલ બચત અને કુલ આવક વચ્ચેનું પ્રમાણ દર્શાવે છે. દાખલા તરીકે, જો બચત માટે S સંજ્ઞાનો ઉપયોગ કરીએ અને આવક Y સંજ્ઞાનો ઉપયોગ કરીએ તોઃ

સરેરાશ બચતવૃત્તિ = કુલ બચત \ કુલ આવક = S / Y

દાખલા તરીકે, જો આવક ₹. ૫૦૦ હોય અને બચત ₹. ૧૦૦ હોય તો સરેરાશ બચતવૃત્તિ = S \ Y = ૧૦૦ \ ૫૦૦ = 1/5 .

આમ, સરેરાશ બચતવૃત્તિ ૧/૫ એટલે કે ૨૦ ટકા છે. સીમાન્ત બચતવૃત્તિ એ આવકમાં થતાં ફેરફારને લીધે બચતમાં થતાં ફેરફારનું પ્રમાણ દર્શાવે છે. આવકમાં થતાં વધારાની સાથે બચતમાં પણ વધારો થાય છે અને આવક ઘટતાં બચતમાં ઘટાડો થાય છે. આમ બચતમાં વધારો અને આવકમાં વધારા વચ્ચેનો ગુણોત્તર સીમાન્ત બચતવૃત્તિ દર્શાવે છે. દાખલા તરીકે, જો ₹. ૫૦૦ની આવક હોય ત્યારે બચત ₹ ૧૦૦ જેટલી છે. હવે ધારો કે આવક વધીને ₹. ૧૦૦૦ થાય છે બચતનું પ્રમાણ વધીને ₹ ૩૦૦ જેટલું થાય છે. અહીં આવકમાં ₹. ૫૦૦નો વધારો થાય છે, જ્યારે બચતમાં ₹ ૨૦૦નો વધારો થાય છે.

આમ, સીમાન્ત બચતવૃત્તિ = બચતમાં થયેલો ફેરફાર \ આવકમાં થયેલો ફેરફાર ΔS \ ΔY , ૨૦૦ / ૫૦૦ = ૦.૪

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો

દ્વિતીય વર્ષ બી.કોમ. : સેમેસ્ટર - ૪

પ્ર. ૧. ટૂંકનોંધ લખો મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા (એપ્રિલ - ૨૦૧૩)

પ્ર. ૨. સરેરાશ વપરાશવૃત્તિ અને સીમાન્ત વપરાશવૃત્તિના ખ્યાલો આકૃતિ અને ઉદાહરણ સહિત સમજાવો. વપરાશવૃત્તિને અસર કરતાં પરિબળો ચર્ચો.(ઓકટો., ૨૦૧૩)

પ્ર. ૩. મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા એટલે શું? મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા વ્યાજનો દર અને મૂડીરોકાણ વચ્ચેનો સંબંધ ચર્ચો. (ઓકટોબર - ૨૦૧૩, ઓકટોબર - ૨૦૧૪)

પ્ર. ૪. વપરાશવૃત્તિનું મહત્ત્વ સમજાવો. (એપ્રિલ - ૨૦૧૪, ઓકટોબર - ૨૦૧૬)
પ્ર. ૫. ટૂંકનોંધ લખો : મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા, વ્યાજનો દર અને મૂડીરોકાણ વચ્ચેનો સંબંધ સમજાવો. (એપ્રિલ - ૨૦૧૪)

પ્ર. ૬. મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા એટલે શું? તેને અસર કરતાં પરિબળો સમજાવો. (એપ્રિલ - ૨૦૧૪)

પ્ર. ૭. વપરાશવૃત્તિ અને બચતવૃત્તિના ખ્યાલો સમજાવી વપરાશવૃત્તિને અસર કરતાં પરિબળોની ચર્ચા કરો. (ઓકટોબર - ૨૦૧૪)

પ્ર. ૮. ટૂંક નોંધ લખોઃ મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાને અસર કરતાં પરિબળો. (એપ્રિલ - ૨૦૧૫)

પ્ર. ૯. મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા, મૂડીરોકાણ અને વ્યાજના દર વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો અને મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાને અસર કરતાં પરિબળો ચર્ચો. (એપ્રિલ - ૨૦૧૬, માર્ચ/એપ્રિલ - ૨૦૧૮)

પ્ર. ૧૦. મૂડીની સીમાન્ત કાર્યક્ષમતાને અસર કરતાં પરિબળો વર્ણવો. (ઓક્ટોબર - ૨૦૧૬)

પ્ર. ૧૧. મૂડીની સીમાન્ય કાર્યક્ષમતા એટલે શું? મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા અને મૂડીરોકાણ વચ્ચેનો સંબંધ સમજાવો. (એપ્રિલ - ૨૦૧૭)

પ્ર. ૧૨. સરેરાશ વૃતિતને અસર કરતાં પરિબળો જણાવો. (માર્ચ/એપ્રિલ - ૨૦૧૮)

પ્ર. ૧૩. મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને વ્યાજનો દર સમજાવો (માર્ચ/એપ્રિલ - ૨૦૧૮)

## રોકડ ગુનાકનો ખ્યાલ: કહાણ અને કેય્નેસ ગતીવ્ર્ધન નો સિધ્ધાંત

- ગુણકનો સિદ્ધાંત : (The Theory of Multiplier):

આગળ આપણે જોઈ ગયા કે આવક અને વપરાશ વચ્ચે ચોક્કસ સંબંધ છે. એ જ રીતે કેઈન્સે જણાવ્યું છે તેમ મૂડીરોકાણ અને આવક વચ્ચે પણ ચોક્કસ સંબંધ છે. મૂડીરોકાણ અને આવક વચ્ચેના સંબંધને કેઈન્સ ગુણકના ખ્યાલ દ્વારા રજૂ કરે છે અને આ ખ્યાલને પોતાના રોજગારીના સિદ્ધાંતના એક મહત્ત્વના અંગ તરીકે સ્વીકારે છે.

ગુણકનો ખ્યાલ કેઈન્સે મૂડીરોકાણના સંદર્ભમાં રજૂ કર્યો તે પહેલાં ૧૯૩૧માં પ્રો. આર. એફ. કહાને ગુણકના ખ્યાલને ખૂબ જ વ્યવસ્થિત રીતે રોજગારીના સંદર્ભમાં રજૂ કર્યો હતો. આથી પહેલાં આપણે પ્રો. કહાનના રોજગારી-ગુણક(employment multiplier)ની ચર્ચા કરીશું.
ટૂંકમાં,

- એફ. એ. કહાન: રોજગારી ગુણક → 1931 → મૂડીરોકાણ અને રોજગારી
- જે**.**એમ**.**કેઇન્સે**:** મૂડીરોકાણ ગુણક (Investment Multiplier) → આવક ગુણક (Income Multiplier)

### ગુણકની મર્યાદાઓ**:**

1. વપરાશી ચીજવસ્તુઓની અછત
2. મૂડીરોકાણ જાળવવાવું જોઈએ
3. મૂડીરોકાણમાં ચોખ્ખો વધારો
4. પ્રેરિત વપરાશમાંથી મૂડીરોકાણ થતું નથી.
5. સીમાંત વપરાશ વૃત્તિ સ્થિર છે 6.સમયનો વિલંબ થતો નથી.

### ગુણકના બહિસ્ત્રાવો

1. દેવાની ચૂકવણી
2. નાણાંનો સંગ્રહ

3. આયાતો
4. કરવેરાની નીતિ
5. ફુગાવો
6. બચતવૃત્તિ
7. 

- **પ્રો. કહાનનો રોજગારી-ગુણક :**

પ્રો. કહાનનો રોજગારી-ગુણક એમ દર્શાવે છે કે અર્થતંત્રમાં જ્યારે નવું મૂડીરોકાણ કરવામાં આવે છે ત્યારે જે ઉદ્યોગોમાં આ મૂડીરોકાણ થાય છે તેમાં નવી રોજગારી પેદા થાય છે. રોજગારીમાં થયેલ આ વધારાને પ્રાથમિક રોજગારી (primary employment) તરીકે ઓળખવામાં આવે છે. પ્રાથમિક રોજગારીમાં થયેલા વધારાને લીધે અન્ય ક્ષેત્રોમાં પણ રોજગારીનું પ્રમાણ વધે છે જેને આનુષંગિક રોજગારી (secondary employment) કહેવામાં આવે છે.
રોજગારીમાં થતા પ્રાથમિક વધારા અને તેને લીધે કુલ રોજગારીમાં થતા વધારાનું પ્રમાણ રોજગારીના ગુણકના ખ્યાલથી જાણી શકાય છે. દાખલા તરીકે, રૂ. ૫૦,૦૦૦નું મૂડીરોકાણ કરવાથી ધારો કે ૧૦૦ નવા કામદારોને રોજગારી મેળે છે, તો રોજગારીમાં થયેલો ૧૦૦નો વધારો પ્રાથમિક રોજગારી કહેવાશે. હવે જ્યારે આ ૧૦૦ નવા કામદારોને આવક પ્રાપ્ત થાય છે અને જ્યારે તેઓ તે આવકનો ખર્ચ કરે છે ત્યારે વપરાશી ચીજવસ્તુઓની માંગમાં વધારો થાય છે, પરિણામે આ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગોમાં મૂડીરોકાણ વધતા ત્યાં પણ રોજગારીમાં વધારો થાય છે. આ રોજગારીમાં વધારો થતાં આવક અને માંગમાં ફરી વધારો થાય છે જેને લીધે કરી મૂડીરોકાણ વધતાં રોજગારી [ વર્ષે છે. આ રીતે પ્રાથમિક રોજગારીમાં ૧૦૦ના વધારાને પરિણામે જો અર્થતંત્રમાં કુલ રોજગારીના પ્રમાણમાં ૫૦૦ જેટલો વધારો થાય તો રોજગારીના ગુણકનું મૂલ્ય પાંચ છે એમ કહેવાય.

સૂત્રમાં લખીએ તો :

$$\Delta N \setminus \Delta N_2 = K$$

જ્યાં $\Delta N$ = કુલ રોજગારીમાં ફેરફાર, $\Delta N_2$ = પ્રાથમિક રોજગારીમાં ફેરફાર, K = રોજગારી ગુણક

- આપણા ઉદાહરણમાં :

૫૦૦ કામદારો \ ૧૦૦ કામદારો = ૫ = રોજગારીના ગુણકનું મૂલ્ય

- **કેઈન્સનો ગુણકનો સિદ્ધાંત :**

કેઈન્સે ગુણકનો ખ્યાલ મૂડીરોકાણ અને આવક વચ્ચે રહેલા સંબંધને અનુલક્ષીને રજૂ કર્યો છે.

ગુણકનો સિદ્ધાંત દર્શાવે છે કે પ્રારંભિક આવક અનેકગણી આનુષંગિક આવકોમાં પરિણમે છે. અર્થતંત્રમાં મૂડીરોકાણનું પ્રમાણ વધવાથી નવી આવકોનું સર્જન થાય છે.

મૂડીરોકાણ ના ગુણાંક નો અર્થ: મૂડીરોકાણમાં થયેલા આ વધારા અને તેને પરિણામે કુલ આવકમાં થયેલા વધારાના ગુણોત્તરને મૂડીરોકાણના ગુણક (Investment multiplier) તરીકે ઓળખવામાં આવે છે.
બીજા શબ્દોમાં કહીએ તો, ગુણક એ મૂડીરોકાણમાં થયેલા ફેરફારથી ફેરફાર પામેલી આવક વચ્ચેનો ગુણોત્તર છે,

વ્યાખ્યા*:*
જ્યારે સીમાંત વપરાશ વૃત્તિ આપેલી હોય અને સ્થિર હોય ત્યારે અર્થતંત્રમાં કુલ મૂડીરોકાણમાં વધારો થવાથી જે દરે કુલ આવકમાં વધારો થાય છે તેને ગુણક કહે છે*.*

ગુણકનું ગાણિતિક સૂત્ર નીચે મુજબ આપી શકાય:

$$K(\text{ગુણક}) = \frac{\text{આવકમાં થતો ફેરફાર}}{\text{મૂડીરોકાણમાં થતો ફેરફાર}} = \frac{\Delta Y}{\Delta I}$$

માટે,

$$\Delta I = K\ (\Delta Y)$$

આમ, મૂડીરોકાણમાં જેટલો વધારે થશે તેના કરતા K ગણો વધારો કુલ આવકમાં થશે.

ઉદાહરણ

- પ્રારંભિક મૂડીરોકાણ = ₹ 100 કરોડ = ΔI
- કુલ આવકનું સર્જન = ₹ 300 કરોડ = ΔY

**∴ K = ΔY/ΔI = 300/100 = 3**

અર્થતંત્રમાં પ્રારંભિક મૂડીરોકાણને કારણે કુલ આવકમાં ત્રણ ગણો વધારો થાય છે.

ગુણકનું ગાણિતિક સૂત્ર નીચે મુજબ છે:

$$K = \frac{\Delta Y}{\Delta I}$$

હવે, ΔY = ΔC + ΔI

માટે, ΔY – ΔC = ΔI

માટે,

$$K = \frac{\Delta Y}{\Delta I} = \frac{\Delta Y}{\Delta Y - \Delta C}$$

ઉપરના સમીકરણને ΔY વડે ભાગતા,

$$K = \frac{\frac{\Delta Y}{\Delta Y}}{\frac{\Delta Y}{\Delta Y} - \frac{\Delta C}{\Delta Y}} = \frac{1}{1 - MPC}$$

આમ,

$$K = \frac{1}{1 - \text{સીમાંત વપરાશ વૃત્તિ}}$$

હવે, MPC + MPS = 1

આથી, MPC = 1 – MPS

માટે,

$$K = \frac{1}{MPS} = \frac{1}{\text{સીમાંત બચત વૃત્તિ}}$$

સીમાન્ત ઉપભોગવૃત્તિ અને ગુણક વચ્ચે સીધો સંબંધ હોય છે, એટલે કે, સીમાન્ત ઉપભોગવૃત્તિ વધારે હોય તો ગુણકનું મૂલ્ય પણ વધુ હશે. આ જ હકીકતને બીજી રીતે પણ રજુ કરીને એમ કહી શકાય કે ગુણક તથા સીમાન્ત બચતવૃત્તિ વચ્ચે વ્યસ્ત (ઊલટો) સંબંધ છે. સીમાન્ત બચતવૃત્તિ વધુ હોય તો ગુણક ઓછો હશે અને સીમાન્ત બચતવૃત્તિ ઓછી હોય તો ગુણક વધુ હશે.

- જો MPC = 0 થાય તો K = 1 પરંતુ તે શકી નથી.
- જો MPC = 1 હોય યો K = ∞ (અનંત)
- પરંતુ MPC 0 કે 1 હોય જ નહીં અને આથી ગુણકનું મૂલ્ય હંમેશા 1 થી વધુ અને અનંત થી ઓછું હોય. એટલે કે, **1 < K <** ∞.

આપણે એક ઉદાહરણ લઈને ગુણકની કાર્યપદ્ધતિ સમજીએ.

માની લો કે અર્થતંત્રમાં ૧૦૦૦ રૂપિયાનું નવું મૂડીરોકાણ કરવામાં આવે છે અને લોકોની સીમાન્ત વપરાશવૃત્તિ ૮/૧૦ છે. વધારામાં, કેઈન્સની માફક આપણે એ પણ ધારણા કરીએ કે સીમાન્ત વપરાશવૃત્તિ સ્થિર રહે છે. હવે, જેવું ૧૦૦૦ રૂપિયાનું નવું મૂડીરોકાણ થાય તે સાથે જ, ઉત્પાદનનાં સાધનોની તેટલા જ પ્રમાણમાં આવક વધતાં, પ્રાથમિક તબક્કામાં ૧૦૦૦ રૂપિયાની આવક વધે છે. આ વધેલી આવકમાંથી ૮/૧૦ પ્રમાણે લોકો ઉપભોગ કરે છે માટે ૮૦૦ રૂપિયાનો ઉપભોગ વધતાં દુકાનદારોની ૮૦૦ રૂપિયાની આવક વધે છે. આ વધારાની ૮૦૦ રૂપિયાની આવકમાંથી ફરીથી ૮/૧૦ પ્રમાણે ઉપભોગ વધતાં ૬૪૦ રૂપિયાની આવક વધે છે. આ વધેલી આવકમાંથી ફરીથી ૮/૧૦ પ્રમાણે ઉપભોગ વધતાં ૫૧૨ રૂપિયાની આવક વધે છે-આમ દરેક તબક્કે વધારાનો ઉપભોગ ઘટતો જાય છે. અંતે જ્યારે વધારાના મૂડીરોકાણ બરાબર જ વધારાની બચત થાય ત્યારે ગુણકની પૂરી અસર પછીથી આ પ્રક્રિયાનો અંત આવે છે. આપણા ઉદાહરણ પ્રમાણે, ૧૦૦૦ રૂપિયાના નવા મૂડીરોકાણથી આવકમાં ૫૦૦૦ રૂપિયાનો વધારો થાય છે. આ માહિતીને નીચે પ્રમાણે ટેબલમાં રજૂ કરી શકાય :


| તબક્કો | DI | DC | DY | DS |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૦૦ | – | ૧૦૦૦ | – |
| ૨ | – | ૮૦૦ | ૮૦૦ | ૨૦૦ |
| ૩ | – | ૬૪૦ | ૬૪૦ | ૧૬૦ |
| ૪ | – | ૫૧૨ | ૫૧૨ | ૧૨૮ |
| વગેરે | – | વગેરે | વગેરે | વગેરે |
| વગેરે | – | વગેરે | વગેરે | વગેરે |
| **કુલ અસંખ્ય** | **૧૦૦૦** | **૪૦૦૦** | **૫૦૦૦** | **૧૦૦૦** |

આ પ્રક્રિયાને અંતે, $\Delta I = \Delta S =$ ૧૦૦૦

સૂત્ર પ્રમાણે,

$$\textbf{K}\ \text{ગુણક} = \frac{૧}{૧ - \text{સીમાન્ત વપરાશવૃત્તિ}}$$

આમ, આપણા ઉદાહરણમાં ગુણકનું મૂલ્ય છે. આ હકીકતને આકૃતિ દ્વારા નીચ પ્રમાણે સમજાવી શકાય.




આકૃતિ પ્રમાણે, અર્થતંત્ર શરૂઆતમાં E બિંદુએ સમતુલા પર હોય છે. વધારાના મૂડીરોકાણથી (DI) $E_1$ બિંદુએ ફરીથી સમતુલા સ્થપાય છે કે જ્યાં ૪૫° રેખાને C+IDI રેખા છેદે છે. નવી સમતુલામાં મૂળ આવકમાં ૫,૦૦૦ રૂપિયાનો ઉમેરો (Y + 5000) થાય છે. આ આકૃતિમાં, મૂડીરોકાણમાં વધારો થવાની સાથે જ એકદમ (instantaneous) આવકમાં વધારો થાય છે. કેઈન્સે પોતે પણ આ રીતે જ વિશ્લેષણ કર્યું છે કે જેમાં, પ્રાથમિક કે આનુષંગિક અસરોના તબક્કાઓ પાડ્યા વગર જ ફેરફાર થતો હોય.

આપણા ઉદાહરણમાં સીમાન્ત ઉપભોગવૃત્તિ ૮/૧૦ હોવાથી ગુણકનું મૂલ્ય ૫ છે. પરંતુ જો સીમાન્ત ઉપભોગવૃત્તિ શૂન્ય હોત તો ગુણકનું મૂલ્ય એક હોત, સીમાન્ત ઉપભોગવૃત્તિ એક હોત તો ગુણકનું મૂલ્ય અસંખ્ય હોત. આમ સીમાન્ત ઉપભોગવૃત્તિ અને ગુણકના મૂલ્ય વચ્ચે સવળો સંબંધ છે. (સામાન્ય રીતે સીમાન્ત ઉપભોગવૃત્તિ શૂન્ય કરતાં વધારે અને એકમ કરતાં ઓછી હોય છે.)

[૪] ગુણક સિદ્ધાંતની મર્યાદાઓ અથવા ગુણકના બહિસ્ત્રાવો (Leakages of Multiplier)

ગુણકના સિદ્ધાંતના અભ્યાસ પરથી એમ માની શકાય કે અર્થતંત્રને ગહનતામાંથી સ્વસ્થ બનાવવામાં કોઈ સંસ્થા અગર વ્યક્તિ શરૂઆતમાં અમુક ખર્ચ કરે તો આપોઆપ જ તેની આનુષંગિક અસરો સમગ્ર અર્થતંત્રમાં ઉત્તરોત્તર નવા આવકોના સર્જનમાં પરિણમશે અને એ રીતે રોજગારી અને આવક બંનેનો વિકાસ સ્વયંસાધિત બની જાય. સૈદ્ધાંતિક દૃષ્ટિએ આવી માન્યતામાં જરૂર તથ્ય સમાયેલું છે પરંતુ ગુણકના સિદ્ધાંતમાં પરિણામો મેળવવામાં કેટલીક મુશ્કેલીઓ રહેલી છે.

કેઈન્સના વિશ્લેષણમાં મૂડીરોકાણમાં વધારો થવાની સાથે જ ગુણકની તમામ અસરો એકીસાથે જ થવાથી તરત જ આવકમાં વધારો થાય છે, પરંતુ વાસ્તવમાં આનુષંગિક અસરો પેદા થવા માટે સમયના અનેક તબક્કાઓ (timelags) લાંબો ગાળો માગી લેતા હોય છે. નવી આવકોનું જે પ્રમાણ નવા વપરાશ ખર્ચ પાછળ કરાય છે તે જો ચાલુ રહે તો ગુણકની અસરો ચોક્કસ રીતે માપી શકાય.

આમ ગુણકનો પ્રભાવ સમાજની સીમાન્ત વપરાશવૃત્તિ (અથવા બીજી રીતે કહીએ તો બચતવૃત્તિ)થી અંકાય છે. પરંતુ ઘણી વખત આવકોનું સર્જન વણથંભ્યે ચાલ્યા કરતું નથી. નવી આવકોના પ્રવાહને મજબૂત કરવાને બદલે તેને નબળો બનાવી દેનારા સંજોગો ઊભા થાય ત્યારે આવકનો એકધારો પ્રવાહ સતત ચાલુ રહેતો નથી. કેટલાક કારણોને લીધે આવક પ્રવાહનો બહિસ્રાવ થઈ જાય છે, આવા બહિસાવો (leakages) આવકના પ્રવાહને નબળો બનાવી દે છે. આ બહિસ્રાવો નીચે પ્રમાણે છે :

- ગુણકના બહિસ્ત્રવો

1. આયાત પરનું ખર્ચ : વપરાશનો અમુક ભાગ જો આયાત કરેલી ચીજો પર વપરાતો હોય તો રાષ્ટ્રીય આવકના પ્રવાહમાં તેટલે અંશે હ્રાસ થાય છે. આયાતી ચીજો ઉપર વપરાતી આવક રાષ્ટ્રીય નહિ પરંતુ પરરાષ્ટ્રીય આવકમાં વધારો કરે છે.
2. પાછલા દેવાની પતાવટ : જો નવી આવકોનો મોટો ભાગ પાછલું દેવું ચૂકતે કરવામાં વપરાતો હોય અને લેણદાર વર્ગ ધનિક હોવાથી તેની સીમાન્ત વપરાશવૃત્તિ ઘણી ઓછી હોય તો નવી આવકોમાં નોંધપાત્ર વધારો થઈ શકે નહિ.
3. ભાવવૃદ્ધિ: જો વપરાશ ખર્ચના વધારા સાથે ભાવોમાં વધારો થતો હોય તો તેટલે અંશે વાસ્તવિક આવક વધી શકે નહીં; માત્ર : નાણાંકીય આવકૃમાં જ વધારો થાય. નાણાંકીય ખર્ચ વધે છે, પરંતુ વસ્તુઓ ઊંચા ભાવોથી ખરીદાતી હોય છે, એટલે રોજગારીની દ્રષ્ટિએ આવક પ્રવાહમાંથી એક પ્રકારનો બહિસ્સાવ થાય છે.
4. બચત થાપણો: વધેલી આવકનો અમુક ભાગ બેંકની થાપણોના સ્વરૂપમાં બચત તરીકે રાખવામાં આવે તો તેટલે અંશે વપરાશ વધે નહિ અને ગુણકની અસર મંદ પડે.
5. શેરની ખરીદી : નવી આવકોનો કેટલોક ભાગ જૂની જામીનગીરીઓ અને શૅર ખરીદવા ઉપયોગમાં લેવામાં આવે અને જેમની પાસે આ નાણું આવે તે વર્ગ તેનો વપરાશમાં ઉપયોગ કરે નહિ તો તેટલા અંશે બહિસ્સાવ થાય છે.
6. જ્યારે ઉત્પાદનનાં સાધનો અફેરફારક્ષમ હોય ત્યારે વધારાના મૂડીરોકાણથી ઉત્પાદનનાં સાધનોની કિંમતમાં વધારો થાય છે, પરંતુ રોજગારી કે ઉત્પાદનમાં વધારો થઈ શકતો નથી. આ સંજોગોમાં ગુણકની કાર્યપદ્ધતિ દ્વારા વાસ્તવિક આવકમાં વધારો કરી શકાતો નથી.
7. કેઈન્સ એમ માને છે કે સરકારે પોતે જ મૂડીરોકાણ કરીને અપૂર્ણ રોજગારી પરથી પૂર્ણ રોજગારી લાવવી જોઈએ. તેમના મત પ્રમાણે સરકારી મૂડીરોકાણથી ગુણકના મૂલ્ય પ્રમાણે આવકમાં અનેકગણો વધારો થશે, પરંતુ જો સરકારી મૂડીરોકાણ ખાનગી મૂડીરોકાણને ઘટાડી નાખે તો ગુણકની ધારેલી અસર ઊપજી શકતી નથી.

સ્વાધ્યાય

પ્ર. ૧. સીમાન્ત વપરાશવૃત્તિ એટલે શું? તેને અસર કરતાં પરિબળોની ચર્ચા કરી.. મૂડીરોકાણના ગુણક સાથે તે કઈ રીતે સંબંધિત છે? જો મૂડીરોકાણ ગુણકનું મૂલ્ય ૫ હોય તો સીમાંત વપરાશવૃત્તિ અને સીમાન્ત બચતવૃત્તિ શોધો.

પ્ર. ૨. સીમાન્ત ઉપભોગવૃત્તિ સામાન્ય રીતે એકમ કરતાં ઓછી હોવાનું વલણ કેમ બતાવે છે? જો સીમાન્ત ઉપભોગવૃત્તિ ૪/૫ હોય તો ગુણકનું પારિમાણિક મૂલ્ય કેટલું હશે? એ જ રીતે જો સામાન્ય ઉપભોગવૃત્તિ એકમની બરાબર હોય તો ગુણકનું મૂલ્ય શું હશે?

પ્ર. ૩. કેઈન્સના મૂડીરોકાણના ગુણકના ખ્યાલની તેની સઘળી મર્યાદાઓ સહિત ચર્ચા કરો. ગુણકનું મૂલ્ય તમે કઈ રીતે માપશો? જો સીમાન્ત બચતવૃત્તિ ૦.૪ હોય તો ગુણકનું પારિમાણિક મૂલ્ય કેટલું હશે? એ જ રીતે જો સીમાન્ત બચતવૃત્તિ એકમની બરાબર હોય તો ગુણકનું મૂલ્ય કેટલું હશે?

પ્ર. ૪. મૂડીરોકાણ ગુણક એટલે શું? તેની કઈ કઈ મર્યાદાઓ છે?

પ્ર. ૫. ગુણકના બહિસાવો કયા કયા છે?

પ્ર. ૬. નીચેના પ્રશ્નોનો મુદ્દાસર જવાબ આપો:

(૧) કુહાનના રોજગારી-ગુણક પર એક નોંધ લખો.

(૨) રોજગારીની સપાટી નક્કી કરવામાં મૂડીરોકાણ-ગુણકનો સિદ્ધાંત સમજાવો.

(૩) રોજગારી ગુણક અને મૂડીરોકાણ ગુણક વચ્ચેનો સંબંધ સમજાવો.

પ્ર.૭. નીચેનાં વિધાનો સમજાવો :

(૧) ગુણકનો આધાર સીમાન્ત ઉપભોગવૃત્તિ પર છે.

(૨) ગુણક એ આવક-સર્જનની પ્રક્રિયાનો નિર્દેશ કરે છે.

(૩) સીમાન્ત વપરાશવૃત્તિ અને ગુણક વચ્ચે સમસંબંધ છે.

(૪) સીમાન્ત બચતવૃત્તિ અને ગુણક વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

ટૂંકા પ્રશ્નો

પ્ર. ૧. કેઈન્સનો ગુણકનો ખ્યાલ સમજાવો. અથવા મૂડીરોકાણ ગુણક એટલે શું? (ઓકટો., ૨૦૦૨, એપ્રિલ, ૨૦૦૭, ૨૦૧૩)
કેઈન્સનો ગુણકનો ખ્યાલ મૂડીરોકાણ અને આવક વચ્ચેનો સંબંધ રજૂ કરીને દર્શાવે છે કે પ્રારંભિક આવક અનેકગણી આનુષંગિક આવકોમાં પરિણમે છે. અર્થતંત્રમાં મૂડીરોકાણનું પ્રમાણ વધવાથી નવી આવકોનું સર્જન થાય છે, મૂડીરોકાણમાં થયેલા આ વધારા અને તેને પરિણામે કુલ આવકમાં થયેલા વધારાના ગુણોત્તરને મૂડીરોકાણ ગુણક કહેવામાં આવે છે. ટૂંકમાં ગુણક એ મૂડીરોકાણમાં થયેલા ફેરફાર અને તેને લીધે આવકમાં થયેલા ફેરફાર એ બે વચ્ચેનો ગુણોત્તર છે.

પ્ર. ૨. જો સીમાન્ત વપરાશવૃત્તિ અને સીમાન્ત બચતવૃત્તિ આપેલી હોય તો ગુણકનું મૂલ્ય કઈ રીતે શોધાશે?

જો સીમાન્ત વપરાશવૃત્તિ આપેલી હોય તો ગુણકનું મૂલ્ય નીચેના સૂત્રથી શોધી શકાય :

$$\textbf{K} \text{ ગુણક} = \frac{\text{૧}}{\text{૧} - \text{સીમાન્ત વપરાશવૃત્તિ}}$$

જો સીમાન્ત બચતવૃત્તિ આપેલી હોય તો ગુણકનું મૂલ્ય નીચેના સૂત્રથી શોધી શકાય :

$$\textbf{K} \text{ ગુણક} = \frac{\text{૧}}{\text{સીમાન્ત બચતવૃત્તિ}}$$

(અત્રે એ નોંધવું ઘટે કે ૧ = સીમાન્ત વપરાશવૃત્તિ = સીમાન્ત બચતવૃત્તિ)

પ્ર.3 જો સીમાન્ત વપરાશવૃત્તિ 3/૪ જેટલી હોય તો સૂત્રની મદદથી મૂડીરોકાણ ગુણકનાં મૂલ્યની ગણતરી કરો. (એપ્રિલ, ૨૦૧૧)

**K** ગુણક **=** ૧ **(** ૧ **–** સીમાન્ત વપરાશવૃત્તિ**)**

**K** ગુણક **=** ૧ **(** ૧ **–** 3/૪ **) =** ૪

પ. ૪. ગુણકના બહિસ્ત્રાવોનો માત્ર નિર્દેશ કરો. અથવા ગુણકના બહિસ્ત્રાવો કયા કયા છે?

ગુણકના મુખ્ય બહિસ્રાવો નીચે પ્રમાણે છે :

1. આયાત પરનું ખર્ચ
2. પાછલા દેવાની પતાવટ
3. ભાવવૃદ્ધિ
4. બચત થાપણો
5. શૅરની ખરીદી
6. ઉત્પાદનનાં સાધનોની ફેરફારક્ષમતા

પ્ર. ૫. ઘટતી જતી મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા અટકાવવી અનિવાર્ય છે ? કેવી રીતે ?

ઘટતી જતી મૂડીની સીમાન્ય કાર્યક્ષમતા અટકાવવી અનિવાર્ય છે, કારણ કે મૂડીની સીમાન્ત કાર્યક્ષમતામાં જો ઘટાડો થતો રહેતો હોય તો અર્થતંત્રમાં મૂડીરોકાણનું પ્રમાણ પણ ઘટતું રહેશે. જેની વિપરીત અસર રોજગારી અને આવક ઉપર પડશે. આથી મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા ઘટતી અટકાવવા પગલાં લેવાં જરૂરી છે. આ માટે નીચેનાં પગલાં લઈ શકાય:

1. યંત્રવિદ્યા (ટેકનોલોજી)નો વિકાસ અને સંશોધનને પ્રોત્સાહન
2. કરવેરામાં ઘટાડો
3. વ્યાજના દરમાં ઘટાડો
4. ભાવ-સહાયની નીતિ
5. ઈજારાની નાબૂદી.

પ્ર. ૬. સીમાન્ત બચતવૃત્તિ અને ગુણક વચ્ચેનો વ્યસ્ત સંબંધ તમે કઈ રીતે સમજાવશો ? (એપ્રિલ - ૨૦૧૦, ઓકટોબર - ૨૦૧૬)

સીમાન્ત બચત વૃત્તિ અને ગુણક વચ્ચે વ્યસ્ત સંબંધ છે. સીમાન્ત બચતવૃત્તિ વધુ હોય તો ગુણકનું મૂલ્ય ઓછું હશે અને સીમાન્ત બચતવૃત્તિ ઓછી હોય તો ગુણકનું મૂલ્ય વધુ હશે. આમ, ગુણક એ સીમાન્ત બચતવૃત્તિનું ઊલટું સ્વરૂપ છે.

દાખલા તરીકે, જો સીમાન્ત બચત વૃત્તિ ૧/૧૦ હોય તો ગુણકનું મૂલ્ય ૧૦ હશે અને જો તે ૧/3 હોય તો ગુણકનું મૂલ્ય 3 હશે. આ માટે નીચેના સૂત્રનો ઉપયોગ કરી શકાય.

K = 1/S અહીં, K = ગુણક અને S = સીમાન્ત બચતવૃત્તિ.

ઉપરના દાખલા મુજબ :

K = 1/(1/10) = 10 અને K = 1/1/3 = 3

પ્ર. ૭. મૂડીરોકાણ ગુણકની વ્યાખ્યા સૂત્ર સહિત આપો. (ઓકટોબર - ૨૦૧૪)

અર્થતંત્રમાં મૂડીરોકાણનું પ્રમાણ વધવાથી નવી આવકોનું સર્જન થાય છે. મૂડીરોકાણમાં થયેલા આ વધારા અને તેને પરિણામે કુલ આવકમાં થયેલા વધારાના ગુણોત્તરને મૂડીરોકાણ ગુણક તરીકે ઓળખવામાં આવે છે. અત્રે એ નોંધવું ઘટે કે ગુણકનો આધાર સીમાન્ત ઉપભોગવૃત્તિ પર રહેલો છે. ધારો કે, નવી આવકોનો અડધો ભાગ સમાજ વપરાશ પાછળ ખર્ચે છે, એટલે કે સીમાન્ત વપરાશવૃત્તિ ૧/૨ છે. હવે જો સીમાન્ત વપરાશવૃત્તિ ૧/૨ હોય તો પ્રારંભિક આવક તેનાથી બમણી આવકમાં પરિણમશે અને ગુણકનું સંખ્યાબળ બે (૨) જેટલું રહેશે. સૂત્ર દ્વારા નીચે પ્રમાણે રજૂ કરી શકાય :

**K = 1/(1 - m)**

અહીં, K = ગુણક અને m = સીમાન્ત વપરાશવૃત્તિ

આમ**, K= 1/(1 - 1/2) = 2**

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો

દ્વિતીય વર્ષ બી.કોમ. : સેમેસ્ટર - ૪

પ્ર. ૧. 'ગુણક એ મૂડીરોકાણ અને આવકમાં થયેલા ફેરફારનો ગુણોત્તર છે' - સમજાવો. (એપ્રિલ - ૨૦૧૩)

પ્ર. ૨. ટૂંકનોંધ લખો: ગતિવર્ધનનો સિદ્ધાંત (એપ્રિલ - ૨૦૧૩)

પ્ર. 3. (અ) ગુણકના બહિસ્રાવો વિગતવાર સમજાવો.

(બ) ગતિવર્ધનનો સિદ્ધાંત તેની મર્યાદાઓ સહિત સમજાવો. (ઓકટો. - ૨૦૧૩)

પ્ર. ૪. ગતિવર્ધનના સિદ્ધાંતની સમજૂતી આપો. (એપ્રિલ - ૨૦૧૪)

પ્ર. ૫. ગુણકનો સિદ્ધાંત સમજાવો. (એપ્રિલ - ૨૦૧૪)

પ્ર. ૬. આવક સર્જનની પ્રક્રિયા મૂડીરોકાણ ગુણકના ખ્યાલ દ્વારા સમજાવો. (ઓકટોબર - ૨૦૧૪)

પ્ર. ૭. મૂડીરોકાણ ગુણકના ખ્યાલની ઉદાહરણ સહિત સમજૂતી આપી ગુણકના બહિસ્રાવોની વિગતવાર ચર્ચા કરો. (એપ્રિલ - ૨૦૧૫)

પ્ર. ૮. મૂડીરોકાણ ગુણક એટલે શું? ઉદાહરણ સહિત સમજાવી તેના બહિસ્ત્રાવોની ચર્ચા કરો. (ઓકટોબર - ૨૦૧૫)

પ્ર. ૯. ગુણકની મદદથી અનેકગણી આવકસર્જનની પ્રક્રિયા સમજાવી ગુણકના બહિસ્રાવો જણાવો. (એપ્રિલ - ૨૦૧૬)

પ્ર. ૧૦. ગુણકના બહિસાવો સમજાવો. (ઓકટોબર - ૨૦૧૬, માર્ચ/એપ્રિલ - ૨૦૧૮)

પ્ર. ૧૧. ટૂંકનોંધ લખો : મૂડીરોકાણ ગુણકના બહિસ્રાવો.(એપ્રિલ - ૨૦૧૭,માર્ચ/એપ્રિલ - ૨૦૧૭)

પ્ર. ૧૨. ગુણકની મર્યાદાઓ સમજાવો. (માર્ચ/એપ્રિલ - ૨૦૧૮)